વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થી માટે અત્યંત ઉપયોગી સાપ્તાહિક

# વર્તમાન પ્રવાહો

**NOVEMBER E-COPY**

**01/11/2022 to 30/11/2022**












વિશ્વની સૌથી ઊંચી ભગવાન શિવની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું.

Innovations for You coffee table બુકની ચોથી આવૃત્તિ લોન્ચ કરવામાં આવી

53મો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના નું વિકેન્દ્રીકરણ

પેજ નં. 08
POSOCOનું નામ બદલીને ગ્રીડ કંટ્રોલર ઓફ ઈન્ડિયા લિમિટેડ રાખવામાં આવ્યું

પેજ નં. 20
વડોદરામાં એરફોર્સ માટે C-295 ટ્રાન્સપોર્ટ એરક્રાફટનું ઉત્પાદન કરવામાં આવશે.

પેજ નં. 38
BHIM App open-source license modelની જાહેરાત

GPSC-I/II | GPSC-III | નાયબ મામલતદાર
PSI-ASI | CONSTABLE | તલાટી | બિન સચિવાલય
BANK | SBI | IBPS | SSC | RAILWAY

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)

# અનુક્રમણિકા


| ક્રમ | મુદ્દાઓ | પાના નંબર |
|---|---|---|
| | **મહિનાના મુખ્ય મુદ્દાઓ :** | |
| 1 | શિક્ષણ મંત્રાલય દ્વારા બાળકોના શિક્ષણ માટે National Curriculum Framework (NCF) લોન્ચ કરવામાં આવ્યું. | 5 |
| 2 | આરોગ્ય વીમા કવરેજને વિસ્તારવા માટે સમિતિની રચના કરવામાં આવી. | 5 |
| 3 | ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓના મૂલ્યાંકન અને માન્યતાને મજબૂત બનાવવા માટે એક પેનલની રચના કરવામાં આવી | 6 |
| 4 | COP-27માં International Drought Resilience Alliance (IDRA) લોન્ચ કરવામાં આવ્યું | 7 |
| 5 | India Infrastructure Project Development Fund Scheme (IIPDF) માટે નાણાકીય સહાય જાહેર | 7 |
| 6 | Innovations for You coffee table બુકની ચોથી આવૃત્તિ લોન્ચ કરવામાં આવી | 8 |
| 7 | POSOCOનું નામ બદલીને ગ્રીડ કંટ્રોલર ઓફ ઈન્ડિયા લિમિટેડ રાખવામાં આવ્યું | 8 |
| 8 | કેન્દ્ર સરકારે આધારના નિયમોમાં સુધારો કર્યો | 9 |
| 9 | નાના અને અપરિપક્વ બાળકોના જીવનમાં સુધારો કરવા માટે WHO માર્ગદર્શિકા | 9 |
| 10 | બલીયાત્રાનો ગીનીસ વર્લ્ડ રેકોર્ડમાં સમાવેશ | 9 |
| 11 | ભારતીય રાજ્યો પર વર્ષ 2021-22ના આંકડાઓની હેન્ડબુક જાહેર | 10 |
| 12 | ટીવી ચેનલો માટે નવા નિયમો જાહેર કરવામાં આવ્યા. | 10 |
| | **આંતરરાજ્ય** | |
| 13 | કાશી (વારાણસી) અને તમિલનાડુ બંધનને મજબૂત કરવા માટે કાશી–તમિલ સંગમ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. | 12 |
| 14 | ઓડિશા રાજ્ય સરકાર દ્વારા કોમન ક્રેડિટ પોર્ટલ 'safal' લોન્ચ કરવામાં આવ્યો. | 12 |
| 15 | સારસ ફૂડ ફેસ્ટિવલ 2022 નું આયોજન | 13 |
| 16 | ઉત્તર ભારતના સૌથી મોટા હાઈપર સ્કેલ ડેટા સેન્ટર–યોટા D1નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. | 13 |
| 17 | વિશ્વ વિખ્યાત 'પુષ્કરના મેળા' નો રાજસ્થાનમાં પ્રારંભ | 13 |
| 18 | કેરળ રાજ્ય સરકાર દ્વારા DIGITAL RESURVEY OF LAND લોન્ચ કરવામાં આવ્યુ | 14 |
| 19 | Invest Karnataka Summit– 2022 નું આયોજન | 14 |
| 20 | ભારતનો પ્રથમ Floating Financial Literacy Camp નું આયોજન | 15 |
| 21 | વિશ્વની સૌથી ઊંચી ભગવાન શિવની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું. | 15 |
| 22 | રાષ્ટ્રીય આદિવાસી નૃત્ય ઉત્સવ 2022 નું આયોજન | 16 |
| 23 | ગોવા મેરીટાઈમ સિમ્પોઝિયમ (GMS) 2022 | 16 |
| 24 | Jaga Mission નો અમલ કરવા માટે એક સમજૂતી કરાર | 16 |
| 25 | Tokhu Emong Bird Count (TEBC) ની પ્રથમ આવૃત્તિનું આયોજન | 17 |
| 26 | વડાપ્રધાન દ્વારા 'માનગઢ ધામની ગૌર ગાથા' અંતર્ગત વિવિધ પ્રોજેકટોનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. | 17 |
| 27 | વડાપ્રધાન દ્વારા નાદપ્રભુ કેમ્પેગૌડાની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું. | 18 |
| 28 | 'ઈટ રાઈટ સ્ટેશન' સર્ટિફિકેશન | 18 |
| | **ગુજરાત** | |
| 29 | ગુજરાતમાં રહેતા અફઘાનિસ્તાન, પાકિસ્તાન, બાંગ્લાદેશ લઘુમતીઓને નાગરિકતા માટેની મંજુરી | 19 |

| | | |
|---|---|---|
| 30 | વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ Mission Life શરૂ કર્યુ | 19 |
| 31 | વડોદરામાં એરફોર્સ માટે C-295 ટ્રાન્સપોર્ટ એરક્રાફટનું ઉત્પાદન કરવામાં આવશે. | 20 |
| 32 | ગિરનારની લીલી પરિક્રમા | 20 |
| 33 | ગુજરાતમાં 15મી વિધાનસભા ચૂંટણીની જાહેરાત | 21 |
| 34 | સોમનાથનો કાર્તિકી પૂર્ણિમાનો લોકમેળો | 21 |
| | **રિપોર્ટ અને ઈન્ડેક્સ** | |
| 35 | State Food and Agruculture Report 2022 જાહેર | 23 |
| 36 | State of the Global Climate in 2022 Report જાહેર | 23 |
| 37 | Global Gender Wealth Equity report 2022 જાહેર | 24 |
| 38 | The Adaptation Gap Report(AGR) 2022 જાહેર | 25 |
| 39 | Unified District Information System for Education plus (UDISE+) Report જાહેર | 25 |
| 40 | પર્ફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ (PGI) 2020-2021 જાહેર | 26 |
| 41 | ગૃહ મંત્રાલય દ્વારા Mother Tongue Survey of india પૂર્ણ કરવામાં આવ્યા | 26 |
| 42 | Dynamic Ground Water Resource Assessment, 2022 જાહેર | 27 |
| 43 | QS Asia University Rankings 2023 | 27 |
| | **આંતરરાષ્ટ્રીય** | |
| 44 | ભારત અને યુરોપિયન યુનિયન (EU) વચ્ચે સ્થળાંતર અને ગતિશીલતા પર ઉચ્ચ સ્તરીય સંવાદનું આયોજન | 29 |
| 45 | બ્રાઝિલના નવા રાષ્ટ્રપતિ તરીકે 'Lula Da Silva' | 29 |
| 46 | શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) કાઉન્સિલની વડાઓના બેઠકનું આયોજન | 29 |
| 47 | સ્વિત્ઝર્લેન્ડમાં વિશ્વની સૌથી લાંબી પેસેન્જર ટ્રેન શરૂ | 30 |
| 48 | ગોવામાં 53મો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા યોજાશે. | 30 |
| 49 | આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળો | 31 |
| 50 | બાલીમાં G20 સમિટ યોજાઈ | 31 |
| 51 | Just Energy Transition Partnership (JETP) લોન્ચ | 32 |
| 52 | ભારત દ્વારા વર્લ્ડ ટ્રાવેલ માર્કેટ એક્ઝિબિશનમાં ભાગ લેવામાં આવ્યો. | 32 |
| | **અર્થવ્યવસ્થા** | |
| 53 | મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના નું વિકેન્દ્રીકરણ | 33 |
| 54 | કેન્દ્રિય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા Transport 4 All Challenge નું સ્ટેજ 2 લોન્ચ કરવામાં આવ્યું | 33 |
| 55 | આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર વૈશ્વિક ભાગીદારી | 34 |
| 56 | ભારતનો પ્રથમ મલ્ટી–મોડલ લોજિસ્ટિક પાર્ક (MMLP) ચેન્નાઈમાં બાંધવામાં આવશે. | 34 |
| | **યોજના, પોર્ટલ અને એપ્લિકેશન** | |
| 57 | સ્વદેશ દર્શન 2.0 યોજના પ્રથમ તબક્કાની શરૂઆત કરવામાં આવી | 36 |
| 58 | દિલ્હી સમૃદ્ધિ યોજનાની શરૂઆત | 36 |
| 59 | Nutrient Based Subsidy Rates (NBS) ને મંજુરી આપવામાં આવી | 37 |
| 60 | ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમમાં સુધારો | 37 |
| 61 | સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ 2023 ટૂલકીટ લોન્ચ | 38 |
| 62 | BHIM App open-source license modelની જાહેરાત | 38 |
| 63 | SVAMITVA યોજના પર નિષ્ણાત સમિતિનો રીપોર્ટ જાહેર | 39 |
| 64 | UK–India Young Professionals યોજનાની જાહેરાત | 39 |

| | | |
|---|---|---|
| | **પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી** | |
| 65 | યુ.એસ. (US) ના ફ્લોરિડામાં કેનેડી સ્પેસ સેન્ટરથી ફાલ્કન હેવી રોકેટ લોન્ચ કરવામાં આવ્યું | 40 |
| 66 | તરાઈ હાથી અભયારણ્ય : ઉત્તરપ્રદેશ | 40 |
| 67 | તિઆંગોંગ સ્પેસ સ્ટેશનનું છેલ્લુ મોડયુલ લોન્ચ કરવામાં આવ્યું | 40 |
| 68 | ફંગલ ચેપની પ્રથમ સૂચિ જાહેર | 41 |
| 69 | ભારતનું પ્રથમ સર્વોચ્ચ ગ્રીન બોન્ડ ફ્રેમવર્ક જાહેર | 41 |
| 70 | તમિલનાડુના 17 માં વન્યજીવ અભયારણ્ય તરીકે કાવેરી દક્ષિણ વન્યજીવ અભયારણ્ય જાહેર | 41 |
| 71 | E-Waste (Management) Rules, 2022 પર નોટીફીકેશન જાહેર | 42 |
| 72 | નેશનલ બાયો એનર્જી પ્રોગ્રામના અમલીકરણની જાહેરાત | 42 |
| 73 | Kerala Technology Transfer Scheme લોન્ચ | 43 |
| 74 | Mangrove Alliance for Climate (MAC) લોન્ચ કરવામાં આવ્યું. | 43 |
| 75 | India–Mozambique–Tanzania Trilateral Exercise (IMT TRILAT) ની પ્રથમ આવૃત્તિ આયોજન | 44 |
| 76 | Indian Biological Data Center (IBDC)ની સ્થાપના | 44 |
| 77 | ભારતનું પ્રથમ ખાનગી રીતે વિકસિત રોકેટ લોન્ચ | 45 |
| 78 | ગૂગલનું 1,000 ભાષાનું AI મોડલ | 45 |
| 79 | Artemis 1નું સફળતાપૂર્વક પરીક્ષણ | 46 |
| 80 | Type 1 Diabetes ને અટકાવમાં માટેની પ્રથમ દવાને મંજુરી | 46 |
| 81 | DRDO દ્વારા બેલેસ્ટિક મિસાઈલ ઈન્ટરસેપ્ટર AD-1 નું સફળ પરિક્ષણ | 47 |
| 82 | RISAT-2 ઉપગ્રહ અનિયંત્રિત થતા પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ કર્યો. | 47 |
| 83 | ISROના “Launch Vehical Mark 3 (LVM 3)” એ 36 ઉપગ્રહોને લોન્ચ કર્યા | 47 |
| 84 | ભારત અને ફ્રાન્સની વાયુસેના વચ્ચે ગરૂડ VII કવાયત હાથ ધરવામાં આવી. | 48 |
| | **રમત–જગત, નિમણૂક, વ્યકિત, પુસ્તક અને નિધન** | |
| 85 | BCCI પુરુષ અને મહિલા ક્રિકેટરો સમાન વેતન આપશે. | 49 |
| 86 | સેવા સંસ્થાના સ્થાપક શ્રીમતી ઈલાબેન ભટ્ટનું નિધન | 49 |
| 87 | વર્લ્ડ પઝલ ચેમ્પિયનશિપ | 50 |
| 88 | ફૂટબોલ 4 શાળા પહેલ | 50 |
| 89 | ગુજરાતી સાહિત્યકાર મોહમ્મદ માંકડનું નિધન | 51 |
| 90 | ICC T-20 વર્લ્ડ કપ 2022માં ઈંગ્લેન્ડ ચેમ્પિયન | 51 |
| 91 | પ્રથમ મહિલા નિદેર્શક તરીકે ડૉ. જી. હેમાપ્રભાને ICAR – SBI ના નિર્દેશક તરીકે નિમણૂંક | 52 |
| 92 | FICCI ના નવા અધ્યક્ષ તરીકે સુભ્રકાંત પાંડાની નિમણૂક | 52 |
| 93 | CRPF દ્વારા 2 મહિલા કેડર અધિકારીઓને IG તરીકે નિમણૂક કરવામાં આવી | 53 |
| 94 | વિવેક જોશીને નાણાકીય સેવા વિભાગના સચિવ તરીકે નિમણૂક | 53 |
| 95 | ડૉ. સી. આનંદરામ ક્રિષ્ણને NIIST ના ડિરેકટર તરીકે નિયુકત કરવામાં આવ્યો. | 53 |
| 96 | સી.વી. આંનદ બોસની પશ્ચિમ બંગાળના ગર્વનર તરીકે નિમણૂક | 54 |
| 97 | ભારતના 22મા કાયદા પંચના અધ્યક્ષ તરીકે રીતુરાજ અવસ્થીની નિમણૂક | 54 |
| 98 | ભારતની સુપ્રીમ કોર્ટના 50મા મુખ્ય ન્યાયાધીશ તરીકે ડી.વાય.ચંદ્રચુડના શપથ | 55 |
| | **એવોર્ડ અને પુરસ્કાર** | |
| 99 | નેશનલ જીઓલોજી એવોર્ડસ – 2022 | 56 |
| 100 | લક્ષ્મી ભંડાર યોજનાને SKOCH 2022 એવોર્ડ મળ્યો | 56 |

| | | |
|---|---|---|
| 101 | National Sport Award-2022 ની જાહેરાત કરવામાં આવી | 57 |
| 102 | મૌલાના અબુલ કલામ આઝાદ ટ્રોફી – 2022 એનાયત | 57 |
| 103 | ગાંધી મંડેલા પુરસ્કાર – 2022 | 57 |
| | **મહત્વના દિવસો** | |
| 104 | ઈન્ડિયા – સ્વીડન ઈનોવેશન ડે 2022 | 58 |
| 105 | સતર્કતા જાગૃતિ સપ્તાહ 2022 | 58 |
| 106 | 5 નવેમ્બર : વિશ્વ સુનામી જાગૃતિ દિવસ | 58 |
| 107 | 6 નવેમ્બર : યુદ્ધ અને સશસ્ત્ર સંઘર્ષમાં પર્યાવરણનું શોષણ અટકાવવાનો આંતરરાષ્ટ્રીય દિવસ | 58 |
| 108 | 9 નવેમ્બર : રાષ્ટ્રીય કાનૂની સેવા દિવસ (National Legal Services Day NLSD) | 59 |
| 109 | 10 નવેમ્બર : શાંતિ અને વિકાસ માટેનો વિશ્વ વિજ્ઞાન દિવસ | 59 |
| 110 | 12 નવેમ્બર : વિશ્વ ન્યુમોનિયા દિવસ (World Pneumonia Day) | 59 |
| 111 | 14 નવેમ્બર : વિશ્વ ડાયાબિટિસ દિવસ (World Diabetes Day) | 60 |
| 112 | 15 નવેમ્બર : જનજાતિય ગૌરવ દિવસ અથવા આદિવાસી ગૌરવ દિવસ | 60 |
| 113 | 16 નવેમ્બર : આંતરરાષ્ટ્રીય સહિષ્ણુતા દિવસ (International Tolerance Day) | 61 |
| 114 | 16 નવેમ્બર : રાષ્ટ્રીય પ્રેસ દિવસ (National Press Day) | 61 |
| 115 | 19 નવેમ્બર : વિશ્વ શૌચાલય દિવસ (World Toilet Day) | 61 |
| 116 | 20 નવેમ્બર : વિશ્વ બાળ દિવસ (World Children's Day) | 61 |
| 117 | 21 નવેમ્બર : વિશ્વ મત્સ્યઉદ્યોગ દિવસ (World Fisheries Day) | 62 |
| 118 | 21 નવેમ્બર : વિશ્વ ટેલિવિઝન દિવસ (World Television Day) | 62 |
| 119 | 25 નવેમ્બર : આંતરરાષ્ટ્રીય મહિલા હિંસા નિવારણ દિવસ (International Day for the Elimination of Violence Against Women) | 62 |
| 120 | 26 નવેમ્બર : રાષ્ટ્રીય સંવિધાન દિવસ (National Constitution Day) | 62 |
| 121 | 28 નવેમ્બર : લાલ ગ્રહ દિવસ (Red Planet Day) | 63 |
| | **શબ્દાવલી** | |
| 122 | ડર્ટી બોમ્બ | 64 |
| | Current Affairs Booster | 65 |
| | Facts.... Inshort | 74 |

# 1 મહત્વના મુખ્ય મુદ્દાઓ

## શિક્ષણ મંત્રાલય દ્વારા બાળકોના શિક્ષણ માટે National Curriculum Framework (NCF) લોન્ચ કરવામાં આવ્યું.

- તાજેતરમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા 3 થી 8 વર્ષની વય જૂથના બાળકોના પાયાના (Basic) તબક્કાના શિક્ષણ માટે 'National Curriculam Frame Work (NCF) લોન્ચ કરવામાં આવ્યું છે.
- કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા સમગ્ર દેશમાં 49 કેન્દ્રીય બાલવાટિકા વિદ્યાલયોના પાયલોટ પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી છે.
- આ નવુ ફ્રેમવર્ક યુવાનોને 21 મી સદીની જ્ઞાનાત્મક અને ભાષાકીય ક્ષમતાઓ વધારવામાં મદદ કરશે.
- આ ફ્રેમવર્કએ નવી શિક્ષણ નીતિ – 2020 ના અમલીકરણ માટે લેવામાં આવેલ એક મહત્વપૂર્ણ પગલું છે.
- આ નવા ફ્રેમવર્કના ચાર વિભાગો છે :
  (1) શાળા શિક્ષણ માટે નેશનલ કરિકુલમ ફ્રેમવર્ક
  (2) પ્રારંભિક બાળપણની સંભાળ અને શિક્ષણ માટે નેશનલ કરિકુલમ ફ્રેમવર્ક
  (3) શિક્ષક શિક્ષણ માટે નેશનલ કરિકુલમ ફ્રેમવર્ક
  (4) પુખ્ત શિક્ષણ માટે નેશનલ કરિકુલમ ફ્રેમવર્ક
- આ નવા ફ્રેમવર્કમાં બાળકોના શિક્ષણ માટે 'પંચકોશ' ના ખ્યાલને સૂચિબદ્ધ કરવામાં આવ્યો છે જેમકે (1) શારીરિક વિકાસ, (2) જીવન શકિતનો વિકાસ, (3) ભાવનાત્મક અને માનસિક વિકાસ, (4) બૌદ્ધિક વિકાસ અને આધ્યાત્મિક વિકાસ છે.
- પંચકોશ એ માનવ અનુભવ અને સમજણમાં શરીર અને મનના સંકુલના મહત્વનું એક પ્રાચીન વર્ણન છે.
- આ ફ્રેમવર્ક અંતર્ગત NCERT (National Council of Education Research and Training Centre) દ્વારા ધોરણ 1 માં પ્રવેશતા વિદ્યાર્થીઓ માટે પ્રવેશ સ્તરનું શિક્ષણ વિકસાવવામાં આવ્યું છે, જે નૈતિક મૂલ્યો અને સાસ્કૃતિક વિવિધતા શીખવા તેમજ ભૌતિક સામાજિક અને કુદરતી વાતાવરણ સાથે ક્રિયા અને પ્રતિક્રિયાને સક્ષમ બનાવશે.
- આ ફ્રેમવર્ક મુજબ બાળકના સંચિત મગજનો 85% થી વધુ વિકાસ 6 વર્ષની ઉમંર પહેલા થતો હોવાથી તેમના મગજને ઉત્તેજીત કરવા અને તેમના શારીરિક તથા ભાવનાત્મક વિકાસને ટેકો આપવા માટે યોગ્ય કાળજી પૂરી પાડવી એ દરેક બાળક માટે જરૂરી છે.
- આ ફ્રેમવર્કનો ઉદ્દેશ 3 લક્ષ્યોને મેળવવાનો છે જે નીચે મુજબ છે :
  (1) સારુ સ્વાસ્થય અને સુખાકારી જાળવવી
  (2) અસરકારક કોમ્યુનિકેટર્સ બનવું
  (3) શીખનારા બનવું

### National Council of education Research and Training (NCERT) વિશે....

**રચના** : વર્ષ 1961 (ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા)
**વડુમથક** : નવી દિલ્હી
**પ્રકાર** : સ્વાયત્ત સંસ્થા (Autonomos body)
**ઉદ્દેશ** : શાળા શિક્ષણમાં ગુણાત્મક સુધારણા માટેની નીતિઓ અને કાર્યક્રમો અંગે કેન્દ્ર અને રાજય સરકારને મદદ અને સલાહ આપવી.

## આરોગ્ય વીમા કવરેજને વિસ્તારવા માટે સમિતિની રચના કરવામાં આવી.

- તાજેતરમાં Insurance Regulatory and Development Authority of India (IRDAI) દ્વારા ભારતમાં સ્વાસ્થ્ય વીમા કવરેજને વિસ્તારવા માટે એક સલાહકાર સમિતિની રચના કરવામાં આવી છે.
- આ સમિતિના અધ્યક્ષ રાકેશ જોશી રહેશે, જે IRDAI ના સભ્ય છે અને અન્ય સભ્યોમાં હેલ્થકેર અને વીમાં ઉદ્યોગોના પ્રતિનિધિઓ રહેશે.

- આ સમિતિનો હેતુ ભારતમાં આરોગ્ય વીમાના યુનિવર્સલ કવરેજને હાંસલ કરવાનો છે અને વીમા નિયમનકાર દ્વારા આ સમિતિની રચના 2 વર્ષ માટે કરવામાં આવી છે જેમાં 15 સભ્યો રહેશે અને નીચેના મુદ્દાઓ પર ભલામણ આપશે.
  (1) આરોગ્ય વીમા ક્ષેત્રની સમગ્ર મૂલ્ય શ્રેણીમાં સમસ્યાઓને શોધવી.
  (2) ભારતમાં સ્વાસ્થ્ય વીમાના પ્રવેશને લગતા પડકારો
  (3) આરોગ્ય વીમા વ્યવસાયો દ્વારા સામનો કરવામાં આવતા પડકારોની ઓળખ અને ઉકેલોનું સમાધાન
  (4) મૂળભૂત અને સરળ યુનિવર્સલ ઉત્પાદન સહિત યોગ્ય ઉત્પાદન ડિઝાઈન માટે ભલામણો.
  (5) વીમા આપનારોએ વચ્ચે પ્રક્રિયાઓનું ખાનગીકરણ કરવુ જેમાં વીમા સંબંધિત ડેટાનો કેપ્ચર, સંકલન અને વિશલેષણનો સમાવેશ થાય છે.
  (6) વીમા નિયમનકાર દ્વારા એક જ ઈ– પ્લેટફોર્મમાં વિવિધ આરોગ્ય વીમા સેવાઓને એકીકૃત કરવાની રીતો.

❖ **વિશેષ**

- IRDAI ના ડેટા અનુસાર નાણાકીય વર્ષ 2022 -23 ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળા દરમિયાન સ્વાસ્થ્ય વીમા પ્રિમિયમમાં વાર્ષિક ધોરણે 18.9% નો વધારો થયો છે.
- NFHS-5 મુજબ માત્ર 41% ભારતીય પરિવારોમાં ઓછામાં ઓછી એક વ્યકિત સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ આવરી લેવામાં આવી છે.

### Insurance Regulatory and Development Authority of India (IRDAI) વિશે....

**સ્થાપના** : વર્ષ 1999
**વડુમથક** : હૈદરાબાદ
**હેતુ** : વીમા પોલિસી ધારકોના હિતોનું રક્ષણ કરવુ, વીમા ઉદ્યોગનું નિયમન, પ્રોત્સાહન અને સુવ્યવસ્થિત વિકાસ સુનિશ્ચિત કરવાનો છે.
**મંત્રાલય** : કેન્દ્રીય નાણા મંત્રાલય

## ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓના મૂલ્યાંકન અને માન્યતાને મજબૂત બનાવવા માટે એક પેનલની રચના કરવામાં આવી

- તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓના મુલ્યાંકન અને માન્યતાને મજબૂત કરવા માટે ઉચ્ચ સ્તરીય ત્રણ સભ્યવાળી પેનલની સ્થાપના કરવામાં આવી છે, જેના અધ્યક્ષ કે. રાધાકૃષ્ણન રહેશે અને તેઓ IIT કાઉન્સિલની સ્ટેન્ડિંગ કમિટીના અધ્યક્ષ પણ છે.



- આ સમિતિ NEW EDUCATION POLICY (NEP) 2020 દ્વારા પ્રસ્તાવિત National Accreditation Council (NAC) માટે રોડમેપ બનાવવામાં પણ મદદ કરશે.
- આ સમિતિ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની ગુણવત્તા જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવશે જે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને સમીક્ષા પ્રક્રિયા દ્વારા તેમની શક્તિઓ અને નબળાઈઓને ઓળખવામાં સક્ષમ બનાવશે.
- આ સમિતિ વિદ્યાર્થીઓ, નોકરીદાતાઓ અને સમાજ માટે સંસ્થા દ્વારા પ્રદાન કરવામાં આવતા શિક્ષણની ગુણવત્તા વિશે વિશ્વસનીય માહિતીના સ્ત્રોત તરીકે પણ કાર્ય કરશે.
- NACના મુખ્ય કાર્યો : ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની માન્યતાનું નિયમન કરવું, મૂળભૂત ધોરણો, જાહેર સ્વ–જાહેરાત કરવી, સુશાસન અને પરિણામોના આધારે માન્યતા પ્રક્રિયામાં સામેલ સ્વતંત્ર સંસ્થાઓની દેખરેખ કરવી તથા ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની ગુણવત્તા જાળવવા અને સુધારવા માટે તબક્કાવાર માપદંડો નિર્દિષ્ટ કરશે.

### New Edcuation Policy (NEP) – 2020 વિશે....

**શરૂઆત** : 29 જુલાઈ 2020 (34 વર્ષ જૂની શિક્ષણ પરની રાષ્ટ્રીય નીતિ 1986 નું સ્થાન લીધુ છે)
**મંત્રાલય** : કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય (પહેલા માનવ સંસાધન એન વિકાસ મંત્રાલય તરીકે ઓળખાતો હતો. )
**ઉદ્દેશ** : વર્ષ 2030 સુધીમાં શાળા શિક્ષણમાં 100% Gross Enrollment Ratio (GER) સાથે પૂર્વ શાળાથી માધ્યમિક સ્તર સુધીના શિક્ષણનું સાર્વત્રિકકરણ છે.

- આ નવી નિતિ મુજબ 3 વર્ષ આંગનવાડી અથવા પ્રી સ્કૂલિંગ સાથે 12 વર્ષનું શાળાકીય શિક્ષણ રહેશે.

## COP-27માં International Drought Resilience Alliance (IDRA) લોન્ચ કરવામાં આવ્યું

- તાજેતરમાં United Nations Framework Convention on Climate Change (UNFCC) માટે 27th Conference of Parties (COP27) દરમિયાન 7 નવેમ્બર 2022ના રોજ International Drought Resilience Alliance (IDRA) શરૂ કરવામાં આવ્યું છે.



- COP-27 નું આયોજન 6 થી 20 નવેમ્બર સુધી ઈજિપ્તના શર્મએલશેખ શહેરમાં કરવામાં આવ્યું હતું.
- IDRAને ભવિષ્યના દુષ્કાળ વિરુદ્ધ તૈયારી વધારવા માટે સહકારને પ્રોત્સાહન આપવા માટે સંયુક્ત રીતે સ્પેન અને સેનેગલ દ્વારા શરૂ કરવામાં આવ્યું છે.
- આ સંધિ (Alliance)માં 30 દેશો અને 20 સંગઠનો છે, જે લાંબા ગાળાની સ્થિતિસ્થાપકતા બનાવવા દુષ્કાળના વધતા જોખમોને ઘટાડવાનો પ્રયાસ કરે છે.
- IDRAની પ્રથમ જાહેરાત સપ્ટેમ્બર 2022માં UNITED NATIONS GENERAL ASSEMBLY (UNGA)ના 77માં સત્રમાં સ્પેન દ્વારા કરવામાં આવી હતી.
- આ સંધિ દુષ્કાળ સંબંધિત ટેકનોલોજી અને કુશળતાને શેર કરવા માટે પ્લેટફોર્મ પણ પ્રદાન કરશે.
- IDRA ની સ્થાપના જરૂરી છે કારણ કે, United Nations Convention to Combat Desertification (UNCCD) સિવાય જમીન માટે કોઈ સંમેલનો નથી, જે મુખ્યત્વે રણીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- IDRAએ યુએન માટે દુષ્કાળની અસરને ઘટાડવા માટે "ચોક્કસ ઉકેલ" પ્રદાન કરશે.
- IDRAના કાર્યો માટે ભંડોળ સ્પેન દ્વારા પૂરું પાડવામાં આવશે, જેથી આ દાયકાના અંત સુધીમાં વિશ્વને દુષ્કાળ વિરુદ્ધ સ્થિતિસ્થાપક બનાવવાના લક્ષ્યને હાંસલ કરવા માટે વધારાના સંસાધનો એકત્ર કરવામાં મદદ મળશે.

❖ **વિશેષ**

- United Nations Convention to Combat Desertification (UNCCD) ના રીપોર્ટ મુજબ વર્ષ 2000 થી વર્તમાન સુધીમાં દુષ્કાળની આવૃત્તિમાં 29 ટકાનો વધારો થયો છે.
- દુષ્કાળ એ સૌથી ભયંકર જોખમો પૈકીનું એક છે જે ટકાઉ વિકાસ (SUSTAINABLE DEVELOPMENT) તરફ વિશ્વની પ્રગતિને અવરોધે છે.

### United Nations Convention to Combat Desertification વિશે....

**સ્થાપના** : વર્ષ 1994
**વડુમથક** : બોન, જર્મની
**હેતુ** : રણીકરણ અને દુષ્કાળની અસરોને ઘટાડવાનો

## India Infrastructure Project Development Fund Scheme (IIPDF) માટે નાણાકીય સહાય જાહેર

- તાજેતરમાં ભારત સરકાર દ્વારા 3 નવેમ્બર, 2022ના રોજ ઈન્ડિયા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ ડેવલપમેન્ટ ફંડ સ્કીમ (IIPDF)ના પ્રોજેક્ટ વિકાસ ખર્ચ માટે જરૂરી નાણાકીય સહાય જાહેર કરવામાં આવી છે, જેનું કુલ ભંડોળ ત્રણ વર્ષ માટે 150 કરોડ છે.



- India Infrastructure Project Development Fund Scheme ની શરૂઆત વર્ષ 2007માં કરવામાં આવી હતી.
- India Infrastructure Project Development Fund Scheme ડિપાર્ટમેન્ટ ઑફ ઈકોનોમિક અફેર્સ (DEA) દ્વારા શરૂ કરવામાં આવી છે. જે કેન્દ્રિય નાણા મંત્રાલય અંતર્ગત આવે છે.
- આ યોજના PPP પ્રોજેક્ટ્સના વિકાસમાં સામેલ Transaction Advisors(TAs) અને કન્સલ્ટન્ટ્સ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓને ઍક્સેસ કરવા માટે પ્રોજેક્ટ સ્પોન્સરિંગ ઓથોરિટીઓ (કેન્દ્ર અને રાજ્ય સરકાર બંનેમાં) માટે ભંડોળ પૂરું પાડે છે.
- આ યોજના ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું આધુનિકરણ કરવા માગતા બેન્કિંગ યોગ્ય PPP પ્રોજેક્ટ્સને અસરકારક રીતે અમલમાં લાવવામાં મદદ કરશે.

## Innovations for You coffee table બુકની ચોથી આવૃત્તિ લોન્ચ કરવામાં આવી




- તાજેતરમાં National Institution for Transforming India (NITI) આયોગ દ્વારા અટલ ઇનોવેશન મિશન અંતર્ગત ભારતની 75 સફળ મહિલા ઉદ્યોગસાહસિકોને દર્શાવતી Innovations for You coffee table bookની ચોથી આવૃત્તિ લોન્ચ કરવામાં આવી છે.
- Innovations for You એ સ્ટાર્ટઅપ્સની સફસેસ સ્ટોરીઝની વિશેષતા છે, જે અટલ ઈનોવેશન મિશન હેઠળ અટલ 3 ફ્લેગશિપ પ્રોગ્રામ્સ (Atal Incubation Centres, Atal Community Innovation Centres and Atal New India Challenges) દ્વારા સહાયતા આપવામાં આવે છે.
- ઈનોવેશન્સ ફોર યુ એ કોફી ટેબલ બુક સિરીઝ છે જેની 3 આવૃત્તિઓ અગાઉ રિલીઝ થઈ છે, જે નીચે મુજબ છે.
  (1) પ્રથમ આવૃત્તિ હેલ્થકેર ક્ષેત્ર પર કેન્દ્રિત હતી.
  (2) બીજી આવૃત્તિ કૃષિ અને સંલગ્ન ક્ષેત્ર પર કેન્દ્રિત હતી.
  (3) ત્રીજી આવૃત્તિ પરિવહન અને ગતિશીલતા પર કેન્દ્રિત હતી.

### ATAL INNOVATION MISSION વિશે....

**શરૂઆત** : વર્ષ 2016
**વડુમથક** : NITI આયોગ દ્વારા નવીનતા અને ઉદ્યોગસાહસિકતાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે અટલ ઈનોવેશન મિશનની શરૂઆત કરી હતી.
**ઉદ્દેશ** : અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોમાં નવીનતાને પ્રોત્સાહન આપવા માટે નવા કાર્યક્રમો અને નીતિઓ વિકસાવવાનો, વિવિધ હિતધારકો માટે પ્લેટફોર્મ અને સહયોગની તકો પ્રદાન કરવાનો અને દેશની નવીનતા અને ઉદ્યોગસાહસિક ઈકોસિસ્ટમની દેખરેખ માટે એક માળખું બનાવવાનો છે.

## POSOCOનું નામ બદલીને ગ્રીડ કંટ્રોલર ઓફ ઈન્ડિયા લિમિટેડ રાખવામાં આવ્યું




- તાજેતરમાં ભારતના રાષ્ટ્રીય ગ્રીડ ઓપરેટર Power System Operation Corporation Limited(POSOCO)નું નામ બદલીને Grid Controller of India Limited રાખવામાં આવ્યું છે, જેની સંપૂર્ણ માલિકી કેન્દ્ર સરકારની છે જે પાવર મંત્રાલયના નેજા હેઠળ આવે છે.
- અગાઉ POSOCO પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (PGCIL) ની સંપૂર્ણ માલિકીની પેટાકંપની હતી.
- POSOCOની સ્થાપના PGCIL ના પાવર મેનેજમેન્ટ કાર્યોની કાળજી લેવા માટે કરવામાં આવી હતી, જેને બાદમાં એક અલગ કંપની બનાવવામાં આવી હતી.
- એક અલગ કંપની તરીકે ગ્રીડ–ઈન્ડિયાને લોડ ડિસ્પેચ ફંક્શન આપવામાં આવ્યું હતું. તે નેશનલ લોડ ડિસ્પેચ સેન્ટર (NLDC) અને 5 પ્રાદેશિક લોડ ડિસ્પેચ સેન્ટર્સ (RLDCs) ની કામગીરીની દેખરેખ રાખે છે.
- NLDC એ સર્વોચ્ચ સંસ્થા છે જે રાષ્ટ્રીય પાવર સિસ્ટમના સંકલિત સંચાલનને સુનિશ્ચિત કરે છે.
- વર્તમાનમાં Grid-Indiaએ ગ્રીન એનર્જી ઓપન એક્સેસ પોર્ટલ, રિન્યુએબલ એનર્જી સર્ટિફિકેટ (આરઈસી) મિકેનિઝમ, ટ્રાન્સમિશન પ્રાઈસિંગ, ટ્રાન્સમિશનમાં શોર્ટ ટર્મ ઓપન એક્સેસ, ડિવિએશન સેટલમેન્ટ મિકેનિઝમ, પાવર સિસ્ટમ ડેવલપમેન્ટ ફંડ (PSDF) અને અન્ય પાવર સેક્ટરમાં મોટા સુધારા માટે નોડલ એજન્સી તરીકે કામ કરે છે.

### Power System Operation Corporation વિશે....

**સ્થાપના** : માર્ચ 2009
**વડુમથક** : નવી દિલ્હી
**મંત્રાલય** : કેન્દ્રિય પાવર મંત્રાલય

## કેન્દ્ર સરકારે આધારના નિયમોમાં સુધારો કર્યો

- તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા આધાર કાર્ડના નિયમોમાં સુધારો કરવામાં આવ્યું છે, જેમાં આધાર (નોંધણી અને અપડેટ) નિયમોના સુધારા માટે નોંધણીની તારીખથી ઓછામાં ઓછા દર 10 વર્ષમાં એકવાર આધાર માહિતીના સહાયક દસ્તાવેજોને અપડેટ કરવાની જરૂર છે.
- આ અપડેટ ફરજિયાત નથી પરંતુ સેન્ટ્રલ આઈડેન્ટિટી ડેટા રિપોઝીટરીમાં ડેટાની ચોકસાઈ જાળવવા માટે પ્રોત્સાહિત કરી શકાય છે.
- આ નિયમ વસ્તી વિષયક માહિતીને અપડેટ કરવા માટે મર્યાદિત છે, જેમાં ફિંગરપ્રિન્ટ્સ જેવા બાયોમેટ્રિક ડેટાનો સમાવેશ થતો નથી.
- આધાર નોંધણી અને અપડેટ રેગ્યુલેશન હેઠળ ઉલ્લેખિત ઓળખનો પુરાવો (POI) અને સરનામાનો પુરાવો (POA) દસ્તાવેજો સબમિટ કરીને આધારને અપડેટ કરી શકાય છે.
- આધાર સંબંધિત દસ્તાવેજોના અપડેટની સુવિધા માટે myAadhhar પોર્ટલ અને મોબાઈલ એપ્લિકેશન પર એક નવી સુવિધા વિકસાવવામાં આવી છે અને આધાર નોંધણી કેન્દ્રો પણ અપડેટ પ્રવૃત્તિઓમાં સામેલ છે.
- જૂન 2022 સુધીમાં 133 કરોડથી વધુ આધાર કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે.
- આધાર સંબંધિત માહિતીની ચોકસાઈ વધારવાથી સરકારને આધાર કાર્ડની અચોક્કસ માહિતીને કારણે થતી સરકારી યોજનાઓના લાભોના લીકેજને દૂર કરવામાં મદદ મળી શકે છે.




**Unique Identification Authority of India (UIDAI) વિશે....**

**સ્થાપના** : 28 જાન્યુઆરી 2009
**વડુમથક** : નવી દિલ્હી
**મંત્રાલય** : ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય

## નાના અને અપરિપક્વ બાળકોના જીવનમાં સુધારો કરવા માટે WHO માર્ગદર્શિકા

- તાજેતરમાં World Health Organization(WHO)દ્વારા નાના (2.5 કિગ્રાથી ઓછી) અને ગર્ભાવસ્થાના 37 અઠવાડિયા પહેલા જીવન ટકાવી રાખવા માટે માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે.
- આ માર્ગદર્શિકા મુજબ ઉચ્ચ ગુણવત્તાની પ્રિનેટલ, પોસ્ટપાર્ટમ અને પોસ્ટનેટલ કેર, સામાન્ય ચેપની સારવાર, કાંગારુ મધર કેર, અને વિશિષ્ટ સ્તનપાન જેવા વ્યવહારુ અને સસ્તું ઉકેલોનો ઉપયોગ કરીને અપરિપક્વ શિશુઓને બચાવી શકાય છે.
- આ માર્ગદર્શિકા અનુસાર કાંગારૂ મધર કેર (કેરટેકર સાથે ત્વચાથી ચામડીનો સંપર્ક) જન્મ પછી તરત જ શરૂ થવો જોઈએ.
- આ માર્ગદર્શિકા મુજબ WHO એ અપરિપક્વ શિશુઓના પરિવારોને ટેકો આપવા માટે ભલામણો પણ પ્રદાન કરી છે
- આ માર્ગદર્શિકા અનુસાર પરિવારો અને અપરિપક્વ બાળકો માટે એક એકમ તરીકે એકસાથે સંભાળ પૂરી પાડવાના મહત્વને પ્રકાશિત કરે છે જેથી માતાપિતા શ્રેષ્ઠ સંભવિત સહાય પૂરી પાડવા સક્ષમ બની શકે.
- આ માર્ગદર્શિકા ઉચ્ચ–આવકની પરિસ્થિતિઓ માટે પણ લાગુ પડે છે.



**World Health Organization (WHO) વિશે....**

**સ્થાપના** : 07 એપ્રિલ, 1948
**વડુમથક** : જીનીવા, સ્વિટ્ઝર્લેન્ડ
**હેતુ** : વિશ્વના તમામ લોકોને આરોગ્યના ઉચ્ચતમ સ્તરની પ્રાપ્તિ

## બલીયાત્રાનો ગીનીસ વર્લ્ડ રેકોર્ડમાં સમાવેશ

- તાજેતરમાં કટકની બલીયાત્રા વિશે વૈશ્વિક જાગૃતિ લાવવા માટે 35 મિનિટમાં 22,000 કાગળની બોટ બનાવીને બલીયાત્રાએ ગીનીસ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે.
- બલીયાત્રાનો શાબ્દિક અર્થ બાલીની સફર થાય છે એટલે ભારતના સૌથી મોટા ઓપન એર મેળાઓમાંથી એક છે.
- આ યાત્રાની ઉજવણી કાર્તિક પૂર્ણિમા (કાર્તિક મહિનામાં પૂર્ણ ચંદ્રની રાત) ના દિવસે ઉજવવાની શરૂઆત કરવામાં આવે છે, જે 9 દિવસ સુધી ચાલે છે.

**Odisha વિશે....**

**સ્થાપના** : 1 એપ્રિલ, 1936
**રાજધાની** : ભુવનેશ્વર
**મુખ્યમંત્રી** : નવીન પટનાયક
**રાજ્યપાલ** : ગણેશી લાલ



➲ આ તહેવાર પ્રાચીન કલિંગા (વર્તમાન ઓડિશા), બાલી અને અન્ય દક્ષિણ અને દક્ષિણપૂર્વ એશિયાઈ પ્રદેશો વચ્ચેના 2,000 વર્ષ જૂના દરિયાઈ અને સાંસ્કૃતિક સંબંધોને યાદ કરે છે, જેમાં જાવા, સુમાત્રા, બોર્નિયો, બર્મા (મ્યાનમાર) અને સિલોન (શ્રીલંકા)જેવા દેશોનો સમાવેશ થાય છે.

## ભારતીય રાજ્યો પર વર્ષ 2021-22ના આંકડાઓની હેન્ડબુક જાહેર

➲ તાજેતરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા Handbook of Statistics on Indian States 2021-22ની સાતમી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે.




➲ આ હેન્ડબુકની આવૃત્તિ ભારતના પ્રાદેશિક અર્થતંત્રો વિશે વ્યાપક ડેટા પ્રદાન કરવાનો પ્રયાસ કરે છે, જે વર્ષ 1951 થી 2021-22 સુધીના વિવિધ સમયગાળા દરમિયાન રાજ્યભરના સામાજિક–જનસંખ્યા, રાજ્યના સ્થાનિક ઉત્પાદન, કૃષિ, કિંમત અને વેતન, ઉદ્યોગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, બેંકિંગ અને રાજકોષીય સૂચકાંકો પરના આંકડાઓને આવરી લે છે.

➲ આ આવૃત્તિમાં બે નવા વિભાગો આરોગ્ય અને પર્યાવરણનો સમાવેશ કરવામાં આવ્યો છે.

➲ આ હેન્ડબુકની આવૃત્તિ મુજબ કર્ણાટક તમામ રાજ્યોમાં ગ્રીડ–ઈન્ટરેક્ટિવ રિન્યુએબલ પાવરની સૌથી વધુ સ્થાપિત ક્ષમતા ધરાવે છે, જેની કુલ સ્થાપિત ક્ષમતા 15,463 મેગાવોટ (MW) છે. ત્યારબાદ તમિલનાડુ (15,225 મેગાવોટ), ગુજરાત (13,153 મેગાવોટ) અને મહારાષ્ટ્ર (10,267 મેગાવોટ)નો નંબર આવે છે.

❖ **વિશેષ**

✍ આ હેન્ડબુકમાં 9 નવા કોષ્ટકો પણ શામેલ છે, જે નીચે મુજબ છે.

(1) સામાજિક અને વસ્તીવિષયક વિભાગ હેઠળ રાજ્યવાર માતૃ મૃત્યુનું પ્રમાણ
(2) સામાજિક અને વસ્તી વિષયક વિભાગ હેઠળ રાજ્યવાર કુલ પ્રજનન દર
(3) રાજ્યના આરોગ્ય વિભાગ હેઠળ 6-59 મહિનાની વયના બાળકો કે જેમને એનિમિયા છે.
(4) આરોગ્ય વિભાગ હેઠળ 15-49 વર્ષની વયની સગર્ભા સ્ત્રીઓ જેમને એનિમિયા છે.
(5) કૃષિ વિભાગ હેઠળ રાજ્યવાર કોલ્ડ સ્ટોરેજની ક્ષમતા
(6) પર્યાવરણ વિભાગ હેઠળ રાજ્યવાર વન આવરણ
(7) પર્યાવરણ વિભાગ હેઠળ રાજ્યવાર વૃક્ષ આવરણ
(8) ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિભાગ હેઠળ ગ્રીડ ઈન્ટરેક્ટિવ રિન્યુએબલ પાવરની રાજ્યવાર કુલ સ્થાપિત ક્ષમતા
(9) રાજકોષીય વિભાગ હેઠળ રાજ્ય સરકારોની રાજ્યવાર બાકી બાંયધરી

**RBI વિશે...**

| | |
|---|---|
| **સ્થાપના** | : 1 એપ્રિલ, 1935 (કોલકાતા) |
| **વડુમથક** | : મુંબઈ |
| **પ્રકાર** | : દેશની મધ્યસ્થ બેંક |
| **ગવર્નર** | : શકિતકાંત દાસ (25મા ગવર્નર) – વર્ષ 2018થી |

## ટીવી ચેનલો માટે નવા નિયમો જાહેર કરવામાં આવ્યા.

➲ તાજેતરમાં માહિતી અને પ્રસારણ મંત્રાલયે નવા અપલિંકિંગ એ ડાઉનલોડિંગ નિયમોને સ્પષ્ટ કરતી માર્ગદર્શિકા જાહેર કરી છે. જેમાં નીચે મુજબની જોગવાઈઓ સામેલ છે.




❖ **નવી જોગવાઈઓ**

✍ ટેલિવિઝન ચેનલોએ દરરોજ 30 મિનિટ માટે રાષ્ટ્રીય હિત અથવા જાહેર સેવામાં સામગ્રીનું પ્રસારણ કરવું પડશે.

✍ આ માર્ગદર્શિકા રમતગમત, વન્યજીવન અને વિદેશી ચેનલોને લાગુ પડશે નહીં.

✍ રાષ્ટ્રીય મહત્વના વિષયોમાં નીચે મુજબનો સમાવેશ થાય છે :

(1) સમાજના નબળા વર્ગોનું કલ્યાણ
(2) પર્યાવરણ અને સાંસ્કૃતિક વારસો તથા રાષ્ટ્રીય એકીકરણનું રક્ષણ
(3) શિક્ષણ અને સાક્ષરતાનો ફેલાવો
(4) કૃષિ અને ગ્રામીણ વિકાસ
(5) આરોગ્ય અને કુટુંબ કલ્યાણ
(6) વિજ્ઞાન અને ટેકનોલોજી
(7) સ્ત્રીઓનું કલ્યાણ

✍ કાર્યક્રમોના જીવંત પ્રસારણ માટે પરવાનગી મેળવવાની આવશ્યકતા દૂર કરવામાં આવી છે.

✍ સ્ટાન્ડર્ડ ડેફિનેશન (SD) થી હાઈ ડેફિનેશન (HD) અથવા તેનાથી વિપરીત ભાષામાં ફેરફાર અથવા ટ્રાન્સમિશન મોડમાં ફેરફાર માટે કોઈ પૂર્વ પરવાનગીની જરૂર નથી, માત્ર પૂર્વ સૂચનાની જરૂર પડશે.

- વિવિધ કંપનીઓને ભારતીય ટેલિપોર્ટમાંથી વિદેશી ચેનલોને અપલિંક કરવાની મંજૂરી આપવામાં આવી છે જે રોજગારીની તકો ઊભી કરશે અને ભારતને અન્ય દેશો માટે ટેલિપોર્ટ – હબ બનાવશે.
- ડુપ્લિકેશન અને સામાન્ય પરિમાણોને ટાળવા માટે માર્ગદર્શિકાની રચના કરવામાં આવી છે.



# 2 આંતરરાજ્ય

## કાશી (વારાણસી) અને તમિલનાડુ બંધનને મજબૂત કરવા માટે કાશી–તમિલ સંગમ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો.

- તાજેતરમાં ભારત સરકાર દ્વારા તમિલનાડુ અને કાશી (વારાણસી) વચ્ચેના સાંસ્કૃતિક અને સભ્યતાના બંધનને મજબૂત અને ફરીથી જાગૃત કરવા માટે 'કાશી – તમિલ સંગમ' નામના 1 મહિનાના કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે.
- આ કાર્યક્રમ એક ભારત શ્રેષ્ઠ ભારત પહેલનો ભાગ હશે, જેનો ઉદ્દેશ બે સ્થળો વચ્ચેની સંસ્કૃતિની કડીને પુનઃ જાગૃત કરવાનો છે.
- આ કાર્યક્રમ 16 નવેમ્બર 2022 થી 16 ડિસેમ્બર 2022 દરમિયાન યોજાશે.
- આ કાર્યક્રમમાં ભાગરૂપે 12 જૂથોમાં વહેંચાયેલા કુલ 2500 લોકો મહિનાના લાંબા સમયગાળા દરમિયાન ટ્રેન દ્વારા વારાણસીની મુસાફરી કરશે અને આ જૂથોમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, કારીગરો અને વિવિધ ક્ષેત્રના લોકોનો સમાવેશ થશે.
- આ કાર્યક્રમ હેઠળ તમિલનાડુમાં પ્રવાસન સ્થળો ચેન્નાઈ, રામેશ્વરમ અને કોઈમ્બતુર રહેશે.




- આ કાર્યક્રમ માટે નોલેજ પાર્ટનર્સ ITI મદ્રાસ અને બનારસ હિન્દુ યુનિવર્સિટી, યજમાન રાજય ઉત્તર પ્રદેશ અને અન્ય હિસ્સેદારો સંસ્કૃતિ, કાપડ, ફૂડ પ્રોસેસિંગ, વાણિજ્ય અને ફિલ્મોના વિભાગો રહેશે.

### Ek Bharat Sheeshta Bharat વિશે....

**શરૂઆત** : વર્ષ 2015 (વિવિધ રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોના લોકો વચ્ચે જોડાણને પ્રોત્સાહન આપવા માટે)
**મંત્રાલય** : કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય (ધર્મેન્દ્ર પ્રધાન )
**ઉદ્દેશ** : દેશની વિવિધતામાં એકતા બનાવો અને દેશના લોકો વચ્ચે પંરપરાગત રીતે અસ્તિત્વમાં રહેતા ભાવનાત્મક બંધનોને જાળવવા અને મજબૂત કરવા

## ઓડિશા રાજ્ય સરકાર દ્વારા કોમન ક્રેડિટ પોર્ટલ 'safal' લોન્ચ કરવામાં આવ્યો.

- તાજેતરમાં ઓડિશા રાજયના મુખ્યમંત્રી નવીન પટનાયક દ્વારા ખેડુતોની લોન સુધી એકસેસ વધારવા માટે Common Credit Portal 'SAFAL' લોન્ચ કરવામાં આવ્યું છે.
- આ પોર્ટલનું પુરૂ નામ Simplified Application For Agricultural loans (SAFAL) છે, જે ભારતનું પ્રથમ ઓનલાઈન કૃષિ ધિરાણ સુવિધા પોર્ટલ છે.
- આ પોર્ટલ ખેડુતો અને કૃષિ ઉદ્યોગ સાહસિકો માટે પૂરી પાડવામાં 300 થી વધુ મુદતની લોન એકસેસને સરળ બનાવે છે, જેમાંથી 40 થી વધુ મુદતની લોન ભાગીદાર બેંકો દ્વારા પ્રદાન કરવામાં આવશે.
- આ પોર્ટલ ખેડુતો અને કૃષિ ઉદ્યોગ સાહસિકો માટે જાહેર અને ખાનગી ક્ષેત્રોની બેંકો, પ્રાદેશિક ગ્રામીણ બેંકો, રાજય સહકારી બેંકો અને સ્મોલ ફાયનાન્સ બેંકો દ્વારા ઓફર કરવામાં આવતી લોન મેળવવા માટે 'One Stop Solution' તરીકે કાર્ય કરશે.




- આ પોર્ટલ લોન અરજી પ્રક્રિયાને સરળ બનાવી શકે છે જેનાથી બેંકો અને ખેડુતો બંનેને ફાયદો થાય છે અને આ પોર્ટલ લોન અરજીના દરેક તબક્કે ખેડુતોને લોનની સ્થિતિ વિશે રિઅલ ટાઈમ સૂચના મોકલીને માહિતીની અસમપ્રમાણતાને ઘટાડી દેશે.
- આ પોર્ટલ તમામ રાજયોમાં ઔપચારિક કૃષિ ધિરાણની માંગ અને વિતરણની સમ્પૂર્ણ દશ્યતા પ્રદાન કરીને સરકારને પણ આપશે.
- આ પોર્ટલ કૃષિ લોનની એકસેસ વધારશે, જે બદલામાં ખેડૂતોની ઉત્પાદકતા અને કૃષિ વ્યવસાયને વિકાસને પ્રોત્સાહન આપશે.
- આ પોર્ટલને કૃશક ઓડિશા પોર્ટલ સાથે સંકલિત કરવામાં આવ્યુ છે, જેની પાસે 70 થી વધુ મોડેલ પ્રોજેકટસ રિપોર્ટસની ઍકસેસ છે.

### Odisha વિશે....

**સ્થાપના** : 1 એપ્રિલ 1936
**રાજધાની** : ભુવનેશ્વર વગેરે.
**મુખ્યમંત્રી** : નવીન પટનાયક (વર્ષ 2000 થી)
**રાજયપાલ** : ગણેશી લાલ (વર્ષ 2018 થી)

### Krushak Odisha Portal વિશે....

**શરૂઆત** : 21 ડિસેમ્બર 2018
**હેતુ** : કૃષિ સંબંધિત લોકો માટે લાભ પ્રદાન કરવાનો છે.

## સારસ ફૂડ ફેસ્ટિવલ 2022 નું આયોજન

- તાજેતરમાં Saras Food Festival – 2022 નું આયોજન સ્વંય સહાય જૂથો (Self Help Group – SHGs) દ્વારા નવી દિલ્હી ખાતે મહિલાઓ દ્વારા તૈયાર કરાયેલ ઘરેલું હસ્તકલા, ચિત્રો, રમકડા વગેરેને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવ્યું છે.
- SARASFOOD ઉત્પાદનોના વેચાણ માટે ઈ– કોમર્સ પોંટલ પણ લોન્ચ કરવામાં આવ્યું છે.
- આ ફેસ્ટિવલ 10 નવેમ્બર 2022 સુધી ચાલશે, આ ફેસ્ટિવલમાં લોકો 18 રાજ્યોના સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણી શકશે.




- આ ફેસ્ટિવલમાં જણાવવામાં આવ્યુ છે કે માર્કેટિંગની પહોંચને (Access) ને વિસ્તૃત કરવા માટે ગ્રામીણ વિકાસ મંત્રાલય તમામ રાજયોની રાજધાનીઓ, મોટા શહેરો અને મહાનગરો, એરપોટ અને રેલવે સ્ટેશનોમાં મહિલા સ્વ–સહાય જૂથો દ્વારા SARAS સ્ટોલ સ્થાપવામાં આવશે.
- આ ફેસ્ટિવલએ મહિલા સશકિત કરણનું અનોખું ઉદાહરણ છે.
- આ ફેસ્ટિવલમાં કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલયના મુખ્ય કાર્યક્‘રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન’ હેઠળ રચાયેલા સ્વ–સહયા જૂથોની મહિલાઓ ભાગ લઈ રહી છે.

❖ **વિશેષ**

- ભારતમાં લગભગ 8 કરોડ 62 લાખ મહિલાઓ SHG ના સભ્યો છે તેઓ 97% બ્લોકમાં હાજરી ધરાવે છે, જયારે તેમાંથી 85% મહિલા સભ્યો પ્રત્યક્ષ રીતે મંત્રાલયના નેટવર્ક સાથે સંકળાયેલી છે.
- આ ઈવેન્ટ મહિલા SHG ને ખોરાક બનાવવાના ક્ષેત્રમાં તેમની કુશળતા દર્શાવવાની અને લોકોને આપણા દેશની ખાદ્ય સંસ્કૃતિનો પરિચય કરાવવાની તક આપશે.

## ઉત્તર ભારતના સૌથી મોટા હાઈપર સ્કેલ ડેટા સેન્ટર–યોટા D1નું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું.

- તાજેતરમાં ઉત્તર ભારતના પ્રથમ સૌથી મોટા હાઈપર સ્કેલ ડેટા સેન્ટર ‘Yotta D1’ નું ઉદ્દ્ઘાટન ઉત્તરપ્રદેશમાં કરવામાં આવ્યું છે.
- Yotta D1 ઉત્તરપ્રદેશનું પ્રથમ અને દેશનું સૌથી મોટુ ડેટા સેન્ટર છે, જે ગ્રેટર નોઈડામાં 3 લાખ ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલું છે.
- આ ડેટા સેન્ટર દેશની ડેટા સ્ટોરેજ ક્ષમતાને વધારશે, જે વર્તમાન સુધી 2% હતી.




- આ ડેટા સેન્ટરના લીધે મૂડીરોકાણ એ રોજગારની વિશાળ તકો માટે નવા માર્ગોનું સર્જન કરતી વખતે Gross State Domestic Product (GSDP) માં નોંધપાત્ર વધારો થશે.
- આ ડેટા સેન્ટર Global Cloud Operaters માટે ઈન્ટરનેટર પિયરિંગ એકસચેન્જ અને ડાયરેકટ ફાઈબર કનેકિટવિટી ધરાવશે.
- Yotta D1 ડેટા સેન્ટર ઉત્તર ભારતની 5G ક્રાંતિનો પ્રથમ આધાર સ્તંભ હશે.
- આ ડેટા સેન્ટરના કારણે ભારતનો ડેટા એનાલિટિક્સ ઉદ્યોગ વર્ષ–2025 સુધીમાં USD 16 બિલિયન થી વધુ થવાનો અંદાજ છે.
- આ ડેટા સેન્ટરમાંથી 5G(Fifth Generation) અને ગ્રાહકોનો ઝડપી ગતિએ વિડિયો તથા બેન્કિંગ સુવિધાઓની સરળ ઍકસેસ મળશે.
- આ ડેટા સેન્ટર ડેટા પાર્કની હાજરી ગૂગલ અને ટ્વિટર જેવી મોટી કંપનીઓને ડેટા હોસ્ટિંગ, પ્રોસેસિંગ અને સ્ટોર કરવા માટે મંજૂરી આપશે.

**Uttar Pradesh વિશે....**

**રાજધાની** : લખનૌ
**મુખ્યમંત્રી** : યોગી આદિત્યનાથ
**રાજ્યપાલ** : આંનદીબેન પટેલ

## વિશ્વ વિખ્યાત ‘પુષ્કરના મેળા’ નો રાજસ્થાનમાં પ્રારંભ

- ભારતમાં રાજસ્થાનના અજમેર જિલ્લાના પુષ્કર ખાતે દર વર્ષે કારતક મહિનામાં પુષ્કર મેળો ભરાય છે.




- આ મેળો કારતક મહિનામાં પૂનમના કેટલાક દિવસો અગાઉ શરૂ થાય છે અને કાર્તિકી પૂનમના રોજ પૂરો થાય છે.
- ભારતમાં પુષ્કરનો મેળો રાજસ્થાનના ભાતીગળ મેળા તથા ‘કારતક મેળા’ તરીકે પણ ઓળખાય છે.
- આ મેળો ઊંટ, ઘોડા, બળદ તથા અન્ય પશુઓના ખરીદ – વેચાણ તથા પ્રદર્શન માટે આ મેળો ખૂબ જ પ્રસિદ્ધ છે.
- પુષ્કર તીર્થધામમાં બ્રહ્માજીનું મંદિર આવેલ છે તેમજ અહીં પુષ્કર સરોવર આવેલ છે. જેની ગણતરી ભારતના પવિત્ર સરોવરમાં થાય છે.

## કેરળ રાજ્ય સરકાર દ્વારા DIGITAL RESURVEY OF LAND લોન્ચ કરવામાં આવ્યુ

- તાજેતરમાં કેરળ રાજ્ય સરકાર દ્વારા તેના 66 મા સ્થાપના દિવસના અવસરે લોકોને જમીન સંબંધિત સેવાઓની ઝડપી ડિલિવરી સુનિશ્ચિત કરવા માટે ડિજિટલ રિસર્વેની શરૂઆત કરવામાં આવી છે.



- આ રિસર્વે જમીનના રેકોર્ડને ટકાઉ અને કૃષિ આંકડા માટેના ડેટાના સંગ્રહને વધુ સક્ષમ બનાવવામાં મદદ કરશે.
- આ રિસર્વે અનુસાર સિંગલ–વિન્ડો ઓનલાઈન સિસ્ટમ દ્વારા મહેસૂલ અને નોંધણી વિભાગો સમયસર જમીન સંબંધિત જરૂરી સેવાઓ પૂરી પાડી શકશે.
- આ રિસર્વે સરકારને જમીનના અદ્યતન રેકોર્ડ જાળવવામાં મદદ કરશે, જેથી પુનઃસર્વેની જરૂર પડશે નહી.
- આ રિસર્વે મુજબ સરકારી વિભાગો દ્વારા ઉપયોગમાં લેવા માટે એક વ્યાપક Geographical Information Systems(GIS) ડેટાબેઝ સેટ કરી શકાય છે.
- આ રિસર્વેના અમલીકરણ માટેની નોડલ એજન્સી સર્વે અને લેન્ડ રેકોર્ડ વિભાગ રહેશે, જે ડિજિટલ સર્વે હાથ ધરવા માટે 4,700 કર્મચારીઓને તૈનાત કરશે.
- આ સર્વેક્ષણ માટે લગભગ 70% જમીનનો સર્વે Real Time Kinematics (RTK) રોવરનો ઉપયોગ કરીને, 20% જમીનનો Robotic Total Stations(RTS) ઉપયોગ કરીને અને 10% ડ્રોન ટેક્નોલોજીનો જેવા આધુનિક સાધનો ઉપયોગ કરીને હાથ ધરવામાં આવશે.

❖ **વિશેષ**

- કેરળ સરકાર દ્વારા 1966માં જમીનના પુનઃસર્વેની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી, જો કે, આ સર્વે આધુનિક ટેક્નોલોજીના અભાવ અને પરંપરાગત પ્રણાલીઓની મર્યાદાઓને લીધે કયારેય પૂર્ણ થઈ ન હતી.
- કેરળની રાજ્ય સરકાર દ્વારા 3 લાખથી વધુ ભૂમિહીન પરિવારોને પ્લોટ આપવા માટે ડિજિટલ લેન્ડ રિસર્વે પ્રોજેક્ટ 'Ente Bhoomi' (મારી જમીન) શરૂ કર્યો.
- આ રીસર્વે રાજ્ય સરકાર દ્વારા "બધા માટે જમીન, તમામ જમીન માટે રેકોર્ડ અને તમામ સેવાઓ સ્માર્ટ" ની નીતિના ભાગ રૂપે શરૂ કરવામાં આવી.
- આ રિસર્વે ચાર વર્ષમાં પૂર્ણ થશે અને કેરળના 1,666 ગામોમાંથી 1,550 ગામો ડિજિટલ રિસર્વે થશે.

**Kerala વિશે....**

**સ્થાપના** : 1 નવેમ્બર 1956
**રાજધાની** : થિરુવન્તપુરમ
**મુખ્યમંત્રી** : પીનરાયી વિજયન
**રાજ્યપાલ** : આરીફ મોહોમ્મદ ખાન

## Invest Karnataka Summit– 2022 નું આયોજન

- તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી વર્ચ્યુઅલ રીતે 3 દિવસીય ઈન્વેસ્ટ કર્ણાટક 2022 સમિટનું ઉદ્દ્ઘાટન 2 નવેમ્બરના રોજ બેંગલુરુમાં કરવામાં આવ્યું છે, જે એક વૈશ્વિક રોકાણ સમિટ છે.




- આ સમિટ ની થીમ Build for the World છે.
- ઈન્વેસ્ટ કર્ણાટક 2022 ના ઉદ્દ્ઘાટન દિવસ દરમિયાન રાજ્ય સરકારે રૂ.5.20 લાખ કરોડનું સમજુતી કરાર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.
- આ સમિટમાં ઘણા ઉદ્યોગપતિઓએ કર્ણાટકમાં રોકાણની જાહેરાત કરી છે.
- આ સમિટમાં 7 કંપનીઓએ 'Manufacturing - Green Hydrogen and Derivatives' સેક્ટરમાં રૂ.2.9 લાખ કરોડનું રોકાણ કર્યુ છે. જેમાં ACME, ReNew, ABC, Avaada અને JSW કંપનીઓનો સમાવેશ થાય છે.
- આ સમિટમાં રાજ્ય સરકાર દ્વારા 'મેન્યુફેક્ચરિંગ – સનરાઈઝ' સેક્ટર હેઠળ ઈલેક્ટ્રોનિક સિસ્ટમ ડિઝાઈન અને મેન્યુફેક્ચરિંગ વિકસાવવા માટે 7 કંપનીઓ સાથે રૂ.47,475 કરોડનો કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.
- આ સમિટમાં ખાણકામ, લોખંડ, સ્ટીલ અને સિમેન્ટ જેવા મુખ્ય ઉત્પાદન ક્ષેત્રોમાં 6 કંપનીઓ સાથે રૂ.25,024 કરોડના સમજુતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.
- આ સમિટમાં ઈ–મોબિલિટી, એરોસ્પેસ અને ડિફેન્સ કેટેગરીઝ તેમજ FMCG(Fast-moving consumer goods), ખાંડ, બાયોફ્યુઅલ અને ઓપ્ટિકલ સિસ્ટમ ઈન્ડસ્ટ્રીઝ સાથે સંલગ્ન કંપનીઓ સાથે સમજુતી કરાર પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.
- આ સમિટમાં ભાગીદાર દેશોના સત્રો (sessions)નો સમાવેશ થાય છે, આ દરેક સત્રનું આયોજન ભાગીદાર દેશો (ફ્રાન્સ, જર્મની, નેધરલેન્ડ, દક્ષિણ કોરિયા, જાપાન અને ઓસ્ટ્રેલિયા) દ્વારા કરવામાં આવશે. જેમાં ભાગીદાર દેશોના ઉચ્ચ સ્તરીય મંત્રી અને ઔદ્યોગિક પ્રતિનિધિમંડળો ભાગ લેશે.

**Karnataka વિશે....**

**સ્થાપના** : 1 November 1956
**રાજધાની** : બેંગ્લુરું
**મુખ્યમંત્રી** : બસવરાજ બોમાઈ
**રાજ્યપાલ** : થાવરચંદ ગેહલોત

## ભારતનો પ્રથમ Floating Financial Literacy Camp નું આયોજન

- તાજેતરમાં India Post Payments Bank (IPPB) દ્વારા જમ્મુ અને કાશ્મીરના શ્રીનગરમાં મહિલાઓ દ્વારા મહિલાઓ માટે નાણાકીય સાક્ષરતાને પ્રોત્સાહન આપવા માટે 'નિવેશક દીદી' નામની પહેલના ભાગરૂપે ભારતનો પ્રથમ "Floating Financial Literacy Camp" નું આયોજન કરવામાં આવ્યું હતું.




- આ કેમ્પ શ્રીનગરના પ્રખ્યાત દાલ સરોવર (DAL LAKE)ની આસપાસના સ્થાનિક રહેવાસીઓ વચ્ચે હાથ ધરવામાં આવ્યું હતું.
- આ કેમ્પ નીચે મુજબ વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરશે.
  - વિવિધ બેંકિંગ અને નાણાકીય ઉત્પાદનો પર
  - વિવિધ નિયમનકારી સંસ્થાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી મુખ્ય નાણાકીય સેવાઓમાં જોડાવાના મહત્વ પર
  - રોકાણ અને છેતરપિંડી સબંધિત વિવિધ પ્રકારના જોખમો સામે રક્ષણ કરવા પર
  - આ કેમ્પનો મુખ્ય ધ્યેય અંત સુધી નાણાકીય સશક્તિકરણને પ્રોત્સાહન આપવાનો છે.

❖ **નિવેશક દીદી પહેલ વિશે**

- આ પહેલ મહિલાઓ દ્વારા મહિલાઓ માટે ની કલ્પના પર આધારિત છે. આ ખ્યાલ અનુસાર ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓ તેમના પ્રશ્નો અન્ય મહિલાઓ સાથે શેર કરવામાં વધુ આરામદાયક અનુભવે છે.
- આ પહેલ IPPB દ્વારા Investor Education and Protection Fund Authority (IEPFA) ના સહયોગથી શરૂ કરવામાં આવી છે, જે કેન્દ્રીય કોર્પોરેટ બાબતોના મંત્રાલયના નેજા હેઠળ આવે છે.
- આ પહેલના ભાગરૂપે શ્રીનગરમાં યોજાયેલી IEPFA કોન્ફરન્સ દરમિયાન કાશ્મીર વેલીમાંથી ત્રણ 'નિવેશક દીદી' પ્રતિનિધિઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે.

**India Post Payments Bank (IPPB) વિશે....**

**સ્થાપના** : 1 સપ્ટેમ્બર 2018
**વડુમથક** : નવી દિલ્હી
**મંત્રાલય** : કેન્દ્રિય સંચાર મંત્રાલય
**હેતુ** : ભારતમાં દરેક ઘરને કાર્યક્ષમ બેંકિંગ સેવાઓની એક્સેસ પ્રદાન કરવાનો અને તેમને આર્થિક રીતે સુરક્ષિત અને સશક્ત બનવા માટે સક્ષમ બનાવવાનો છે

## વિશ્વની સૌથી ઊંચી ભગવાન શિવની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું.

- તાજેતરમાં રાજસ્થાન રાજ્યના રાજસંમદ જિલ્લાના નાથદ્વારામાં બનેલી ભગવાન શિવની સૌથી ઊંચી પ્રતિમાનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.



- ભગવાન શિવની પ્રતિમાના લોકાર્પણ પ્રસંગે રાજસ્થાનમાં પૂ.શ્રી મોરારી બાપુ દ્વારા રામકથાનું આયોજન કરવામાં આવ્યું હતું.
- રાજસ્થાનના નાથદ્વારા વિસ્તારમાં ભગવાન શિવની પ્રતિમાનું નિર્માણ કરવામાં આવ્યું છે, જે વિશ્વની સૌથી ઊંચી શિવ પ્રતિમા છે.
- આ પ્રતિમાને 'વિશ્વાસ સ્વરૂપમ' નામ આપવામાં આવ્યું છે. જેની ઊંચાઈ 369 ફૂટ (112 મીટર) છે.
- જેને 'Statue of Belief' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ પ્રતિમા સંત કૃપા સનાતન સંસ્થા દ્વારા તૈયાર કરાવવામાં આવી છે.
- આ પ્રતિમાનું નિર્માણ અમેરિકન અને ઓસ્ટ્રેલિયન કંપની દ્વારા કરવામાં આવ્યું છે.
- આ પ્રતિમામાં લિફ્ટ, સીડી, હોલ વગેરે બનાવવામાં આવ્યા છે.
- બાંધકામ દરમિયાન 3000 ટન સ્ટીલ અને લોખંડ, 2.5 લાખ ઘન ટન કોંક્રિટ અને રેતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- આ પ્રતિમાનું નિર્માણ એ રીતે કરવામાં આવ્યુ છે કે 250 કિમીની ઝડપે ફૂંકાતા પવનની પણ મૂર્તિ પર કોઈ અસર નહીં થાય.

**રાજસ્થાન વિશે....**

**સ્થાપના** : 30 નવેમ્બર, 1949
**રાજધાની** : જયપુર
**મુખ્યમંત્રી** : અશોક ગેહલોત
**રાજ્યપાલ** : કલરાજ મિશ્રા

## રાષ્ટ્રીય આદિવાસી નૃત્ય ઉત્સવ 2022 નું આયોજન




- તાજેતરમાં છત્તીસગઢ રાજ્યના સ્થાપના દિવસ નિમિત્તે છત્તીસગઢના રાયપુરમાં આયોજિત 'રાષ્ટ્રીય આદિવાસી નૃત્ય ઉત્સવ' ની ત્રીજી આવૃત્તિમાં વિશ્વભરના કલાકારોએ ભાગ લીધો હતો.
- ભારત અને મોઝામ્બિક, મોંગોલિયા, ટોંગા, રશિયા, ઈન્ડોનેશિયા, માલદીવ્સ, સર્બિયા, ન્યુઝિલેન્ડ અને ઈજિપ્ત જેવા દેશોમાંથી લગભગ 1500 નર્તકોએ આ ઉત્સવમાં હાજરી આપી હતી.
- રાષ્ટ્રીય આદિવાસી નૃત્ય ઉત્સવ એ છત્તીસગઢના ભવ્ય તહેવારોમાંનો એક છે, જે ભારતમાંજ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં વિવિધ આદિવાસી સમુદાયો દ્વારા ઉજવવામાં આવે છે.
- તેનું છત્તીસગઢના પર્યટન અને સંસ્કૃતિ વિભાગ હેઠળ આયોજન કરવામાં આવે છે.
- આ તહેવારનો ઉદ્દેશ્ય આદિવાસી સમૂદાયોને એક કરવાનો અને દરેકને તેમની સમૃદ્ધ સંસ્કૃતિ વિશે શિક્ષિત કરવાની તક પૂરી પાડવાનો છે.
- પ્રથમ રાષ્ટ્રીય આદિવાસી નૃત્ય મહોત્સવ વર્ષ 2019 માં અને બીજો વર્ષ 2021 માં યોજાયો હતો.

**Chhatishghadh વિશે....**

**સ્થાપના** : 01 નવેમ્બર, 2000
**રાજધાની** : રાયપુર
**મુખ્યમંત્રી** : ભૂપેશ બઘેલ
**રાજ્યપાલ** : અનસૂયા ઉકેઈ

## ગોવા મેરીટાઈમ સિમ્પોઝિયમ (GMS) 2022




- તાજેતરમાં ગોવામાં નેવલ વોર કોલેજ (NWC) દ્વારા 31 ઓક્ટોબરથી 1 નવેમ્બર 2022 દરમિયાન ગોવા મેરીટાઈમ સેમિનાર (GMS) ની ચોથી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું છે.
- આ સમારોહના સહભાગીઓમાં બાંગ્લાદેશ, કોમોરોસ, ઈન્ડોનેશિયા, મેડાગાસ્કર, મલેશિયા, માલદીવ્સ, મોરેશિયસ, મ્યાનમાર, સેશેલ્સ, સિંગાપોર, શ્રીલંકા અને થાઈલેન્ડ જેવા મિત્ર દેશોના નૌકાદળના કમાન્ડર અથવા સમકક્ષ / મરીન ફોર્સ રેન્કના કેપ્ટન / અધિકારીઓનો સમાવેશ થાય છે.
- વર્ષ 2016 માં ભારતીય નૌકાદળ દ્વારો સ્થાપના કરવામાં આવી હતી. GMSએ ભારત અને હિંદ મહાસાગર ક્ષેત્ર (IOR) ના મુખ્ય દરિયાઈ દેશો વચ્ચે સહયોગી વિચારસરણી, સહકાર અને પરસ્પર સમજણને પ્રોત્સાહન આપવાનું પ્લેટફોર્મ છે.
- આ ઈવેન્ટનું આયોજન નેવલ વોર કોલેજ (ગોવા) દ્વારા દ્વિવાર્ષિક ધોરણે કરવામાં આવે છે.

## Jaga Mission નો અમલ કરવા માટે એક સમજૂતી કરાર

- તાજેતરમાં ઓડિશા સરકાર અને TATA સ્ટીલ ફાઉન્ડેશન દ્વારા રાજ્યની 5 મ્યુનિસિપલ કોર્પોરેશનો(સંબલપુર, રાઉરકેલા, બેરહામપુર, કટક અને ભુવનેશ્વર)માં Jaga Missionનો અમલ કરવા માટે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.
- આ કરાર અનુસાર ટાટા સ્ટીલ ફાઉન્ડેશન દ્વારા નાગરિક માળખાકીય સુવિધાઓ અને સેવાઓ પ્રદાન કરીને ઝૂંપડપટ્ટીઓને રહેવા યોગ્ય નિવાસસ્થાન બનાવવા માટે રાજ્ય સરકારના હાઉસિંગ અને શહેરી વિકાસ વિભાગ સાથે સહયોગ કરવામાં આવશે.
- આ સમજુતીઅ કરાર અંતર્ગત ટાટા સ્ટીલ ફાઉન્ડેશન અને રાજ્ય સરકાર 1,110 સ્લમ વિસ્તારોમાં 2.5 લાખથી વધુ પરિવારોને જમીનના અધિકારો આપવા માટે સાથે મળીને કામ કરશે.
- આ કરાર મુજબ ડ્રોન સર્વેક્ષણ, સ્લમ મેપિંગ, સંપૂર્ણ રહેઠાણ આયોજન અને આવાસ અને સામાન્ય જગ્યા ડિઝાઈન કરવા માટે તકનીકી સહાય પણ આપવામાં આવશે.
- આ કરાર હેઠળ TATA સ્ટીલ ફાઉન્ડેશન શહેરી સ્થાનિક સંસ્થાઓ, NGO અને ઝૂંપડપટ્ટીના રહેવાસી સંગઠનો માટે સહયોગ પ્રદાન કરશે.



### JAGA મિશન વિશે....

- ઓડિશાની રાજ્ય સરકાર દ્વાર વર્ષ 2017 માં જગા મિશનની શરૂઆત કરવામાં આવી હતી, જેને Odisha Liveable Habitat Mission તરીકે પણ ઓળખાય છે.
- આ મિશન વિશ્વની સૌથી મોટી સ્લમ ટાઇટલ અને અપગ્રેડેશન પહેલ છે.
- આ મિશન એક અનોખો લેન્ડ ટાઇટલ પ્રોજેક્ટ છે જેના અંતર્ગત લાયક ઝૂંપડપટ્ટીના રહેવાસીઓને જમીનના અધિકારો આપવામાં આવે છે.
- આ મિશનનો ઉદ્દેશ શહેરી જીવન માટે જરૂરી જમીન, મૂળભૂત સેવાઓ, આવાસ અને અન્ય સવલતોની પહોંચ વધારીને ભવિષ્યમાં શહેરી વિસ્તારોમાં ઝૂંપડપટ્ટીના વિકાસને રોકવા અને ઘટાડવા માટે પરિસ્થિતિઓનું નિર્માણ કરવાનો છે.

## Tokhu Emong Bird Count (TEBC) ની પ્રથમ આવૃત્તિનું આયોજન

- તાજેતરમાં નાગાલેન્ડે 4 થી 7 નવેમ્બર, 2022 દરમિયાન Tokhu Emong Bird Count (TEBC) ની પ્રથમ આવૃત્તિનું આયોજન કર્યું.
- Tokhu શબ્દનો અર્થ તહેવાર (ખાવું કે પીવું) અને Emong શબ્દનો અર્થ નિયત સમયે રોકવું થાય છે




- Tokhu Emong Bird Count (TEBC) એ ચાર–દિવસીય દસ્તાવેજીકરણ ઈવેન્ટ છે જે નાગાલેન્ડમાં પક્ષીઓને સૂચિબદ્ધ કરવા માંગે છે.
- આ ઈવેન્ટમાં પક્ષીઓની પ્રજાતિઓના દસ્તાવેજીકરણ તેમજ પક્ષીઓની ચાલ, ઓનલાઈન સત્રો અને શાળા અને કૉલેજના વિદ્યાર્થીઓ માટે પક્ષીઓ વિશે વાર્તાલાપનો પણ સમાવેશ થાય છે.
- આ ઈવેન્ટ જયારે નાગાલેંડમાં આયોજિત કરવામાં આવે છે, ત્યારે રાજ્યની બહાર ભારતના અન્ય ભાગોમાં રહેતા લોકો પણ પક્ષીઓનું નિરીક્ષણ અને ગણતરી કરીને આ ઈવેન્ટમાં ભાગ લઈ શકે છે અને e Bird (Bird Recording Platform) પર લિસ્ટ અપલોડ કરી શકે છે.
- આ ઈવેન્ટ સમુદાયને પક્ષીઓની પ્રજાતિઓનું અવલોકન કરવા માટે પ્રોત્સાહિત કરે છે, લોકોને પ્રકૃતિ સાથે જોડવામાં અને વૈવિધ્યસભર વસ્તીના દસ્તાવેજીકરણમાં મદદ કરે છે.
- Tokhu Emong એ નાગાલેન્ડના વોખા જિલ્લાના મુખ્ય નાગા વંશીય જૂથ(લોથા નાગાસ) દ્વારા ઉજવવામાં આવતો લણણીનો તહેવાર છે.
- આ 9–દિવસીય પાનખર તહેવાર લણણીની મોસમના અંતની ઉજવણી કરે છે. અને આ તહેવાર દર વર્ષે નવેમ્બરના પ્રથમ સપ્તાહ દરમિયાન ઉજવવામાં આવે છે.

### Nagaland વિશે....

**સ્થાપના** : 30 નવેમ્બર 1963
**રાજધાની** : કોહિમા
**મુખ્યમંત્રી** : નેફીયુ રિયો
**રાજ્યપાલ** : પ્રોફેસર જગદીશ મુખી

## વડાપ્રધાન દ્વારા 'માનગઢ ધામની ગૌર ગાથા' અંતર્ગત વિવિધ પ્રોજેકટોનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

- વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ 01 નવેમ્બર, 2022 ના રોજ રાજસ્થાનના બાંસવાડા જિલ્લામાં 'માનગઢ ધામ કી ગૌરવ ગાથા' કાર્યક્રમમાં હાજરી આપી હતી.




- તેમણે ગુજરાતના પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા ખાતે 860 કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ પણ કર્યો હતો.
- વડાપ્રધાન ગોધરા ખાતે શ્રી ગોવિંદ ગુરુ વિશ્વવિદ્યાલયના નવા કેમ્પસ, વાડેક ગામમાં સંતજોરિયા પરમેશ્વર પ્રાથમિક શાળા અને મેમોરિયલ અને દાંડિયાપુરા ગામમાં રાજરૂપ સિંહ નાયક પ્રાથમિક શાળા અને સ્મારકનું પણ ઉદ્‌ઘાટન કર્યું હતું.
- વડાપ્રધાન ગોધરા કેન્દ્રીય વિદ્યાલય ભવનનો શિલાન્યાસ કરશે. તેઓ ગોધરા મેડિકલ કોલેજના વિકાસ અને કૌશલ્યા યુનિવર્સિટીના વિસ્તરણ કાર્યનો શિલાન્યાસ પણ કર્યો હતો.
- માનગઢ ધામ રાજસ્થાન, ગુજરાત અને મધ્યપ્રદેશના લાખો ભક્તો માટે વિશેષ મહત્વ ધરાવે છે. માનગઢ ધામ રાજસ્થાન અને ગુજરાતની સરહદ પર બાંસવાડા જિલ્લાના આનંદપુરી પંચાયત સમિતિ વિસ્તારની ટેકરી પર આવેલું છે.
- 17 નવેમ્બર, 1913 ના રોજ, ગોવિંદ ગુરુના નેતૃત્વમાં, લગભગ 1500 આદિવાસીઓ અંગ્રેજોથી આઝાદીની લડાઈ લડતા શહીદ થયા હતા.
- કહેવાય છે કે આ ઘટના જલિયાવાલા બાગ કરતા પણ મોટી હતી.

## વડાપ્રધાન દ્વારા નાદપ્રભુ કેમ્પેગૌડાની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું.



- તાજેતરમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બેંગ્લુરુના કેમ્પેગૌડા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સ્થાપિત શ્રી નાદપ્રભુ કેમ્પેગૌડાની પ્રતિમાનું અનાવરણ કર્યુ અને આ ઉપરાંત બેંગ્લોર એરપોર્ટના ટર્મિનલ 2 નું પણ ઉદ્‌ઘાટન કર્યુ છે.
- આ પ્રતિમા બેંગ્લોરના કેમ્પેગૌડા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સ્થાપિત કરવામાં આવી છે. જેની ઊંચાઈ 108 ફૂટ છે.
- આ પ્રતિમાનું વજન 218 ટન છે જેમાં 4 ટન વજનની તલવાર છે.
- આ પ્રતિમાને 'Statue of Prosperity' (સમૃદ્ધિની પ્રતિમા)નામ આપવામાં આવ્યું છે.
- આ પ્રતિમાની ડિઝાઈન પ્રસિદ્ધ શિલ્પકાર રામ વનજી સુતારે તૈયાર કરી છે.
- અનાવરણ પહેલા રાજ્યભરમાં 22,000 થી વધુ સ્થળોએથી 'મૃતિકા' (માટી) એકત્ર કરવામાં આવી હતી. જે પ્રતિમાના ચાર ટાવરમાંથી એકના પાયામાં પવિત્ર માટી સાથે પ્રતીકાત્મક રીતે મિશ્રિત કરવામાં આવી હતી.

### શ્રી નાદપ્રભુ કેમ્પેગૌડા વિશે....

- જન્મ : વર્ષ 1513
- સ્થળ : ચેલહંકા (વર્તમાન આધુનિક બેંગ્લોર, કર્ણાટક)
- અવસાન : વર્ષ 1569
- શ્રી નાદપ્રભુ કેમ્પેગૌડાને બેંગ્લોરના સ્થાપક (1537 માં સ્થાપના) તરીકે ઓળખવામાં આવે છે.
- તેઓ 16 મી સદીમાં વિજયનગર સામ્રાજ્ય હેઠળ સામંત હતા.
- તેઓ વોક્કાલિગા સમુદાયના અગ્રણી વ્યકિત હતા. જે લિંગાયતો પછી કર્ણાટકમાં બીજા સૌથી પ્રભાવશાળી સમુદાય છે.
- પીવાના પાણી અને ખેતીની જરૂરિયાતોને પહોંચી વળવા શહેરમાં લગભગ 1,000 તળાવો વિકસાવવાનો શ્રેય પણ તેમને જાય છે.

## 'ઈટ રાઈટ સ્ટેશન' સર્ટિફિકેશન




- તાજેતરમાં મધ્યપ્રદેશના ભોપાલ રેલવે સ્ટેશનને મુસાફરોને ઉચ્ચ–ગુણવત્તાવાળા પૌષ્ટિક ખોરાક પ્રદાન કરવા માટે 4 સ્ટાર 'ઈટ રાઈટ સ્ટેશન' પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે.
- 4 સ્ટાર રેટિંગ મુસાફરોને સલામત અને આરોગ્યપ્રદ ખોરાક પ્રદાન કરવા માટેના ધોરણો સાથે સ્ટેશનના સંપૂર્ણ પાલનનું સૂચક છે.

### Eat Right Station Certificate વિશે....

- Tag Line : Food Right, Better Life.
- FSSAI દ્વારા 'ઈટ રાઈટ સ્ટેશન' પ્રમાણપત્ર એવા રેલવે સ્ટેશનોને એનાયત કરવામાં આવે છે જે મુસાફરોને સલામત અને આરોગ્યપ્રદ ખોરાક પૂરા પાડવાના ધોરણો નક્કી કરે છે.
- રેલવે સ્ટેશનને 1 થી 5 રેટિંગ સાથે FSSAI એમ્પેનલ્ડ થર્ડ પાર્ટી ઓડિટ એજન્સીના તારણોના આધારે પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવે છે.
- FSSAI 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, 2006' (FSS એક્ટ) હેઠળ સ્થાપિત એક સ્વાયત્ત વૈધાનિક સંસ્થા છે.
- 'ઈટ રાઈટ ઈન્ડિયા' મૂવમેન્ટ એ સરકાર અને FSSAI ની એક પહેલ છે જે તમામ ભારતીયો માટે સલામત, સ્વસ્થ અને ટકાઉ ખોરાક સુનિશ્ચિત કરીને દેશની ખાદ્ય વ્યવસ્થામાં પરિવર્તન લાવે છે.

### મધ્યપ્રદેશ વિશે....

| | | |
|---|---|---|
| મુખ્યમંત્રી | : | શિવરાજ સિંહ ચૌહાણ |
| રાજ્યપાલ | : | મંગુભાઈ પટેલ |
| રાજધાની | : | ભોપાલ |

# 3 ગુજરાત

## ગુજરાતમાં રહેતા અફઘાનિસ્તાન, પાકિસ્તાન, બાંગ્લાદેશ લઘુમતીઓને નાગરિકતા માટેની મંજુરી

- તાજેતરમાં કેન્દ્રીય ગૃહ મંત્રાલય ગુજરાતના આણંદ અને મહેસાણા જિલ્લામાં રહેતા અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના ધાર્મિક લઘુમતીઓ (હિન્દુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તીઓ)ને નાગરિકતા આપવાનો આદેશ જાહેર કરવામાં આવ્યો છે.
- આ આદેશ જિલ્લા કલેક્ટરને નાગરિકતા અધિનિયમ, 1955 હેઠળ આ લઘુમતીઓને નાગરિકતા આપવાનો અધિકાર આપે છે.
- આ આદેશથી એવા સ્થળાંતર કરનારાઓને ફાયદો થશે, જેઓ પાસપોર્ટ અથવા વિઝા દ્વારા ભારતમાં પ્રવેશ્યા છે અને નાગરિકતા અધિનિયમ, 1955ની કલમ 5 (નોંધણી દ્વારા) અને કલમ 6 (નેચરલાઈઝેશન) હેઠળ નાગરિકતા માટે અરજી કરી ચૂક્યા છે.




- આ આદેશનો અમલ કરવા માટે ઓનલાઈન અરજી ઉપલબ્ધ કરાવવામાં આવશે, અને જિલ્લા કલેક્ટર દ્વારા ચકાસણી હાથ ધરવામાં આવશે. ત્યારબાદ કેન્દ્ર સરકારની એજન્સીઓને મોકલવામાં આવશે.
- આ આદેશ અનુસાર ભારતીય નાગરિકતા માટે અરજી કરનારા ઉમેદવારોની ઈન્ટેલિજન્સ બ્યુરો દ્વારા તપાસ કરવામાં આવશે.

### ❖ વિદેશોમાંથી સ્થળાંતર કરનારાઓને ભારતીય નાગરિકતા માટેના જોગવાઈઓ

- વર્તમાન નિયમો હેઠળ, કેન્દ્ર સરકાર દ્વારા નાગરિકતા અધિનિયમ–1955ની કલમ 5 ની જોગવાઈઓ હેઠળ કાયદેસર રીતે સ્થળાંતર કરનારાઓને નાગરિકતા આપવામાં આવે છે, જે નીચે મુજબ છે.
  - ભારતીય મૂળની વ્યક્તિ કે જે નાગરિકતા માટે અરજી કરતા પહેલા સામાન્ય રીતે છેલ્લા 7 વર્ષથી ભારતનો રહેવાસી હતો.
  - ભારતીય મૂળની વ્યક્તિ કે જે સામાન્ય રીતે અવિભાજિત ભારતની બહાર કોઈપણ દેશ અથવા સ્થળનો રહેવાસી હોય.
  - ભારતીય નાગરિક સાથે લગ્ન કરનાર વ્યક્તિ.
  - સંપૂર્ણ ઉંમર અને ક્ષમતા ધરાવતી વ્યક્તિ કે જેઓ અથવા તેના માતા–પિતામાંથી કોઈ પણ અગાઉ સ્વતંત્ર ભારતના નાગરિક હતા અને નાગરિકતા માટે અરજી કરતા પહેલા એક વર્ષ સુધી ભારતમાં રહે છે.
  - નાગરિકતા અધિનિયમ–1955ની કલમ 6 હેઠળ, જો કોઈ વ્યક્તિ સામાન્ય રીતે ભારતમાં 12 વર્ષ સુધી રહેતી હોય અને નાગરિકતા અધિનિયમના ત્રીજા શિડ્યુલ હેઠળ ફરજિયાત તમામ લાયકાતોને પૂર્ણ કરતી હોય તો તે નેચરલાઈઝેશન દ્વારા ભારતીય નાગરિકતા પ્રાપ્ત કરી શકે છે.

### ❖ વિશેષ

- કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત, છત્તીસગઢ, રાજસ્થાન, હરિયાણા અને પંજાબના કેટલાક જિલ્લાઓમાં જિલ્લા મેજિસ્ટ્રેટને સમાન આદેશો વર્ષ 2016, 2018 અને 2021માં જાહેર કરવામાં આવ્યા હતા.
- વર્ષ 2016 અને 2018માં અમદાવાદ, ગાંધીનગર અને કચ્છના જિલ્લા કલેક્ટરને અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના લઘુમતીઓને નાગરિકતા આપવાની સત્તા આપવામાં આવી હતી.
- ગુજરાતના ગૃહ પ્રધાને ઓગસ્ટ 2022 માં, અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે 40 પાકિસ્તાની હિન્દુઓને ભારતીય નાગરિકતા પ્રમાણપત્રોનું વિતરણ કર્યું હતું. અને 107 પાકિસ્તાની હિન્દુઓને ભારતીય નાગરિકતા આપવામાં આવી હતી.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ Mission Life શરૂ કર્યું

- તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતેથી 'મિશન લાઈફ' અભિયાનની શરૂઆત કરી.
- આ મિશનલાઈફ અભિયાન દ્વારા વર્ષ 2028 સુધીમાં ભારતમાં તમામ ગામડાઓ અને શહેરી સ્થાનિક સંસ્થાઓના ઓછામાં ઓછા 80% ને ઈકો-ફ્રેન્ડલી બનાવવાનું લક્ષ્ય છે.
- આ મિશન Life અભિયાનનો ઉદ્દેશ્ય પર્યાવરણને લગતી જાગૃત જીવનશૈલીને પ્રોત્સાહન આપવાનું છે.
- મિશનની શરૂઆત સાથે પ્રવર્તમાન 'ઉપયોગ અને નિકાલ' અર્થતંત્ર, આડેધડ અને વિનાશક વપરાશ અને વહીવટને ચક્રીય અર્થતંત્ર દ્વારા બદલવામાં આવશે, જેને 'સભાન અને સ્વ ઉપયોગ' દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવશે.



- આ ચળવળનો ઉદ્દેશ સામૂહિક પગલાંની શકિતનો ઉપયોગ કરવાનો છે અને વિશ્વભરના લોકોને તેમના રોજિંદા જીવનમાં સરળ આબોહવા – મૈત્રીપૂર્ણ પગલા લેવા માટે પ્રેરણા આપવાનો છે.
- મિશન લાઈફના ભાગરૂપે ભારત સરકારે 75 જીવનશૈલી પદ્ધતિઓની સૂચિનું અનાવરણ કર્યુ છે. જે આબોહવા – મૈત્રિપૂર્ણ વર્તનને પ્રોત્સાહન આપી શકે છે.
- નીતિ આયોગે 'મિશન લાઈફ' (પર્યાવરણ માટેની જીવનશૈલી) ના વિચારની કલ્પના કરી હતી.

### Mission Life વિશે....

- નવેમ્બર, 2021 માં ગ્લાસગોમાં COP26 ખાતે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા મિશન લાઈફની રજૂઆત કરવામાં આવી હતી.
- તે ભારતની આગેવાની હેઠળનું વૈશ્વિક લોક ચળવળ છે જે પર્યાવરણ સંરક્ષણ તરફ વ્યકિતગત અને સામુહિક પગલાને આગળ વધારશે.
- આ ધ્યેય હાંસલ કરવા માટે નીચેના પગલાનું પાલન કરવામાં આવશે :
  - લોકોમાં ઈકો – ફ્રેન્ડલી દૈનિક વ્યવહારને પ્રોત્સાહન આપવું.
  - માંગમાં થતા ફેરફારોને પ્રતિસાદ આપવા માટે ઉદ્યોગો અને બજારોને સક્ષમ બનાવવું.
  - ટકાઉ વપરાશ અને ઉત્પાદન બંનેને ટેકો આપવા માટે સરકાર અને ઔદ્યોગિક નીતિને પ્રભાવિત કરવી.
- આ મિશનનો ઉદ્દેશ્ય 2022 અને 2027 વચ્ચેના સમયગાળા માટે પર્યાવરણની જાળવણી માટે ઓછામાં ઓછા 1 અબજ ભારતીયો અને વિદેશીઓને એકત્ર કરવાનો છે.
- વ્યકિતગત ઈકો–ફ્રેન્ડલી વર્તનને જન ચળવળ બનાવીને મિશન લાઈફનો અમલ કરવામાં આવશે.
- તે વિશ્વભરના સ્થાનિક આબોહવા – અનુકૂલિત સામાજિક ધોરણો અને ધાર્મિક માન્યતાઓનો પણ લાભ લેશે.

## વડોદરામાં એરફોર્સ માટે C-295 ટ્રાન્સપોર્ટ એરક્રાફટનું ઉત્પાદન કરવામાં આવશે.

- 30 ઓકટોબરના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વડોદરામાં C-295 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ મેન્યુફેકચરિંગ સુવિધાનો શિલાયન્સ કર્યો હતો.
- વડોદરામાં સ્થિત C- 295 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ મેન્યુફેકચરિંગ ફેસેલિટી તેના પ્રકારનો પ્રથમ પ્રોજેકટ હશે જેમાં ખાનગી કંપની દ્વારા ભારતમાં લશ્કરી એરક્રાફટનું ઉત્પાદન કરશે.




- આ પ્રોજેકટ યુરોપિયન ઉડ્ડયન અગ્રણી એરબસ (Airbus) અને ટાટા એડવાન્સ સિસ્ટમ (TSAL) – ટાટા જૂથની સંરક્ષણ શાખા દ્વારા સંયુકત રીતે અમલમાં મૂકવામાં આવશે.
- આ સુવિધા ભારતીય વાયુસેના દ્વારા ઉપયોગમાં લેવાતા 40295 ટ્રાન્સપોર્ટ એરક્રાફટનું ઉત્પાદન કરશે.
- આ એરક્રાફ્ટ વર્ષ 2023 થી 2031 દરમિયાન ભારતીય વાયુસેનાને આપવામાં આવશે.
- પ્રથમ 40 ફલાય – વે એરક્રાફટની ડિલિવરી વર્ષ 2026 થી કરવામાં આવશે.

❖ **વિશેષ :**

(1) સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિએ સપ્ટેમ્બર 2021 માં સ્પેન સ્થિત એરબસ ડિફેન્સ એન્ડ સ્પેસ પાસેથી 56 C-295 ટ્રાન્સપોર્ટ એરક્રાફટની ખરીદીને મંજૂરી આપી હતી. અને તે જ મહિનામાં સંરક્ષણ મંત્રાલયે કંપની સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

(2) આ કરારના ભાગરૂપે 16 એરક્રાફટ પહોંચાડવામાં આવશે અને 40 એરક્રાફટનું ઉત્પાદન ભારતીય કંપની TASL ના નેતૃત્વમાં ટાટા કન્સોર્ટિયમ દ્વારા કરવામાં આવશે.

(3) ભારતીય વાયુસેનાને 56 એરક્રાફટની ડિલિવરી કર્યા પછી એરબસ ડિફેન્સ અને સ્પેસને ભારતમાં ઉત્પાદિત એરક્રાફટ સિવિલ ઓપરેટરોને વેચવાની અને ભારત સરકાર દ્વારા મંજૂર કરાયેલા દેશોમાં નિકાસ કરવાની મંજૂરી આપવામાં આવશે.

## ગિરનારની લીલી પરિક્રમા

- ગુજરાતમાં ગરવા ગિરનારની પરિક્રમા 'લીલી પરિક્રમા' તરીકે ઓળખાય છે.
- હિંદુ કેલેન્ડર પ્રમાણે પ્રતિ વર્ષ કારતક સુદ અગિયારસની મધ્યરાત્રીએ આ પરિક્રમાનો વિધિવત્ પ્રારંભ થાય છે.




❖ **ગિરનારની લીલી પરિક્રમાની વિશેષતાઓ**

- દર વર્ષે કારતક સુદ અગિયારસથી કારતકી પૂનમ સુધી આ પરિક્રમા યોજાય છે.
- ગિરનારની પરિક્રમાથી ગરવા ગિરનારમાં વસતા 33 કરોડ દેવતાઓના તપનું પુષ્ય મળે છે એવી લોકવાયકા છે.

- આ પરિક્રમા લગભગ 36 કિલોમીટર લાંબી છે.
- આ પરિક્રમાનો પ્રારંભ જૂનાગઢની ભવનાથ તળેટીમાં આવેલ દુધેશ્વર મહાદેવની મંદિરથી થાય છે.
- આ પરિક્રમા પૂર્ણ કર્યા બાદ ભાવિકો દામોદર કુંડમાં સ્નાન કરે છે. એવું કહેવાય છે કે જ્યાં સુધી દામોદર કુંડમાં સ્નાન ન કરે ત્યાં સુધી લીલી પરિક્રમા અધૂરી ગણાય છે.
- આ પરિક્રમાના મુખ્ય પડાવોમાં ઝીણાબાવાની મઢી, માળવેલા અને બોરદેવી મંદિર સમાવેશ થાય છે.
- લીલી પરિક્રમાના રૂટ પર ત્રણ ઘોડીઓ (એટલે કે પર્વતોની વચ્ચે પસાર થઈ રહેલી બળદના ખૂંધ જેવી રચના. જેમાં પહેલાં ચઢાણ ચઢવાનું અને પછી એ ચઢાણ ઉતરવાનું હોય છે.) આવે છે.
  (1) ઈંટવા ઘોડી, (2) માળવેલા ઘોડી (3) નાળ – પાણીની ઘોડી
- જેમાં નાળ – પાણીની ઘોડી સૌથી આકરી અને ઘણી ઊંચાઈએ આવેલ છે. તેમજ તેનું ચઢાણ એકદમ સીધું છે.
- આ ઘોડી માળવેલા તથા બોરદેવી મંદિરની વચ્ચે સ્થિત છે.

## ગુજરાતમાં 15મી વિધાનસભા ચૂંટણીની જાહેરાત

- 3 નવેમ્બર, 2022 ના રોજ ભારતના ચૂંટણી પંચે ગુજરાત રાજ્યમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓની જાહેરાત કરી છે. આ જાહેરાત મુજબ ગુજરાતમાં બે તબક્કામાં મતદાન યોજાવાનું છે. જેમાં 1 ડિસેમ્બર અને 5 ડિસેમ્બરના રોજ મતદાન થવાનું છે. જ્યારે મત ગણતરી ગુજરાત સાથે હિમાચલ પ્રદેશની પણ 8 ડિસેમ્બરે થશે.
- નવેમ્બર મહિનામાં ગુજરાત ઉપરાંત હિમાચલ પ્રદેશમાં પણ ચૂંટણી યોજાવાની છે.




### કેન્દ્રિય ચૂંટણીપંચ વિશે....

**સ્થાપના** : 25 જાન્યુઆરી, 1950

- કેન્દ્રીય ચૂંટણી પંચ એ એક સ્થાયી અને બંધારણીય સંસ્થા છે. ભારતીય બંધારણના અનુચ્છેદ 324 અનુસાર લોકસભા, રાજ્યસભા, રાજ્ય વિધાનસભાઓ, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીઓનું સંચાલન અને નિયંત્રણ કરે છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 324 (2) મુજબ ચૂંટણી પંચમાં એક મુખ્ય ચૂંટણી કમિશનર તથા અન્ય ચૂંટણી કમિશનરની રાષ્ટ્રપતિ નક્કી કરે તેટલી સંખ્યા હોય છે.
- રાષ્ટ્રપતિ દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરની નિમણૂક કરવામાં આવે છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 324 (3) મુજબ જયારે અન્ય ચૂંટણી કમિશનરની નિમણૂક કરવામાં આવશે ત્યારે મુખ્ય ચૂંટણી કમિશનર એ ચૂંટણીપંચના અધ્યક્ષ તરીકે કાર્ય કરશે.
- ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરનો કાર્યકાળ 6 વર્ષ અને 65 વર્ષની ઉંમરએ બે માંથી જે પહેલા આવે તે હોય છે.
- ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરોના વેતન અને ભથ્થા એક સમાન હોય છે.
- તેમને સુપ્રીમ કોર્ટના ન્યાયધીશ જેટલું જ વેતન અને ભથ્થા આપવામાં આવે છે.
- મુખ્ય ચૂંટણી કમિશનરને પદ પરથી દૂર કરવાની પ્રક્રિયા એ સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયધીશને દૂર કરવાની પ્રક્રિયા મુજબ જ છે.
- જયારે અન્ય ચૂંટણી કમિશનરને રાષ્ટ્રપતિ મુખ્ય ચૂંટણી કમિશનરની સલાહથી હટાવી શકે છે.
- રાજ્ય ચૂંટણીપંચ પંચાયતો અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીનું સંચાલન અને આયોજન કરે છે.

## સોમનાથનો કાર્તિકી પૂર્ણિમાનો લોકમેળો

- તાજેતર ગીર સોમનાથ જિલ્લાના સોમનાથ ખાતે પાંચ દિવસીય કાર્તિકી પૂર્ણીમાના મેળાનું આયોજન થયું હતું. સૌરાષ્ટ્રના આ સૌથી મોટા લોકમેળાનું સોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા અઠાવન વર્ષથી અહી કાર્તિકી પૂર્ણિમાના મેળાનું આયોજન થાય છે. ત્રિવેણી ઘાટના વિશાળ મેદાનમાં આ મેળો ભરાય છે.

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ભરતી પરીક્ષા - ૨૦૨૨ જાહેર

TET-1 TET-2 STD: 9th & 10th STD: 11th & 12th

SURAT

# TET/TAT

**Online Form 21st Oct. To 5th Dec - 2022**

Govt. Jobs

શૈક્ષણિક મનોવિજ્ઞાન તેમજ વિષયવસ્તુ નું નિષ્ણાતો દ્વારા સંપૂર્ણ પરીક્ષાલક્ષી માર્ગદર્શન

ADMISSION OPEN

- English
- ગુજરાતી
- Maths
- Reasoning
- સામાન્યજ્ઞાન
- શૈક્ષણિક મનોવિજ્ઞાન

જેવા વિષયો પર વિશેષ ભારણ

તૈયારી માટેના નવા વર્ગો

**ટૂંક સમયમાં શરૂ**

અનુભવી ફેકલ્ટીઓ દ્વારા તમામ વિષયોની તૈયારી

આજે જ આપની નજીકની શાખાનો સંપર્ક કરો...

(Creating A Way For Govt. Jobs)

**Banking Academy**

(Preparation for All Types of Competitive Exams)

Join Demo Class

| સુરત (ઉધના) | સુરત (વરાછા) | નવસારી | વ્યારા |
| --- | --- | --- | --- |
| Ph. : 70461 40555 | Ph. : 70464 16555 | Ph. : 70466 41555 | Ph. : 90998 64658 |

# 4 રિપોર્ટ અને ઈન્ડેક્સ

## State Food and Agruculture Report 2022 જાહેર

- તાજેતરમાં United Nations ના FOOD AND AGRICULTURE ORGANIZATION (FAO) દ્વારા 2 નવેમ્બરના રોજ ખાદ્ય અને કૃષિ રાજ્ય 2022 રીપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે, જે દર વર્ષે બહાર પાડવામાં આવે છે.
- આ રીપોર્ટ વિજ્ઞાન – આધારિત મૂલ્યાકનના માધ્યમથી ખોરાક અને કૃષિ ક્ષેત્ર સાથે સંબંધિત વિવિધ મુદ્દાઓની વ્યાપક માહિતી આપે છે.

❖ **રીપોર્ટના મુખ્ય મુદ્દાઓ**

- આ રીપોર્ટમાં એગ્રીકલ્ચર ઓટોમેશનના વિવિધ પરિબળોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે, જેમાં વર્તમાન વિકસિત ડિજિટલ તકનીકોનો સમાવેશ થાય છે.
- આ રીપોર્ટમાં વિશ્વની વિવિધ કૃષિ ઉત્પાદન પ્રણાલીઓમાં ડિજિટલ ઓટોમેશન ટેક્નોલોજીઓને અપનાવવા માટેના બિઝનેસ કેસ સ્ટડીઝનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.
- આ રીપોર્ટ નાના પાયાના ઉત્પાદકો દ્વારા ડિજિટલ તકનીકોને અપનાવવા માટે અવરોધતા પરિબળો જેવા કે, નીચી ડિજિટલ સાક્ષરતા અને કનેક્ટિવિટી અને વીજળીની એક્સેસ જેવી સહાયક માળખાકીય સુવિધાઓનો અભાને શોધી કાઢે છે.
- આ રીપોર્ટ માં એવી નિતિઓની ભલામણ કરવામાં આવી છે, જે વંચિત જૂથોને કૃષિ ઓટોમેશન ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં સક્ષમ બનાવશે અને ટકાઉ કૃષિ ખાદ્ય પ્રણાલીઓના નિર્માણમાં મદદ કરશે.
- આ રીપોર્ટ મુજબ ઉત્તર અમેરિકા, યુરોપ અને ઓશનિયામાં ઉચ્ચ આવક ધરાવતા દેશોમાં કૃષિ ક્ષેત્ર 1960 ના દાયકાથી અત્યંત ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે. જો કે ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં કૃષિ ક્ષેત્ર ઓછા ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે.
- આ રીપોર્ટ શ્રમ–બચત તકનીકોને કારણે બેરોજગારી સંકટને લગતી ચિંતાઓને સંબોધે છે અને ઘણી ભલામણો આપે છે. જે નીચે મુજબ છે.
  - એવા પ્રદેશોમાં ઓટોમેશનની સબસિડી ટાળવી જ્યાં ગ્રામીણ શ્રમ વધારે પ્રમાણમાં હોય અને વેતન ઓછું હોય.
  - ઓટોમેશન ટેક્નોલોજીને અપનાવવા માટે અનુકૂળ વાતાવરણનું નિર્માણ.
  - ઓટોમેશનને કારણે તેમની આજીવિકા ગુમાવવાની સંભાવના ધરાવતા ઓછા – કુશળ કામદારો માટે સામાજિક સુરક્ષા પૂરી પાડવી.




### Food And Agriculture Organization (FAO) વિશે....

**સ્થાપના** : 16 ઓક્ટોબર 1945
**વડુમથક** : રોમ (ઈટલી)
**અધ્યક્ષ** : કયુ ડોંગ્યુ

- ફુડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન એ સંયુકત રાષ્ટ્રની એક વિશિષ્ટ સંસ્થા છે જે ભૂખમરો ઓછો કરવા, પોષણ સ્તરને ઊંચું લઈ જવા અને ખાદ્ય સુરક્ષાને સુધારવા માટેના આંતરરાષ્ટ્રીય પ્રયત્નોનું નેતૃત્વ કરે છે.

## State of the Global Climate in 2022 Report જાહેર

- તાજેતરમાં World Meteorological Organization (WMO) દ્વારા 6 નવેમ્બરના રોજ State of the Global Climate in 2022 રીપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે.

❖ **રીપોર્ટ ના મુખ્ય મુદ્દાઓ**

- આ રીપોર્ટ મુજબ ગ્રીનહાઉસ ગેસની સતત વધતી જતી સાંદ્રતા અને સંચિત ગરમીને કારણે છેલ્લાં આઠ વર્ષ સતત સૌથી ગરમ રહ્યા હતા.
- આ રીપોર્ટ મુજબ વર્ષ 2021 માં મહાસાગરની ગરમી ઉચ્ચ સ્તરે વધી છે, જે છેલ્લા બે દાયકામાં સમુદ્રી ઉષ્ણતાનો સૌથી વધુ દર નોંધાયો છે.
- આ રીપોર્ટ અનુસાર લગભગ 3 દાયકા પહેલા સેટેલાઈટ માપન શરૂ થયું ત્યારથી દરિયાની સપાટીમાં થયેલા સંપૂર્ણ વધારામાં છેલ્લા 2.5 વર્ષોનો હિસ્સો લગભગ 10 ટકા છે.




- આ રીપોર્ટ મુજબ વર્ષ 2022 માં યુરોપીયન આલ્પ્સમાં હિમનદીઓના પીગળવાના રેકોર્ડ દર જોવા મળ્યા છે.

- આ રીપોર્ટ મુજબ ગ્રીનલેન્ડની બરફની ચાદર સતત 26 માં વર્ષે પીગળી છે, આ ક્ષેત્રમાં પહેલીવાર સપ્ટેમ્બર 2022 માં હિમવર્ષાને બદલે વરસાદ જોવા મળ્યો છે.
- આ રીપોર્ટ અનુસાર સતત ચાલુ રેહલ ગ્લોબલ વોર્મિંગના લીધે દરિયાની સપાટી પ્રતિ સદીમાં 0.5 થી 1 મીટર વધી રહી છે, જેથી દરિયાકાંઠાના પ્રદેશો અને નીચાણવાળા રાજ્યોમાં રહેતા લાખો લોકો માટે આ એક મોટો અને લાંબાગાળાનો ખતરો છે.
- આ રીપોર્ટ મુજબ વર્ષ 2022 માં જળવાયુ પરિવર્તનને કારણે ભારત સહિત દક્ષિણ એશિયા સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાંનો એક વિસ્તાર તરીકે નોધાયો છે. જેના કારણે આ વિસ્તારો વર્ષ 2022 ની સીલેકટેડ ઉચ્ચ અસરની ઘટનાઓના ચાર્ટમાં ટોચ પર છે.
- આ રિપોર્ટ મુજબ 33 મિલિયનથી વધુ લોકો પ્રતિકૂળ અસરગ્રસ્ત અને 7.9 મિલિયન લોકો વિસ્થાપિત થયા છે. જેમાં આર્થિક રીતે નબળા અને અન્ય નબળા સમુદાયો સૌથી વધુ અસરગ્રસ્ત થયા છે.

**World Meteorological Organization (WMO) વિશે....**

**સ્થાપના** : 23 માર્ચ 1950
**વડુમથક** : જીનીવા, સ્વિત્ઝર્લેન્ડ
**સભ્ય** : 193
**અધ્યક્ષ** : ગેરહાર્ડ એડ્રિયન

- આ રીપોર્ટ અનુસાર ઉચ્ચ તાપમાન, ઘઉની નિકાસ પર પ્રતિબંધ અને ભારતમાં ચોખાની નિકાસ પરના નિયંત્રણોના કારણે વૈશ્વિક ખાદ્ય ઉદ્યોગને જોખમનો સામનો કરી રહ્યો છે. જેથી આ ખાદ્ય ઉદ્યોગો પર મુખ્ય ખોરાક તરીકે આધાર રાખતા દેશો ખાદ્ય અસુરક્ષા (Food Insecurity) નો સામનો કરે છે.

## Global Gender Wealth Equity report 2022 જાહેર

- તાજેતરમાં ગ્લોબલ જેન્ડર વેલ્થ ઈક્વિટી રિપોર્ટ 2022 બહાર પાડવામાં આવ્યો છે, જેને World Economic Forum (WEF) અને Willis Towers Watson(WTW) દ્વારા સંયુકત રીતે વિકસાવવામાં આવ્યો છે.
- આ રીપોર્ટ વિશ્વમાં જાતિ–આધારિત સંપત્તિના તફાવતોની શોધ કરે છે અને તે અસમાનતા પાછળના કારણોનું મૂલ્યાંકન કરે છે, જેમ કે કારકિર્દી, કૌટુંબિક સમર્થન, જીવનની ઘટનાઓ અને નાણાકીય સાક્ષરતા વગેરે.




**❖ રીપોર્ટના મુખ્ય મુદ્દાઓ**

- આ રિપોર્ટ અનુસાર જ્યારે મહિલાઓ નોકરીમાંથી નિવૃત્ત થશે, ત્યારે તેમની પાસે પુરૂષોની સંચિત સંપત્તિના માત્ર 74 ટકા સંપત્તિ રહેશે, જે મુખ્યત્વે પગારમાં તફાવત અને પ્રમોશનમાં વિલંબને કારણે છે.
- આ રીપોર્ટ અનુસાર એશિયા પેસિફિક ક્ષેત્રમાં જાતિ આધારિત (Gender Wealth) તફાવત ભારતમાં 90% અને દક્ષિણ કોરિયામાં 64% છે.
- આ રીપોર્ટ મુજબ એશિયા–પેસિફિકમાં સૌથી ઓછું વૈશ્વકિ સંપત્તિ અંતર છે. આ ક્ષેત્રમાં મહિલાઓ પુરુષોના સંપત્તિ સ્તરના લગભગ ત્રણ ચતુર્થાંશ (76 ટકા) ધરાવે છે, જે વૈશ્વકિ સરેરાશ કરતાં માત્ર 2% વધારે છે.
- આ રિપોર્ટ અનુસાર વિશ્લેષણમાં સમાવિષ્ટ કુલ 6 બજારોમાં વૈશ્વકિ સરેરાશની સરખામણીમાં મહિલાઓ માટે નિવૃત્તિ સમયે ઉચ્ચ સંપત્તિ સૂચકાંક ચીનમાં (78 ટકા), જાપાનમાં (82 ટકા), ફિલિપાઈન્સમાં (79 ટકા) અને સિંગાપોરમાં (79 ટકા) છે.

**Willis Towers Watson (WTW) વિશે...**

**સ્થાપના** : 5 જાન્યુઆરી, 2016
**વડુમથક** : લંડન (ઈંગ્લેન્ડ)
**કાર્યરત** : 140થી વધુ દેશોમાં

**❖ ભારતમાં સૌથી ખરાબ જાતિ – આધારિત સંપત્તિ તફાવતના કારણો**

- ભારતનો જાતિ–આધારિત વેતન તફાવત વૈશ્વકિ સરેરાશ કરતા વધારે છે, જે ખાસ કરીને વ્યાવસાયિક અને તકનીકી ભૂમિકાઓમાં જોવા મળે છે.
- મહિલાઓ માટે નેતૃત્વની ભૂમિકાઓ મર્યાદિત છે, જેના કારણે વર્કફોર્સમાં માત્ર 3 ટકા મહિલાઓ જ વરિષ્ઠ સ્તરના હોદ્દા ધરાવે છે.
- સ્ત્રીઓ નાની ઉંમરે બાળ સંભાળની જવાબદારીઓ સ્વીકારે છે જેના કારણે નાણાકીય બોજો વધે છે, જેને એકલા વહન કરી શકાય નહી.
- લાંબા ગાળાના નાણાકીય નિર્ણયો સામાન્ય રીતે પુરુષોના હાથમાં રહે છે.
- ભારતમાં કામ કરતી મહિલાઓની નાણાકીય સાક્ષરતા ઓછી છે.

**World Economic Forum (WEF) વિશે....**

**સ્થાપના** : વર્ષ 1971 (બિન–લાભકારી સંસ્થા)
**વડુમથક** : જીનીવા, સ્વિટ્ઝર્લેન્ડ (યુરોપિયન દેશ)

- વર્ષ 2022માં 52મી વાર્ષિક મિટિંગ : દાવોસ (Davos), સ્વિટ્ઝલેન્ડ
- થીમ–2022 : સાથે કામ કરવુ, વિશ્વાસ પુનઃ સ્થાપિત કરવો (Working together, Restoring Trust)
- સંસ્થા દ્વારા આપવામાં આવતા રિપોર્ટ અને ઈન્ડેક્સ : Global competitiveness Rpoert, Global Enabling Trade Report, Global Gender Gap Index, Human Capital Index and Inclusive Development Index.

## The Adaptation Gap Report(AGR) 2022 જાહેર

- તાજેતરમાં United Nations Environment Programme (UNEP) દ્વારા "The Adaptation Gap Report" 2022: Too Little, Too Slow - Climate adaptation failure puts world at risk શીર્ષક હેઠળનો રીપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે.
- આ રીપોર્ટ UNEP દ્વારા અનુકૂલન આયોજન, ધિરાણ અને અમલીકરણ પર વૈશ્વિક પ્રગતિનું વિજ્ઞાન આધારિત મૂલ્યાંકન પ્રદાન કરવા વર્ષ 2014થી દર વર્ષે બહાર પાડવામાં આવે છે.




- અનુકુલન (Adaptation) એ આબોહવા પરિવર્તનના પરિણામો સામે રક્ષણ આપવા માટે લેવાયેલા પગલાં છે. તે સામાજિક, આર્થિક અને ઇકોલોજીકલ પ્રણાલીઓમાં સુધારોનો ઉલ્લેખ કરે છે, જે આબોહવા સંકટને કારણે બદલાઈ રહી છે અથવા બદલાશે.
- આબોહવા ક્રિયાના ત્રણ ભાગ છે, જે નીચે મુજબ છે :
  (1) અનુકૂલન (Adaption)
  (2) ગ્લોબલ વોર્મિંગની અસરોને ઘટાડવાના પ્રયાસો (Mitigation)
  (3) એવા પ્રયાસો કે જે દેશોને આપત્તિઓની અસરને ઓછી કરવા અને તેના પછીના પરિણામોમાંથી પુનઃ પ્રાપ્ત કરવા સક્ષમ બનાવે છે.

❖ **રીપોર્ટના મુખ્ય મુદ્દાઓ**

- આ રીપોર્ટ અનુસાર વર્ષ 1850થી 1900ના ઔદ્યોગિકીકરણ પહેલાના યુગના સરેરાશ વૈશ્વિક તાપમાનની સરખામણીએ વર્તમાનના સરેરાશ વૈશ્વિક તાપમાનમાં 2.8 ડિગ્રી સેલ્સિયસના વધારો થયો છે.
- આ રીપોર્ટ અનુસાર વર્ષ 2022માં UNFCCC (United Nations Framework Convention on Climate Change)ના ઓછામાં ઓછા 84% આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પાસે અનુકૂલન યોજનાઓ, વ્યૂહરચના, નીતિઓ અને કાયદાઓ છે જેમાં પાછલા વર્ષની સરખામણીમાં 5%નો વધારો થયો છે.
- આ રીપોર્ટ મુજબ જો ગ્લોબલ વોર્મિંગ 2 ડિગ્રી સેલ્સિયસથી ઉપર જાય તો તે વિનાશક આબોહવા સંકટનું કારણ બની શકે છે.

### United Nations Environment Programme (UNEP) વિશે....

**સ્થાપના** : 5 જૂન 1972
**વડુમથક** : નૈરોબી, કેન્યા
**ઉદ્દેશ** : પર્યાવરણીય ટકાઉપણું અને માનવ સુખાકારીને પ્રોત્સાહન આપતી વેપાર નીતિઓ ડિઝાઇન અને અમલમાં મૂકવાની દેશોની ક્ષમતાને વધારવી

### United Nations Framework Convention on Climate Change વિશે....

**અમલ** : 21 માર્ચ 1994
**સચિવાલય** : બોન, જર્મનીમા
**હેતુ** : વાતાવરણમાં ગ્રીનહાઉસ ગેસની સાંદ્રતાને એવા સ્તરે સ્થિર કરવાનો છે.

## Unified District Information System for Education plus (UDISE+) Report જાહેર

- તાજેતરમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા ભારતના શાળા શિક્ષણ પર યુનિફાઇડ ડિસ્ટ્રિક્ટ ઇન્ફોર્મેશન સિસ્ટમ ફોર એજ્યુકેશન પ્લસ (UDISE+) 2021-22 પર રીપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે.
- આ રીપોર્ટના 4 માપદંડો છે જે નીચે મુજબ છે :
  (1) નોંધણી (Enrolments)
  (2) શિક્ષકો (Teachers)
  (2) શાળાઓમાં છોકરીઓ (Girls in school)
  (4) શાળાઓ અને સુવિધાઓ (Schools and Amenities)



- UDISEની શરૂઆત વર્ષ 2012-13માં કરવામાં આવી હતી. જે શાળા શિક્ષણ પરની સૌથી મોટી વ્યવસ્થાપન માહિતી પ્રણાલીઓમાંની એક છે.
- UDISE+ એ UDISE નું અપડેટેડ વર્ઝન છે, જ્યાં શાળાઓનો ડેટા ઓનલાઈન અને રીઅલ–ટાઈમમાં એકત્રિત કરવામાં આવે છે, જેનો ઉદ્દેશ UDISE સિસ્ટમમાં વર્તમાન સમસ્યાઓ જેમ કે ડેટામાં ભૂલો અને વિલંબને દૂર કરવાનો છે.

❖ **રિપોર્ટના મુખ્ય મુદ્દાઓ**

**(1) નોંધણી (Enrolments)**

- આ રિપોર્ટ મુજબ વર્ષ 2021v22 UDISE+ માં પ્રાથમિકથી ઉચ્ચ માધ્યમિક સુધીના શાળા શિક્ષણમાં કુલ નોંધણી 25.57 કરોડ છે, જે વર્ષ 2020-21 ડેટાની સરખામણીમાં 19.36 લાખનો વધારો થયો છે.
- વર્ષ 2020-21માં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની નોંધણીની કુલ સંખ્યા 4.78 કરોડથી વધીને 2021-22માં 4.82 કરોડ થયુ છે.
- વર્ષ 2020-21માં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની નોંધણી 2.49 કરોડથી વધીને વર્ષ 2021-22માં 2.51 કરોડ થયુ છે.
- વર્ષ 2020-21માં OBC (Other Backward classes) વિદ્યાર્થીઓની નોંધણી 11.35 કરોડથી વધીને વર્ષ 2021-22માં 11.48 કરોડ થયુ છે.
- વર્ષ 2020-21માં children with special needs (CWSN) બાળકોની કુલ નોંધણી 21.91 લાખથી વધીને વર્ષ 2021-22માં 22.67 લાખ થયું છે.

**(2) શિક્ષકો (Teachers)**

- આ રીપોર્ટ મુજબ વર્ષ 2021-22માં 95.07 લાખ શિક્ષકો શાળા શિક્ષણ સાથે સંકળાયેલા છે. તેમાંથી અડધાથી વધુ મહિલા શિક્ષકો છે, જે વર્ષ 2020-21ના આંકડાની સરખામણીમાં શિક્ષકોની કુલ સંખ્યામાં વર્ષ 2021-22માં 1.95 ટકાનો ઘટાડો થયો છે.
- પાછલા વર્ષની સરખામણીમાં વર્ષ 2021-22 દરમિયાન શિક્ષકોની સંખ્યા સરકારી શાળાઓમાં 0.9%, સરકારી અનુદાનિત શાળાઓમાં 1.45%, ખાનગી શાળાઓમાં 2.94% અને અન્ય શાળાઓમાં 8.3% નો ઘટાડો થયો છે.
- સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓની નોંધણી અને શિક્ષકોની ભરતીની સૌથી વધુ સંખ્યા ઉત્તર પ્રદેશમાં થયુ છે.
- 2021-22માં વિદ્યાર્થી શિક્ષક ગુણોત્તર (Pupil Teacher Ratio) પ્રાથમિક માટે 26, ઉચ્ચ પ્રાથમિક માટે 19, માધ્યમિક માટે 18 અને ઉચ્ચતર માધ્યમિક માટે 27 છે.

**(3) શાળાઓમાં છોકરીઓ (Girls in School)**

- આ રીપોર્ટ મુજબ વર્ષ 2021-22માં લગભગ 12.29 કરોડ છોકરીઓએ પ્રાથમિકથી ઉચ્ચ માધ્યમિક શિક્ષણમાં પ્રવેશ મેળવ્યો છે.જે વર્ષ 2020-21ના સરખામણીમાં આ 8.19 લાખનો વધારો છે.

**(4) શાળાઓ અને સુવિધાઓ (Schools and Amenities)**

- આ રીપોર્ટ અનુસાર વર્ષ 2021-22 માં શાળાઓની કુલ સંખ્યા ઘટીને 14.89 લાખ થઈ છે, જે વર્ષ 2020-21માં 15.09 લાખ હતી જેના કારણે 1 વર્ષમાં 20,000 થી વધુ શાળાઓ બંધ કરવામાં આવી છે.
- વર્ષ 2021-22માં માત્ર 27% શાળાઓમાં હકધદ માટે વિશેષ શૌચાલય છે
- વર્ષ 2021-22માં માત્ર 44.85% શાળાઓમાં કોમ્પ્યુટરની સુવિધા અને લગભગ 34% શાળાઓમાં ઈન્ટરનેટ કનેક્ટિવિટી છે.
- વર્ષ 2021-22માં લગભગ 77% શાળાઓમાં રમતના મેદાનની સુવિધા છે.
- વર્ષ 2021-22માં લગભગ 27.7% શાળાઓમાં કિચન ગાર્ડન છે.

## પર્ફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ (PGI) 2020-2021 જાહેર




- કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયના શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ વર્ષ 2020-2021 માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે પર્ફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ (PGI) બહાર પાડયો છે, જે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં શાળા શિક્ષણ પ્રણાલીનું પુરાવા–આધારિત વ્યાપક મૂલ્યાંકન પ્રદાન કરે છે.
- આ ઈન્ડેક્સ મુજબ ભારતીય શિક્ષણ પ્રણાલી લગભગ 14.9 લાખ શાળાઓ, 95 લાખ શિક્ષકો અને વિવિધ સામાજિક–આર્થિક પૃષ્ઠભૂમિના લગભગ 26.5 કરોડ વિદ્યાર્થીઓ સાથે વિશ્વમાં સૌથી મોટી છે.
- આ ઈન્ડેક્સનો મુખ્ય ઉદ્દેશ્ય તમામ માટે ગુણવત્તાયુકત શિક્ષણ સુનિશ્ચિત કરવા પુરાવા–આધારિત નીતિ નિર્માણને પ્રોત્સાહન આપવા અને અભ્યાસક્રમ સુધારણાને પ્રકાશિત કરવાનો છે.
- આ ઈન્ડેક્સમાં 1000 પોઈન્ટનો સમાવેશ થાય છે જે 2 કેટેગરીમાં વહેંચવામાં આવ્યું છે (1) પરિણામો અને (2) ગવર્નન્સ મેનેજમેન્ટ. આ કેટેગરીને આગળ 5 પેટા શ્રેણીઓમાં વિભાજિત કરવામાં આવી છે, જેમ કે, લર્નિંગ આઉટકમ્સ (LO), એક્સેસ (A), ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ફેસિલિટીઝ (IF), ઈક્વિટી (E) અને ગવર્નન્સ પ્રોસેસ (GP).

**Performance Grading Index વિશે....**

**શરૂઆત** : વર્ષ 2019
**મંત્રાલય** : કેન્દ્રિય શિક્ષણ મંત્રાલય (મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન)
**હેતુ** : તમામ માટે ગુણવત્તા યુકત શિક્ષણ સુનિશ્ચિત કરવા

- આ ઈન્ડેક્સમાં કુલ 7 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો જેમ કે કેરળ, ચંદીગઢ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, પંજાબ, ગુજરાત અને આંધ્રપ્રદેશે 2020-21માં લેવલ II (સ્કોર 901-950) પ્રાપ્ત કર્યો છે

- આ ઈન્ડેક્સ અનુસાર વર્ષ 2017-18 માં ઉપરમાંથી એક પણ રાજ્યોનો સમાવેશ થતો નથી અને વર્ષ 2019-20માં ચાર રાજ્યો હતા.
- આ ઈન્ડેક્સમાં લદ્દાખ વર્ષ 2020-21 માં લેવલ 8 થી લેવલ 4 પર આવી ગયું છે જે નોંધપાત્ર સુધારો દર્શાવે છે.
- આ ઈન્ડેક્સ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને 10 ગ્રેડમાં વિભાજિત કરે છે, જેમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો 1,000 પોઈન્ટમાંથી 950 પોઈન્ટથી વધુ સ્કોર કરે તો ગ્રેડ લેવલ 1 માં આવશે અને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો 551 કરતા ઓછા સ્કોર કરે તો સૌથી નીચો ગ્રેડ લેવલ 10 માં આવશે.

## ગૃહ મંત્રાલય દ્વારા Mother Tongue Survey of india પૂર્ણ કરવામાં આવ્યા

- તાજેતરમાં કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા Mother Tongue Survey of india (MTSI) પૂર્ણ કરવામાં આવ્યો છે.
- ગૃહ મંત્રાલયના વર્ષ 2021-22ના વાર્ષિક અહેવાલ મુજબ, MTSI પ્રોજેક્ટ ભારતની 576 ભાષાઓની ફીલ્ડ વિડિયોગ્રાફી સાથે સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.




- આ માતૃભાષા સર્વેક્ષણ (MTSI) પ્રોજેક્ટ કેન્દ્ર સરકાર દ્વારા એવા માતૃભાષાઓના સર્વેક્ષણ માટે અમલમાં મૂકવામાં આવે છે જે 2 કે તેથી વધુ વસ્તી ગણતરીના દાયકાઓમાં સતત પરત કરવામાં આવે છે.
- આ સર્વેક્ષણ પસંદગીની ભાષાઓની ભાષાકીય વિશેષતાઓને પણ રેકોર્ડ કરે છે.
- વર્ષ 2018 માં પ્રકાશિત 2011 ભાષાકીય વસ્તી ગણતરીના ડેટા અનુસાર, ભારતમાં 19,500 થી વધુ ભાષાઓ અથવા બોલીઓ માતૃભાષા તરીકે બોલાય છે.
- વસ્તીના 43.6 ટકા (52.8 કરોડ) લોકોએ હિન્દીને તેમની માતૃભાષા તરીકે જાહેર કરી છે, જે ભારતમાં સૌથી વધુ બોલાતી માતૃભાષા છે. અને બીજી સૌથી વધુ બોલાતી માતૃભાષા બંગાળી છે જે વસતીના 8 ટકા (9.7 કરોડ) લોકો બોલે છે.

## Dynamic Ground Water Resource Assessment, 2022 જાહેર

- તાજેતરમાં કેન્દ્રીય જલશક્તિના મંત્રીએ વર્ષ 2022 માટે સમગ્ર દેશ માટે 'ડાયનેમિક ગ્રાઉન્ડ વોટર રિસોર્સ એસેસમેન્ટ રિપોર્ટ' બહાર પાડયો હતો જેમા નીચેના મુખ્ય તથ્યોને સામેલ કરવામાં આવ્યા છે.




❖ **રિપોર્ટના મુખ્ય તારણો**

- કુલ વાર્ષિક ભૂગર્ભ જળના નિષ્કર્ષણના લગભગ 87% એટલે કે 20849 BCM (Billion Cubic Meter) સિંચાઈના ઉપયોગ માટે છે.
- કુલ વાર્ષિક ભૂગર્ભજળ રિચાર્જ 437.60 બિલિયન કયુબિક મીટર (BCM) છે.
- વધુમાં દેશોમાં કુલ 7089 આકારણી કરેલ એકમોમાંથી 1006 એકમોને 'અતિશોષણ' તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે.
- માત્ર 30.69 BCM સ્થાનિક અને ઔદ્યોગિક ઉપયોગ માટે છે, જે કુલ નિષ્કર્ષણના લગભગ 13% છે.
- વર્ષ 2022 માટેનું મૂલ્યાંકન દર્શાવે છે કે ભૂગર્ભજળનું નિષ્કર્ષણ વર્ષ 2004 પછી સૌથી ઓછુ છે, જ્યારે તે વર્ષ 2004 પહેલા 231 BCM હતું.
- દેશમાં ભૂગર્ભજળના નિષ્કર્ષણનું કુલ સ્તર 60.08% છે.
- હરિયાણા, પંજાબ, રાજસ્થાન, દાદરા અને નગરહવેલી, દમણ અને દીવમાં ભૂગર્ભજળના નિષ્કર્ષણનું સ્તર ખૂબ ઊંચુ છે જયાં તે 100% કરતા વધુ છે.
- દિલ્હી તમિલનાડુ, ઉત્તરપ્રદેશ , કર્ણાટક અને ચંદીગઢ, લક્ષદ્વીપ અને પુડુચેરીમાં ભૂગર્ભજળના નિષ્કર્ષણનો તબક્કો 60-100% ની વચ્ચે છે.
- બાકીના રાજ્યોમાં ભૂગર્ભજળના નિષ્કર્ષણનો તબક્કો 60% ની નીચે છે.

## QS Asia University Rankings 2023

- QS એશિયા યુનિવર્સિટી રેન્કિંગ્સ 2023 તાજેતરમાં યુકે સ્થિત રેન્કિંગ ઓથોરિટી Quacauarelli Symonds (QS) દ્વારા બહાર પાડવામાં આવી હતી.
- 2023 રેન્કિંગએ 'QS એશિયા યુનિવર્સિટી રેન્કિંગ્સ'ની 15મી આવૃત્તિ છે જેમાં 757 સંસ્થાઓ સામેલ હતી.
- QS એશિયા યુનિવર્સિટી રેન્કિંગ્સ 2023ની ટોચની પર્ફોમર યુનિવર્સિટી ચીનની 'પેકિંગ યુનિવર્સિટી' છે. જેનો એકંદર સ્કોર 100 છે.
- ટોચની 10 પ્રદર્શન કરતી યુનિવર્સિટીઓમાંથી પાંચ ચીનની હતી.
- કુલ 118 ભારતીય સંસ્થાઓ આ પ્રતિષ્ઠિત રેન્કિંગ્સમાં સ્થાન ધરાવે છે.

- ભારતીય યુનિવર્સિટીમાં IIT-બોમ્બે રેન્કિંગ્સમાં ટોચ પર છે. તે આ રેન્કિંગમાં 40માં ક્રમે છે.
- ભારતમાં બીજા ક્રમે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર IIT દિલ્હી છે, જે 46માં ક્રમે છે.

**QS Asia University Rankings 2023**

| રેન્ક | યુનિવર્સિટી |
|---|---|
| 1 | પેકિંગ યુનિવર્સિટી, બેઈજિંગ – ચીન (મેઈનલેન્ડ) |
| 2 | નેશનલ યુનિવર્સિટી ઓફ સિંગાપોર, સિંગાપોર |
| 3 | સિંધુઆ યુનિવર્સિટી, બેઈજિંગ, ચીન |
| 4 | હોંગકોંગ યુનિવર્સિટી, હોંગકોંગ |
| 5 | નાન્યાંગ ટેકનોલોજીકલ યુનિવર્સિટી, સિંગાપોર |
| 40 | IIT – બોમ્બે, ભારત |
| 46 | IIT – દિલ્હી, ભારત |
| 52 | ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ, બેંગ્લોર ભારત |
| 53 | IIT – મદ્રાસ, ચેન્નાઈ, ભારત |

❖ **નોંધ :**

(1) QS એશિયા યુનિવર્સિટી રેન્કિંગ્સ Quacquarelli Symonds (QS) દ્વારા વાર્ષિક ધોરણે બહાર પાડવામાં આવે છે. તે એશિયા ખંડની ટોચની યુનિવર્સિટીઓને પ્રકાશિત કરે છે.

(2) આ રેન્કિંગ્સ 11 સૂચકાંકો પર આધારિત છે. ફેકલ્ટી/વિદ્યાર્થી ગુણોત્તર, આંતરરાષ્ટ્રીય સંશોધન નેટવર્ક વગેરેનો સમાવેશ થાય છે.

(3) આ અગાઉ જૂન 2022માં QS World University Rankings 2023 પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું, જ્યારે તાજેતરમાં QS Asia University Ranking 2023 બહાર પાડવામાં આવી છે.



# 5 આંતરરાષ્ટ્રીય

## ભારત અને યુરોપિયન યુનિયન (EU) વચ્ચે સ્થળાંતર અને ગતિશીલતા પર ઉચ્ચ સ્તરીય સંવાદનું આયોજન

- તાજેતરમાં ભારત અને યુરોપિયન યુનિયન (European Union) વચ્ચે 6th High Level Dialogue on Migration and Mobility (HLDMM) નું આયોજન કરવામાં આવ્યું છે, જે 27 ઓક્ટોબર 2022 ના રોજ બ્રસેલ્સમાં (બેલ્જિયમની રાજધાની) યોજાઈ છે.
- આ ઉચ્ચ સ્તરીય સંવાદની 5 મી આવૃત્તિ વર્ષ 2019 માં નવી દિલ્હી ખાતે યોજાઈ હતી.
- આ ઉચ્ચ સ્તરીય સંવાદ સુરક્ષિત, વ્યવસ્થિત અને નિયમિત સ્થળાંતરને પ્રોત્સાહન આપવા અને અનિયમિત સ્થળાંતર અટકાવવા સંબંધિત વિષયોની વિશાળ શ્રેણી પર કેન્દ્રિત છે.



- આ ઉચ્ચ સ્તરીય સંવાદ ભારત અને યુરોપિયન યુનિયન બંને માટે પરસ્પર લાભ માટે પ્રતિભાશાળી વ્યવસાયિકો, વિદ્યાર્થીઓ અને કુશળ કર્મચારીઓની ગતિશીલતા અને સ્થળાંતરને સરળ બનાવવા માટે સહકારના સંભવિત ક્ષેત્રો પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.
- આ સંવાદ માટેના ભારતીય પ્રતિનિધિઓમાં વિદેશ, ગૃહ બાબતો, કૌશલ્ય વિકાસ અને સાહસિકત અને શ્રમ અને રોજગાર મંત્રાલયોના પ્રતિનિધિઓ હતા.
- ભારત અને EU ના Common Agenda For Migration and Mobility (AMM) ની સ્થાપના વર્ષ 2016 માં યોજાયેલી 13 મી India – European Union સમિટ દરમિયાન કરવામાં આવી હતી, જે ભારત અને EU વચ્ચેના સહકાર માટેનું માળખું છે.

❖ **વિશેષ**

- ભારત અને EU ના સંબંધો વર્ષ 1960 ના દાયકાની શરૂઆતના છે.
- ભારતે સૌપ્રથમ યુરોપિયન યુનિયન ઈકોનોમિક કોમ્યુનિટી સાથે સંબંધો સ્થાપ્યા, જે પાછળથી યુરોપિયન યુનિયન બની ગયું.
- આ બંને પંક્ષો વચ્ચે વર્ષ 1994 ના સહકાર પરના કરારના લીધે દ્વિપક્ષીઓ સંબંધોને વેપારથી આગળ લઈ જઈને આર્થિક સહયોગમાં પરિવર્તિત કર્યા.
- વર્ષ 2004 માં 5 મી ભારત અને યુરોપિયન યુનિયન સમિટ The Hague (નેધરલેન્ડસ) માં યોજાઈ હતી.
- બંને પક્ષોએ વર્ષ 2005 માં Joint Action Plan (JAP) ને પણ અપનાવ્યો હતો.

## બ્રાઝિલના નવા રાષ્ટ્રપતિ તરીકે ‘Lula Da Silva’



- તાજેતરમાં લુલા દા સિલ્વા એ બ્રાઝિલના નવા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે, જેમણે જેયર બોલ્સોનારોને હરાવીને રાષ્ટ્રપતિ બન્યા.
- Luiz Inacio Lula Da Silva જે લુલા તરીકે જાણીતા છે તેમણે વર્ષ 2002 અને વર્ષ 2010 ની વચ્ચે 2 ટર્મ માટે રાષ્ટ્રપતિ તરીકે સેવા આપી હતી.
- લુલા દા સિલ્વાને 50.8% વોટ અને તેમના વિપક્ષો બોલ્સોનારોને 49.2% વોટ મળ્યા.

**Brazil વિશે....**

**રાજધાની** : બ્રાઝિલિયા
**ચલણ** : બ્રાઝિલિયન રિયલ
**સંસદ** : નેશનલ કોંગ્રેસ

## શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) કાઉન્સિલની વડાઓના બેઠકનું આયોજન

- તાજેતરમાં ચીન દ્વારા ‘Sanghai Co-Operation Organization (SCO) કાઉન્સિલના વડાઓની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.
- આ બેઠકમાં SCO સભ્ય દેશોના વડાઓએ વૈશ્વિક અને પ્રાદેશિક વિકાસના મુખ્ય મુદ્દાઓ પર મંત્વ્યોનું આદાન – પ્રદાન કર્યુ હતું.
- આ બેઠકમાં SCO ક્ષેત્રની અંદર વેપાર, આર્થિક, સાંસ્કૃતિક અને માનવતાવાદી સહયોગ વધારવા માટેના પગલાંની ચર્ચા કરવામાં આવી છે.
- આ બેઠક અનુસાર ભારતનો SCO સભ્યો સાથે વેપાર માત્ર 141 બિલિયન US ડોલર છે, જેમાં વધારો થવાની સંભાવના છે
- આ બેઠક મુજબ SCO દેશો સાથે ભારતનો મોટાભાગનો વેપાર ચીન સાથે છે, જે વર્ષ 2022 માં USD 100 બિલિયન વટાવી ગયો છે.
- આ બેઠક મુજબ મધ્ય એશિયાન દેશો સાથે ભારતનો વેપાર 2 બિલિયન યુ એસ ડોલર અને પાકિસ્તાન સાથે લગભગ 500 મિલિયન યુ એસ ડોલરનો છે.

- આ બેઠકમાં ભારતે જળવાયુ પરિવર્તનના પડકાર સામે તેની પ્રતિબદ્ધતા અને તેની સિદ્ધિઓ તરફ ધ્યાન દોર્યું.
- આ બેઠકમાં ભારત દ્વારા ઈરાનના ચાબહાર પોર્ટ અને International North South Transport Corridor (INSTC) દ્વારા વધુ વેપારની માંગ કરવામાં આવી, જેનો હેતુ મધ્ય એશિયાના દેશો સાથે દ્વિપક્ષીય વેપારમાં સુધારો કરવાનો છે.




❖ **વિશેષ**

- આ સંગઠનના વેપાર અને આર્થિક કાર્યસૂચિ પર ધ્યાન કેન્દ્રિત કરવા અને બજેટને મંજૂરી આપવા માટે SCO હેડ ઓફ ગવર્નમેન્ટ મીટ વાર્ષિક ધોરણે યોજવામાં આવે છે.
- ભારત દ્વારા વર્ષ 2023 માટે Sanghai Co operation Organisation (SCO) ના અધ્યક્ષ તરીકે કાર્ય કરશે, અને વર્ષ 2023 ના મધ્યમાં દિલ્હીમાં યોજાનારી સમિટમાં તમામ SCO દેશોના નેતાઓની યજમાની કરશે.
- આ અગાઉ SCO સમિટ સપ્ટેમ્બર 2022 માં સમરકંદ (ઉઝબેકિસ્તાનના રાજધાની) માં યોજાઈ હતી.

**Sanghai Co-operation Organisation (SCO) વિશે....**

**રચના** : 15 જૂન, 2001
**વડુમથક** : બેઈજિંગ, ચાઈના
**સભ્ય દેશો** : આઠ (8)

## સ્વિત્ઝર્લેન્ડમાં વિશ્વની સૌથી લાંબી પેસેન્જર ટ્રેન શરૂ

- તાજેતરમાં સ્વિત્ઝર્લેન્ડમાં સ્વિસ રેલવેની 175 મી વર્ષગાંઠ દરમિયાન વિશ્વની સૌથી લાંબી પેસેન્જર ટ્રેન કાર્યરત કરવામાં આવી છે.
- આ પેસેન્જર ટ્રેન 1.9 કિમી લાંબી છે, જેમાં 100 કોચ છે જેણે સ્વિટ્ઝર્લેન્ડના પ્રેડા વિસ્તારમાં લેન્ડવાસર વાયડક્ટ સુધી 15.5 માઈલની મુસાફરી કરી.
- આ ટ્રેન પ્રસિદ્ધ અલબુલા–બર્નિના માર્ગ દ્વારા પ્રવાસ કર્યો, જે એક યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ છે.
- આ ટ્રેનનું સંચાલન 7 ટ્રેન ડ્રાઈવરો અને 21 ટેકનિશિયન દ્વારા કરવામાં આવ્યું છે. જેણે 22 ટનલ અને 48 પુલ મારફતે મુસાફરી કરી હતી.
- આ ઐતિહાસિક યાત્રાની તૈયારીમાં લગભગ 8 મહિનાનો સમય લાગ્યો હતો.
- 24990 ટન વજન ધરાવતી આ ટ્રેન સરેરાશ 30 થી 35 કિમી પ્રતિ કલાકની ઝડપ જાળવી રાખવામાં સફળ રહી.
- અગાઉ સૌથી લાંબી પેસેન્જર ટ્રેનની મુસાફરીનો રેકોર્ડ વર્ષ 1991માં નેશનલ બેલ્જિયન રેલ્વે કંપની દ્વારા સ્થાપિત કરવામાં આવ્યો હતો.



## ગોવામાં 53મો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા યોજાશે.

- 53 મો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા ગોવામાં 20 થી 28 નવેમ્બર દરમિયાન યોજાશે.
- ગોલ્ડન પીકોક એવોર્ડ માટે કુલ 15 ફિલ્મો સ્પર્ધામાં હશે જેમાં 12 આંતરરાષ્ટ્રીય અને 3 ભારતીય ફિલ્મોનો સમાવેશ થાય છે.
- જ્યુરીમાં ઈઝરાયેલના લેખક અને ફિલ્મ દિગ્દર્શક નદવ લાપિડ, અમેરિકન ફિલ્મ નિર્માતા જીંકગો ગોટોહ, ફ્રેન્ચ ફિલ્મ સંપાદક પાસ્કલ ચાવાન્સ, ફ્રેન્ચ દસ્તાવેજી ફિલ્મ નિર્માતા, ફિલ્મ વિવેચક અને પત્રકાર જેવિયર એંગ્યુલો બાર્ટુરેન અને ભારતના નિર્દેશક સુદીપ્તો સેનનો સમાવેશ થાય છે.
- આ વર્ષે સ્પર્ધાની શ્રેણીની ફિલ્મોમાં પોલિશ ફિલ્મ નિર્માતા ક્રિઝ્ઝટોફ ઝાનુસીની પરફેક્ટ નંબર, મેક્સીકન ફિલ્મ નિર્માતા કાર્લોસ ઈશેલમેન કૈસરની રેડ શુઝ, ઈરાની ડ્રામા નો એન્ડ અને હિન્દી ફિલ્મ કાશ્મીર ફાઈલ્સ છે.




- ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (IFFI) ની શરૂઆત વર્ષ 1952 માં કરવામાં આવી હતી, પ્રથમ વખત આ ફેસ્ટિવલ ભારત સરકારના ફિલ્મ વિભાગ દ્વારા તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નેહરુના આશ્રય હેઠળ યોજવામાં આવ્યો હતો.
- નોંધનીય છે કે વર્ષ 1975 થી આ ફેસ્ટિવલનું વાર્ષિક આયોજન કરવામાં આવે છે અને અત્યાર સુધીમાં 52 એડિશનનું આયોજન કરવામાં આવ્યું છે.

## આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળો

- ભારત સરકારનો પ્રકાશન વિભાગ યુનાઈટેડ આરબ અમીરાતમાં 2 નવેમ્બરથી શરૂ થનારા આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળામાં તેના પુસ્તકો પ્રદર્શિત કરશે.
- શાહજાહ બુક ઓથોરિટી દ્વારા 12 દિવસીય પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.
- શાહજાહના એકસ્પો સેન્ટર ખાતે આયોજિત આ મેળામાં વિશ્વના પ્રખ્યાત એવોર્ડ વિજેતા લેખકો, બૌદ્ધિકો અને અન્ય સાહિત્યકારો ભાગ લેશે.



## બાલીમાં G20 સમિટ યોજાઈ

- તાજેતરમાં ઇન્ડોનેશિયાના બાલીના નુસા દુઆમાં 15 અને 16 નવેમ્બર 2022ના રોજ Group of Twenty(G20) દેશોની 17 મી બેઠક યોજાઈ છે.
- આ સમિટની થીમ 'Recover Together, Recover Stronger' છે, જેમાં G20 એજન્ડાના ભાગરૂપે 3 કાર્યકારી સત્રોનું આયોજન કરવામાં આવશે. જે નીચે મુજબ છે.
  (1) Sustainable energy transition
  (2) Global Health Architecture
  (3) Digital transformation




- આ સમિટમાં ભારત 1 ડિસેમ્બર, 2022 થી ઇન્ડોનેશિયામાંથી G20 નું પ્રમુખપદ સંભાળશે અને સપ્ટેમ્બર 2023 ના રોજ આગામી સમિટનું આયોજન કરશે.
- તાજેતરમાં વડા પ્રધાન મોદીએ અગાઉ 2023 સમિટ માટે લોગો અને વેબસાઈટ બહાર પાડી છે.
- ભારત દ્વારા આયોજિત થનારી G20 સમિટની થીમ Vasudhaiva Kutumbakam or "One Earth, One Family, One Future" રહેશે, આ થીમ ભારતને વૈશ્વિક એકતાના પ્રેરક બળ તરીકે સ્થાન આપશે.
- G20 વૈશ્વકિ જીડીપીના 85 ટકા, વૈશ્વિક વેપારના 75 ટકા અને વૈશ્વિક વસ્તીના 66 ટકાનું પ્રતિનિધિત્વ કરે છે.
- G20 સમિટમાં આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, કેનેડા, ચીન, યુરોપિયન યુનિયન, ફ્રાન્સ, જર્મની, ભારત, ઇટલી, જાપાન, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, તુર્કી અને યુકે અને યુએસના નેતાઓ ભાગ લેશે.
- રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદમીર પુતિન અને બ્રાઝિલ અને મેક્સિકોના નેતાઓ આ કાર્યક્રમમાં ભાગ લેશે નહીં.
- યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીને વર્ચ્યુઅલ રીતે સમિટને સંબોધિત કરવા આમંત્રણ આપવામાં આવ્યું હતું.

### Indonesia વિશે....

**રાજધાની** : જાકાર્તા
**ચલણ** : ઇન્ડોનેશિયન રૂપિયા
**સંસદ** : પીપલ્સ કન્સલ્ટેટિવ એસેમ્બલી

### Group of Twenty (G20) વિશે....

**સ્થાપના** : 26 સપ્ટેમ્બર, 1999
- G-20 એ 19 દેશો અને યુરોપિયન યુનિયનનો સમાવેશ કરતી આંતરરાષ્ટ્રીય સંસ્થા છે.
- G-20 ફોરમ વિશ્વની વિકસિત અને વિકાસશીલ અર્થવ્યવસ્થાઓને એક સાથે જોડે છે. તે વૈશ્વિક વસતીના બે–તૃતીયાંશ, આંતરરાષ્ટ્રીય વેપારના 75% અને વૈશ્વિક GDPના 85% હિસ્સો ધરાવે છે. આમ તે આંતરરાષ્ટ્રીય આર્થિક સહયોગ માટે એક પ્રભાવશાળી પ્લેટફોર્મ છે.

## Just Energy Transition Partnership (JETP) લોન્ચ

- તાજેતરમાં G20 સમિટની સમકક્ષ Partnership for Global Infrastructure and Investment (PGII) ઈવેન્ટ ખાતે ઇન્ડોનેશિયા જસ્ટ એનર્જી ટ્રાન્ઝિશન પાર્ટનરશિપ (JETP) લોન્ચ કરવામાં આવ્યું છે.



- JETP એ ઈન્ડોનેશિયાની સરકાર અને ઈન્ટરનેશનલ પાર્ટનર્સ ગ્રૂપ (IPG) વચ્ચેનો લાંબા ગાળાનો રાજકીય કરાર છે, જેમાં યુનાઈટેડ કિંગડમ, જર્મની, ફ્રાન્સ, યુરોપિયન યુનિયન, કેનેડા, ઇટલી, નોર્વે અને ડેનમાર્ક સાથે યુ.એસ. અને જાપાન સંયુક્ત લીડ તરીકે છે.
- ઇન્ડોનેશિયા JETPનો અમલ માટે આગામી 3 થી 5 વર્ષમાં અનુદાન, કન્સેશનલ લોન, માર્કેટ–રેટ લોન, ગેરંટી અને ખાનગી રોકાણ દ્વારા 20 બિલિયન USD એકત્રિત કરશે.
- IPG સભ્યો ઓછામાં ઓછા 10 બિલિયન USD જાહેર નાણાં એકત્ર કરશે.
- ગ્લાસગો ફાઈનાન્શિયલ એલાયન્સ ફોર નેટ ઝીરો (GFANZ) વર્કિંગ ગ્રૂપ ઓછામાં ઓછા 10 બિલિયન USD ખાનગી ફાઈનાન્સ એકત્ર કરશે.
- JETP દેશને અશ્મિભૂત ઈંધણની અવલંબનમાંથી નવીનીકરણીય ઉર્જા સ્ત્રોતો તરફ ઝડપી પરિવર્તન માટે મદદ કરશે.
- આ કરાર પાવર સેક્ટરમાંથી ઉત્સર્જન ઘટાડવા, કોલસાના વપરાશમાં ઘટાડો કરવા અને નવીનીકરણીય ઊર્જાના વિસ્તરણ પર આધારિત વ્યૂહરચના બનાવવાનો પ્રયાસ કરે છે.
- COP26 માં દક્ષિણ આફ્રિકા સાથે JETP ની શરૂઆત પછી ઇન્ડોનેશિયા JETP તેના પ્રકારનું બીજો કરાર છે.
- વર્ષ 2021 માં ગ્લાસગો ખાતે COP26 સમિટમાં JETPની પહેલ કરવામાં આવી હતી.

## ભારત દ્વારા વર્લ્ડ ટ્રાવેલ માર્કેટ એક્ઝિબિશનમાં ભાગ લેવામાં આવ્યો.

- ભારત લંડનમાં 7 નવેમ્બર, 2022 થી શરૂ થનારા વર્લ્ડ ટ્રાવેલ માર્કેટ એક્ઝિબિશનમાં ભાગ લેશે. તે આંતરરાષ્ટ્રીય સ્તરે સૌથી મોટા પ્રદર્શનોમાંનું એક છે. આ વર્ષે પ્રદર્શનની થીમ 'The Future of Travel Starts Now' પર્યટન મંત્રાલયના જણાવ્યા અનુસાર પ્રદર્શનમાં ભારત પોતાને પર્યટન માટે પ્રિયદેશ તરીકે રજૂ કરશે. ભારતીય પેવેલિયન ખાતે ત્રણ દિવસીય પ્રદર્શનમાં વિવિધ રાજ્ય સરકારો, અનેક કેન્દ્રીય મંત્રાલયો, ટૂર ઓપરેટરો સહિત 16 હિતધારકો ભાગ લઈ રહ્યા છે.



# 6 અર્થવ્યવસ્થા

## મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના નું વિકેન્દ્રીકરણ




- તાજેતરમાં ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા હાથ ધરવામાં આવેલા અભ્યાસમાં અનુસાર મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (MGNREGS) ના વિકેન્દ્રીકરણ માટે દલીલ કરવામાં આવી છે.
- ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા આંધ્રપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, કર્ણાટક, નાગાલેન્ડ, ગુજરાત, ઝારખંડ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ અને કાશ્મીરમાં આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.
- આ અભ્યાસમાં ફંડ વિતરણમાં વારંવાર થતા વિલંબને પણ દર્શાવવામાં આવ્યો છે, આ વિલંબ માટે એક રિવોલ્વિંગ ફંડ્સની રચના કરવાનું સૂચવવામાં આવ્યું હતું. જ્યારે કેન્દ્રીય ભંડોળમાં વિલંબ થાય ત્યારે રિવોલ્વિંગ ફંડ્સને ઉપયોગમાં લઈ શકાય છે.
- આ અભ્યાસ મુજબ હિમાચલ પ્રદેશ અને ગુજરાતમાં, વેતનમાં વિલંબ ત્રણ કે ચાર મહિના અને સામગ્રી ઘટકમાં છ મહિનાનો હતો.
- આ અભ્યાસ અનુસાર ગ્રામસભાઓને ચૂકવણી કરવાને બદલે ફંડનું સંચાલન કેન્દ્રીકૃત (Centralized) કરવામાં આવ્યું છે.
- આ અભ્યાસ મુજબ ગુજરાતમાં ખેત મજૂરનું લઘુત્તમ વેતન રૂ. 324.20 છે, પરંતુ મનરેગાનું વેતન રૂ. 229 છે.

### Mahatma Gandhi National Rural Employment Guarantee Act 2005 (MNREGA) વિશે....

**શરૂઆત** : 2 ફેબ્રુઆરી 2006 (વડાપ્રધાન મનમોહન સિંહ દ્વારા)
**મંત્રાલય** : કેન્દ્રિય ગ્રામીણ વિકાસ મંત્રાલય (મંત્રી ગીરીરાજ સિંહ)
**હેતુ** : દરેક પરિવારને નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછા 100 દિવસની બાંહેધરીકૃત વેતન રોજગાર પ્રદાન કરવાનો છે.
✎ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી કાયદો (MGNREGA) 2006 માં સૌપ્રથમ ઉત્તર પ્રદેશમાં શરૂ કરવામાં આવ્યુ હતું.

## કેન્દ્રિય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા Transport 4 All Challenge નું સ્ટેજ 2 લોન્ચ કરવામાં આવ્યું

- તાજેતરમાં કેન્દ્રિય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા ભારતીય નાગરિકોના ગતિશીલતા અનુભવને સરળ બનાવવા માટે Transport , All Challengeનું સ્ટેજ 2 લોન્ચ કરવામાં આવ્યું છે.




- આ પડકાર ઔપચારિક તેમજ અનૌપચારિક જાહેર પરિવહનમાં ડિજિટલ નવીનતાને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરશે, જેના 3 તબક્કા નીચે મુજબ છે.
  (1) સમસ્યાની ઓળખ: શહેરોએ બિન–સરકારી સંસ્થાઓની સહાયથી નાગરિકો અને જાહેર પરિવહન સંચાલકો દ્વારા સામનો કરવામાં આવતી સમસ્યાઓને ઓળખવી જોઈએ.
  (2) સોલ્યુશન જનરેશન: શહેરો અને NGO દ્વારા પૂરા પાડવામાં આવેલ ઈનપુટ્સના આધારે જાહેર પરિવહનને સુધારવા માટે સ્ટાર્ટઅપ્સ દ્વારા પ્રોટોટાઈપ્સ વિકસાવવા આવશ્યક છે.
  (3) પાઈલોટ પરીક્ષણ: શહેરોએ મોટા પાયે પાઈલોટ પરીક્ષણ માટે સ્ટાર્ટ અપ્સને જોડે છે અને નાગરિક પ્રતિસાદના આધારે ઉકેલોને સુધારે છે.
- ટ્રાન્સપોર્ટ 4 ઓલ ચેલેન્જના ભાગ રૂપે વિકસિત સોલ્યુશન્સ જાહેર પરિવહનના ઔપચારિક અને અનૌપચારિક મોડને સંકલિત કરવાનો પ્રયાસ કરશે.
- ટ્રાન્સપોર્ટ 4 ઓલ ચેલેન્જ સ્ટેજ 2 માટે લાયકાત ધરાવતા 46 શહેરોએ 165 થી વધુ સમસ્યા નિવેદન વિકસાવવા માટે સર્વેક્ષણ ડેટાનો ઉપયોગ કરીને વર્તમાન 8 સમસ્યા નિવેદનની અંતિમ યાદીમાં ગોઠવણી કરવામાં આવી છે.

❖ **વિશેષ**

✎ 15 એપ્રિલ, 2021 ના રોજ શરૂ કરાયેલ ચેલેન્જના સ્ટેજ I માં 130 થી વધુ શહેરોએ ભાગ લીધો છે.

- 100 થી વધુ શહેરોએ ટ્રાન્સપોર્ટ 4 ઓલ ટાસ્ક ફોર્સ (TTF) ની સ્થાપના કરી છે, જેમાં પરિવહન ક્ષેત્ર અને શૈક્ષણિક સંસ્થાઓ, NGO અને IPT યુનિયનો સાથે સંકળાયેલા મુખ્ય સરકારી હિતધારકો છે.
- આ શહેરોએ સફળતાપૂર્વક નાગરિકો, બસ ડ્રાઇવરો, કંડક્ટરો અને અનૌપચારિક જાહેર પરિવહન ડ્રાઇવરોનું સર્વેક્ષણ કર્યુ છે, જે દેશનો સૌથી મોટો પબ્લિક ટ્રાન્સપોર્ટ ડેટા પ્રદાન કરે છે.

## આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ પર વૈશ્વિક ભાગીદારી

- તાજેતરમાં 21 નવેમ્બરના રોજ ભારત વર્ષ 2022-23 માટે Global Partnership on Artificial Intelligence (GPAI)ની અધ્યક્ષતા સંભાળવા માટે તૈયાર છે.
- આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સમાં વૈશ્વકિ ભાગીદારી 15 જૂન, 2020 ના રોજ શરૂ કરવામાં આવી હતી. તે બહુ–હિતધારક પહેલ છે જે G7 દેશો દ્વારા વિકસાવવામાં આવી હતી.
- તેનો ઉદ્દેશ અત્યાધુનિક સંશોધન અને સંબંધિત પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપીને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ પર સિદ્ધાંત અને પ્રેક્ટિસ વચ્ચેના તફાવતને ઓછો કરવાનો છે.
- આ પહેલ વિજ્ઞાન, ઉદ્યોગ, નાગરિક સમાજ, સરકારો, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને શિક્ષા જેવા ક્ષેત્રોના નિષ્ણાતોને એક મંચ પર લાવીને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ટેકનોલોજી પર વૈશ્વિક સહકારને પ્રોત્સાહન આપે છે.




- વર્તમાનમાં GPAIમાં 25 સભ્ય દેશો છે, જેમાં ઓસ્ટ્રેલિયા, બેલ્જિયમ, બ્રાઝિલ, કેનેડા, ચેક રિપબ્લિક, ડેનમાર્ક, ફ્રાન્સ, જર્મની, ભારત, આયર્લેન્ડ, ઇઝરાયેલ, ઇટાલી, જાપાન, મેક્સિકો, નેધરલેન્ડ, ન્યુઝીલેન્ડ, પોલેન્ડ, કોરિયા રિપબ્લિક (દક્ષિણ કોરિયા), સિંગાપોર, સ્લોવેનિયા, સ્પેન, સ્વીડન, યુકે, યુએસ અને યુરોપિયન યુનિયનનો સમાવેશ થાય છે.
- GPAIમાં ભારત વર્ષ 2020 માં સ્થાપક સભ્ય તરીકે જોડાયું.
- GPAI સમિટની પ્રથમ બેઠક 3 અને 4 ડિસેમ્બર 2020 ના રોજ યોજાઈ હતી, જેને મોન્ટ્રીયલ, કેનેડા દ્વારા હોસ્ટ કરવામાં આવી હતી. અને બીજી બેઠક 11 અને 12 નવેમ્બર, 2021ના રોજ યોજાઈ હતી.
- 2022માં યોજાનારી GPAI સમિટની ત્રીજી બેઠકનું આયોજન ટોકયોમાં કરવામાં આવ્યું છે, જે 4 થીમ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જે નીચે મુજબ છે.

(1) Responsible AI (2) Data governance (3) Future of work (4) Innovation and commercialisation

### Group of Seven (G7) વિશે....

**સ્થાપના** : વર્ષ 1975
**સભ્યો** : યુનાઇટેડ સ્ટેટ્સ, કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઇટલી, જાપાન અને યુનાઇટેડ કિંગડમ

## ભારતનો પ્રથમ મલ્ટી–મોડલ લોજિસ્ટિક પાર્ક (MMLP) ચેન્નાઈમાં બાંધવામાં આવશે.

- રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL) તમિલનાડુમાં ચેન્નાઈ નજીક ભારતનો પ્રથમ મલ્ટી–મોડલ લોજિસ્ટિકસ પાર્ક (MMLP) વિકસાવવા જઈ રહી છે.
- કેન્દ્રીય માર્ગ અને પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય (MORTH) એ RILને ચેન્નાઈ નજીક ભારતનો પ્રથમ મલ્ટી–મોડલ લોજિસ્ટિક પાર્ક (MMLP) સ્થાપવાનો કોન્ટ્રાકટ આપ્યો હતો.
- 1424 કરોડનો આ પ્રોજેકટ પીએમ ગતિ શકિત નેશનલ માસ્ટર પ્લાન હેઠળ અમલમાં મૂકવામાં આવશે.
- આ પ્રોજેકટ માટે મોડલ કન્સેશન એગ્રીમેન્ટ ડિઝાઈન, બિલ્ડ, ફાઈનાન્સ, ઓપરેટ એન્ડ ટ્રાન્સફર (DBFOT) મોડલ પર છે. આ પ્રોજેકટ માટે કુલ કન્સેશન પીરિયડ 45 વર્ષ છે.




- MMLP રૂ. 783 કરોડના અંદાજિત વિકાસકર્તા રોકાણ સાથે 3 તબક્કામાં વિકસાવવામાં આવશે. પ્રથમ તબક્કો 2025 સુધીમાં પૂર્ણ થશે.

### Multi Model Logistic Park (MMLP) વિશે....

- કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય (MORTH) 35 MMLP વિકસાવી રહ્યું છે. જેમાંથી 15ને આગામી 3 વર્ષ માટે પ્રાથમિકતા આપવામાં આવી છે.
- MMLP સમગ્ર ભારતમાં વધુ સારી મલ્ટિ–મોડલ કનેકિટવિટી અને લાસ્ટ–માઈલ કનેકિટવિટી સુનિશ્ચિત કરે છે.
- તે કાર્યક્ષમ, ખર્ચ–અસરકારક અને મૂલ્ય–વર્ધિત લોજિસ્ટિક સેવાઓ જેવી કે કાર્ગો એકત્રીકરણ અને વિભાજન, વિતરણ, આંતર–મોડલ ટાન્સફર, સોર્ટિંગ, પેકિંગ, રિપેકિંગ અને અન્ય સુવિધા આપશે.
- લોજિસ્ટિક ખર્ચમાં ઘટાડો ભારતીય અર્થતંત્ર માટે મહત્વપૂર્ણ છે.
- હાલમાં GDPની ટકાવારી તરીકે ભારતનો લોજિસ્ટિક ખર્ચ 16% છે.
- અમેરિકા અને યુરોપિયન દેશો જેવા વિકસિત દેશોમાં તે લગભગ 8 ટકા છે. ચીનમાં તે 10 ટકા છે.
- ભારત સરકાર હાલમાં લોજિસ્ટિક ખર્ચને GDPના 10 ટકા સુધી ઘટાડવાનું લક્ષ્ય ધરાવે છે.

GOVT. JOBS

Largest Recruitment in Govt. Banks

Mission

# IBPS

PO / CLERK

Highest

2570+

Selection in Gujarat till Now...

Batch - 2023

New Class Start From

Every Monday

Then Why Wait?

ADMISSION OPEN

Visit Our Branch for more Inquiry

(Creating A Way For Govt. Jobs)

Banking Academy

(Preparation for All Types of Competitive Exams)

Join Demo Class

સુરત (ઉધના) Ph. : 70461 40555

સુરત (વરાછા) Ph. : 70464 16555

નવસારી Ph. : 70466 41555

વ્યારા Ph. : 90998 64658

# 7 યોજના,પોર્ટલ અને એપ્લીકેશન

## સ્વદેશ દર્શન 2.0 યોજના પ્રથમ તબક્કાની શરૂઆત કરવામાં આવી

- તાજેતરમાં કેન્દ્રીય પર્યટન મંત્રાલય દ્વારા સ્વદેશ દર્શન 2.0 ના પ્રથમ તબક્કાના (જાન્યુઆરી 2023 થી શરૂ થતા) ભાગરૂપે નવી સ્થાનિક પ્રવાસન નીતિને પ્રસિદ્ધ કરવા માટે સમગ્ર દેશમાં 15 રાજ્યોને નક્કી કરવામાં આવ્યું છે.
- આ નક્કી કરાયેલ કેટલાક અગ્રણી સ્થાનો જેમકે ઉત્તર પ્રદેશમાં ઝાંસી અને પ્રયાગરાજ, મધ્યપ્રદેશમાં ગ્વાલિયર, ચિત્રકૂટ અને ખજૂરાહો અને મહારાષ્ટ્રમાં અંજતા અને ઈલોરા છે.
- સ્વદેશ દર્શન 2.0 'Local for Local' ના મંત્ર સાથે સુધારેલી યોજના પ્રવાસન સ્થળ તરીકે ભારતની સંપૂર્ણ સંભાવનાને સાકાર કરીને આત્મનિર્ભર ભારત બનાવવા માંગે છે.
- સ્વદેશ દર્શન 2.0 પ્રવાસન અને સ્થાન કેન્દ્રિત અભિગમ સાથે ટકાઉ અને જવાબદાર સ્થળો વિકસાવવામાં મદદ કરશે.
- ભારતના રોજગારમાં પ્રવાસન ક્ષેત્રનું યોગદાન વર્ષ 2017-18 માં 14.78%, વર્ષ 2018-19 માં 14.87 અને વર્ષ 2019-20 માં 15.34 ટકા છે.
- ભારતમાં પ્રવાસન દ્વારા સર્જન થયેલ કુલ નોકરીઓ વર્ષ 2017-18 માં 72.69 મિલિયન, વર્ષ 2018-19 માં 75.85 મિલિયન અને વર્ષ 2019-20 માં 79.86 મિલિયન છે.

**Swadesh Darshan Scheme વિશે....**

| | | |
|---|---|---|
| **શરૂઆત** | : | વર્ષ 2014-15 (થીમ આધારિત પ્રવાસી સર્કિટના સંકલિત વિકાસ માટે શરૂ કરવામાં આવી હતી.) |
| **મંત્રાલય** | : | કેન્દ્રીય પ્રવાસન મંત્રાલય (જીકિન રેડ્ડી) |
| **હેતુ** | : | પ્રવાસનને આર્થિક વૃદ્ધિ અને રોજગાર સર્જનના મુખ્ય એન્જિન બનાવવાનો છે. |

## દિલ્હી સમૃદ્ધિ યોજનાની શરૂઆત

- તાજેતરમાં નવી દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સકસેના દ્વારા SAMRIDDHI 2022-23 યોજનાની શરૂઆત કરવામાં આવી છે.
- આ યોજનાનું પુરૂ નામ Strengthening and Augmentation of Municipal Revenue for Infra Structure Development in Delhi છે, જેનો અમલ 26 ઓક્ટોબર 2022 થી 31 માર્ચ 2023 સુધી કરવામાં આવ્યો છે.
- આ યોજના રહેંણાક મિલકતો તેમજ વાણિજ્યિક મિલકતો એમ બંને માટે એક વખતની મિલકત કર માફી યોજના છે.




- આ યોજના હેઠળ રહેણાંક મિલકતના માલિકો વર્તમાના અને પાછલા 5 નાણાકીય વર્ષની માત્ર મુખ્ય મિલકત કરની રકમ ચૂકવી શકે છે. અને બાકીના કરની રકમ પર વ્યાજ અને દંડની 100% માફી મેળવી શકે છે.
- આ યોજના અંતર્ગત વાણિજ્યિક મિલકતના માલિકો છેલ્લા 6 નાણાકીય વર્ષની મુખ્ય રકમ ચૂકવી શકે છે અને વર્ષ 2016-17 પહેલા થયેલા દંડ અને વ્યાજ સહિત ભૂતકાળના બાકી લેણા પર માફી મેળવી શકે છે.
- આ યોજના અંતર્ગત જો કરદાતા આવતા વર્ષની 31 માર્ચ સુધીમાં તેના બાકીના કરવેરા પતાવટ કરવામાં નિષ્ફળ જાય તો તે વર્ષ 2004 થી અથવા કોઈ પણ વર્ષે મિલકત વેરો બાકી હોય ત્યારથી દંડ તથા વ્યાજ સાથે તમામ કર ચૂકવવા માટે જવાબદાર રહેશે.
- આ યોજના હેઠળ બાકીના ટેકસ લેણા વસૂલવા માટે બળજબરીના પગલાં લેવામાં આવશે.
- આ યોજના હેઠળ જો કોઈ કરદાતાઓ પહેલાથી જ પ્રોપર્ટી ટેકસ ચૂકવ્યો હોય પરતું MCD ટેકસ ડેટામાં નોધાંયેલ ન હોય, તો તેણે ડેટાબેઝમાં અપડેટ કરવા માટે ચૂકવણીનો પુરાવો સબમિટ કરવો પડશે.
- આ યોજનાનો હેતુ મિલકતના માલિકો લાંબા સમયથી પડતર પ્રોપર્ટી ટેકસ વિવાદો અને સંબંધિત સમસ્યા દૂર કરવા પ્રોત્સાહિત કરવાનો છે.
- આ યોજના Municipal Corporation of Delhi (MCD) માટે આવક સ્ત્રોતમાં વધારો કરશે.

## Nutrient Based Subsidy Rates (NBS) ને મંજુરી આપવામાં આવી

- તાજેતરમાં, કેન્દ્રીય કેબિનેટ દ્વારા 1લી ઓક્ટોબર, 2022 થી 31મી માર્ચ, 2023 દરમિયાન રવિ પાકની સિઝન 2022-23 માટે Phosphatic and Potassic (P&K) ખાતરો માટે પોષક તત્વો આધારિત સબસિડી (NBS) રેટ્સને મંજૂરી આપવામાં આવી છે.
- આ સબસિડીનો અમલ એપ્રિલ 2010 થી રસાયણ અને ખાતર મંત્રાલયના ખાતર વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યો છે.
- આ યોજના અંતર્ગત તમામ નોન–યુરિયા આધારિત ખાતરો નિયંત્રિત થાય છે.
- Nutrient Based Subsidy (NBS) હેઠળ આ ખાતરોમાં રહેલા પોષક તત્વો (N, P, K & S) ના આધારે ખેડૂતોને સબસિડીવાળા દરે ખાતરો પૂરા પાડવામાં આવે છે આ ઉપરાંત જે ખાતરો ગૌણ અને સૂક્ષ્મ પોષકતત્વો જેવા કે મોલીબ્ડેનિયમ (Mo) અને ઝીંકથી મજબૂત હોય છે તેને વધારાની સબસીડી આપવામાં આવે છે.
- આ યોજના મુજબ P&K ખાતરોનો વપરાશ વધારવાનો હેતુ ધરાવે છે, જેથી કરીને nitrogen (N)1 phosphorus (P) and potassium (K) ફર્ટિલાઇઝેશનનું શ્રેષ્ઠ સંતુલન (N : P : K = 4 : 2 : 1) પ્રાપ્ત થવાના લીધે જમીનની તંદુરસ્તી સુધરશે અને પરિણામે પાકની ઉપજમાં વધારો થશે, પરિણામે ખેડૂતોની આવકમાં વધારો થશે.




## ઈલેક્ટ્રોરલ બોન્ડ સ્કીમમાં સુધારો

- તાજેતરમાં ભારત સરકારના નાણા મંત્રાલય દ્વારા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની વિધાનસભાની સામાન્ય ચૂંટણીના વર્ષમાં વધારાના 15 દિવસ માટે ચૂંટણી બોન્ડના વેચાણને મંજૂરી આપવા માટે ઈલેક્ટોરલ બોન્ડ્સ સ્કીમમાં સુધારો કરતી નોટિફિકેશન બહાર પાડવામાં આવી છે?
- નોટિફિકેશન કેન્દ્ર સરકારને 9 નવેમ્બર, 2022થી ચૂંટણી બોન્ડ જારી કરવા માટે વધારાની એક સપ્તાહની મંજૂરી આપે છે.
- આ બોન્ડ્સ કેન્દ્ર સરકાર દ્વારા નિર્દિષ્ટ કર્યા મુજબ જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઓક્ટોબર મહિનામાં દરેક 10 દિવસના સમયગાળામાં કોઈપણ વ્યક્તિ ખરીદી શકે છે.
- આ સુધારો હિમાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણીના દિવસો પહેલા અને ડિસેમ્બર 2022 ની શરૂઆતમાં યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીના અઠવાડિયા પહેલા આવ્યા છે.

### Electoral Bond વિશે....

- સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ચૂંટણી બોન્ડ જાહેર કરવા અને રોકડ કરવા માટે અધિકૃત બેંક છે.
- ચૂંટણી બોન્ડ દાતાઓ દ્વારા અનામી રૂપે ખરીદવામાં આવે છે જે જાહેર કર્યાની તારીખથી 15 દિવસ સુધી માન્ય રહે છે.
- ચૂંટણી બોન્ડ માત્ર યોગ્ય પક્ષ દ્વારા જ બેન્કમાં જાળવવામાં આવેલા તેના નિયુક્ત ખાતામાં જમા કરીને ઉપાડ કરી શકે છે.
- સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા રૂા. 1000, 10000, 1 લાખ, 10 લાખ અને 1 કરોડના મૂલ્યોમાં બોન્ડ જારી કરવામાં આવે છે.



## સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ 2023 ટૂલકીટ લોન્ચ

- તાજેતરમાં કેન્દ્રિય જલ શક્તિ મંત્રાલયના Department of Drinking Water & Sanitation (DDWS) દ્વારા 7 મા ભારતીય જળ સપ્તાહના બીજા દિવસે Rural WASH Partnerships - the way forward પર ટેકનિકલ સત્રનું આયોજન કરવામાં આવ્યું છે.
- આ સેશન દરમિયાન સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ 2023 ટૂલકીટ અને અને Twinpit to Retrofit Abhiyan માટે વેબ પોર્ટલ પણ લોન્ચ કરવામાં આવ્યુ છે.
  - ODF સ્થિતિ જાળવવાના હેતુથી Swachh Bharat Mission (SBM-G) પ્રવૃત્તિ 'ટ્વીનપિટ ટુ રેટ્રોફિટ અભિયાન' ઓક્ટોબર 2022 માં સ્વચ્છ ભારત દિવસ પર કેન્દ્રિય જલ શક્તિ મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત દ્વારા શરૂ કરવામાં આવી હતી.
  - આ અભિયાનનો ઉદ્દેશ વર્તમાનના એક ખાડાવાળા શૌચાલયને બે ખાડાવાળા શૌચાલયમાં રૂપાંતરિત કરીને સાદી ઑન–સાઈટ તકનીકોને પ્રોત્સાહન આપવાનો છે.
  - વેબ પોર્ટલનો ઉપયોગ રાજ્યો અથવા જિલ્લાઓના મૂળભૂત ડેટાને અપડેટ કરવા માટે કરવામાં આવશે.




  - આ અભિયાનમાં રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોની સિદ્ધિઓનું મૂલ્યાંકન મોડ્યુલમાં 19 નવેમ્બર 2022 થી 26 જાન્યુઆરી 2023 સુધીની પ્રગતિના આધારે કરવામાં આવશે.
- આ યોજાયેલ સત્રમાં DDWS ના બે ફ્લેગશિપ પ્રોગ્રામ – જલ જીવન મિશન અને સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ તબક્કો 2 ના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે કેવી રીતે ભાગીદારી કરી શકાય તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.
- સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ 2023 ટૂલકીટમાં સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ (SBM-G) Integrated Management Information System (IMIS) પર નોંધાયેલ ODF PLUS પ્રોગ્રેસના આધારે મૂલ્યાંકનના વિવિધ તબક્કામાં પંચાયતો અને જિલ્લાઓની બેઝલાઈન(પાયાની) રેન્કિંગની માહિતી શામેલ છે.
- ઈન્ડિયા વોટર વીક એ જલ શક્તિ મંત્રાલયની વાર્ષિક પ્રવૃત્તિ છે, જેનો ઉદ્ઘાટન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઈડામાં ઈન્ડિયા એક્સ્પો સેન્ટર ખાતે 01 /11/2022 ના રોજ ભારતમા કરવામાં આવ્યું હતું.
- DDWS એ ઈન્ડિયા વોટર વીક 2022માં 20 સ્ટોલ સ્થાપ્યા છે, જેમાં અત્યાધુનિક WASH તકનીકો, નવીનતાઓ અને ઉકેલો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.
  - આ કાર્યક્રમમાં ભાગ લેનારા અન્ય દેશોમાં ફિનલેન્ડ, જર્મની, ઈઝરાયેલ અને યુરોપિયન યુનિયન છે.

**સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ વિશે....**

**શરૂઆત** : વર્ષ 2018 થી (સ્વચ્છ ભારત મિશન હેઠળ)

**ઉદ્દેશ** : રાજ્યો અને જિલ્લાઓને મુખ્ય માત્રાત્મક અને ગુણાત્મક સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) માપદંડો પર તેમના પ્રદર્શનના આધારે રેન્ક આપવાનો છે

**મંત્રાલય** : કેન્દ્રિય જલશક્તિ મંત્રાલય

## BHIM App open-source license modelની જાહેરાત

- તાજેતરમાં નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) દ્વારા ભીમ એપ ઓપન સોર્સ લાઈસન્સ મોડલની જાહેરાત કરવામાં આવી છે.
- આ મોડલ હેઠળ Unified Payments Interface (UPI) ઈકોસિસ્ટમમાં નિયંત્રિત સંસ્થાઓ BHIM APPના સોર્સ કોડને એક્સેસ કરવા માટે લાઈસન્સ મેળવી શકે છે.
- આ મોડલ અંતર્ગત ભવિષ્યમાં એપ્લિકેશનમાં સમાવિષ્ટ નવી સુવિધાઓ પણ આ લાઈસન્સધારકો દ્વારા ઍક્સેસ કરી શકાશે.
- આ મોડલ દ્વારા બેંકોને UPI ની સહેલાઈથી ઉપલબ્ધ સુવિધાઓ પ્રદાન કરવાનો હેતુ ધરાવે છે.




- આ મોડલ બેંકિંગ સંસ્થાઓને તેમના ગ્રાહક ને સરળતાથી ઉપલબ્ધ UPI એપ્લિકેશન સાથે UPI ના લાભો પ્રદાન કરવા માટે સશક્ત બનાવશે.
- આ મોડલ UPI આધારિત વ્યવહારોને પ્રોત્સાહન આપવા માટે લાગતા સમય અને ખર્ચને ઘટાડશે.

- યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) એક ત્વરિત રીઅલ–ટાઇમ પેમેન્ટ સિસ્ટમ છે જેનો ઉપયોગ બે બેંક ખાતાઓ વચ્ચે તુરંત નાણાં ટ્રાન્સફર કરવા માટે મોબાઈલ ઉપકરણો પર થાય છે જેને NPCI દ્વારા વિકસાવવામાં આવ્યું છે.
- UPIએ વર્તમાનમાં ભારતમાં ડિજિટલ ચૂકવણીના સૌથી પ્રખ્યાત સ્વરૂપોમાંનું એક છે, જેને UPIએ નાણાકીય વર્ષ 2022 દરમિયાન 45.6 બિલિયન વ્યવહારો કર્યા છે.

### National Payments Corporation of India વિશે....

| | |
|---|---|
| **સ્થાપના** | : વર્ષ 2008 |
| **વડુમથક** | : મુંબઈ |
| **મંત્રાલય** | : કેન્દ્રિય નાણા મંત્રાલય |
| **હેતુ** | : ભારતમાં વ્યક્તિગત અને ડિજિટલ વ્યવહારો માટે સ્વસ્થ અને મજબૂત ચુકવણી સિસ્ટમ પ્રદાન કરવાનો છે . |

- BHIM UPI સંયુક્ત આરબ અમીરાતમાં NEOPAY ટર્મિનલ્સ પર લાઈવ છે, જેનાથી UAEમાં પ્રવાસ કરતા લાખો ભારતીયોને BHIM UPI નો ઉપયોગ કરીને ચુકવણી કરવામાં સક્ષમ બનાવે છે.
- BHIM UPI ની શરૂઆત 30 ડિસેમ્બર 2016ના રોજ થઈ હતી.

## SVAMITVA યોજના પર નિષ્ણાત સમિતિનો રીપોર્ટ જાહેર

- તાજેતરમાં SVAMITVA યોજના પર નિષ્ણાત સમિતિનો રીપોર્ટ SVAMITVA Scheme and Rural Planning પરની રાષ્ટ્રીય પરિષદમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે, જેનું આયોજન નવેમ્બર, 2022 ના રોજ મધ્ય પ્રદેશના ભોપાલમાં કરવામાં આવ્યું હતું.
- આ નિષ્ણાંત સમિતિની રચના ભારત સરકારના ભૂતપૂર્વ સચિવ બી.કે. અગ્રવાલની અધ્યક્ષતામાં ફેબ્રુઆરી 2022 માં કરવામાં આવી હતી.
- આ સમિતિમાં લેન્ડ ગવર્નન્સ, બેન્કિંગ, સર્વે ઓફ ઈન્ડિયા, NIC-GIS, રાજ્યના મહેસૂલ અને પંચાયતી રાજ વિભાગો, ઉદ્યોગ અને પ્રીમિયર પ્લાનિંગ અને આર્કિટેક્ચર સંસ્થાઓના નિષ્ણાત સભ્યો છે.
- આ સમિતિનો હેતુ SVAMITVA યોજનાના અમલીકરણમાં પારદર્શિતાને પ્રોત્સાહન આપવાનો છે.

### Survey of villages and mapping with improvised technology in village areas (SVAMITVA) યોજના વિશે....

| | |
|---|---|
| **શરૂઆત** | : 24 અપ્રિલ 2020 |
| **મંત્રાલય** | : કેન્દ્રિય પંચાયતી રાજ મંત્રાલય |
| **હેતુ** | : ગ્રામીણ લોકોને તેમની રહેણાંક મિલકતોના દસ્તાવેજ કરવાનો અધિકાર પૂરો પાડવાનો છે. |




## UK–India Young Professionals યોજનાની જાહેરાત

- તાજેતરમાં બ્રિટિશ વડા પ્રધાન ઋષિ સુનક દ્વારા ઈન્ડોનેશિયાના બાલીમાં યોજાયેલી G20 સમિટમાં UKvIndia Young Professionals Schemeની જાહેરાત કરવામાં આવી છે, આ યોજના પારસ્પરિક ધોરણે વર્ષ 2023ની શરૂઆતથી લાગુ કરવામાં આવશે.
- આ યોજના દેશમાં કામદારોની ભારે અછત વચ્ચે યુનાઈટેડ કિંગડમ દ્વારા તે લોન્ચ કરવામાં આવ્યું છે, જે દેશમાં કામદારોની અછતને દૂર કરશે.
- આ યોજના ભારતીયોને યુનાઈટેડ કિંગડમમાં બે વર્ષ સુધી કામ કરવા માટે જગ્યાઓ પ્રદાન કરશે, જેનાથી 18 થી 30 વર્ષની વયના 3,000 ડિગ્રી ધારક ભારતીયોને ફાયદો થશે.




- આ યોજના ભારતને યોજનાનો લાભ મેળવનાર પ્રથમ વિઝા–રાષ્ટ્રીય દેશ બનાવશે.
- આ યોજના યુનાઈટેડ કિંગડમ અને ભારત વચ્ચેના સાંસ્કૃતિક અને આર્થિક સંબંધોને પણ મજબૂત બનાવશે.
- આ યોજના ઈન્ડો–પેસિફિક ક્ષેત્ર સાથે યુનાઈટેડ કિંગડમના સંબંધોમાં પણ સુધારો કરશે.

### United Kingdom (UK) વિશે....

| | |
|---|---|
| **રાજધાની** | : લંડન (London) |
| **ચલણ** | : પાઉન્ડ સ્ટર્લિંગ (Pound Sterling) |
| **સંસદનું નામ** | : The ace of westminister |

# 8 પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી

## યુ.એસ. (US) ના ફ્લોરિડામાં કેનેડી સ્પેસ સેન્ટરથી ફાલ્કન હેવી રોકેટ લોન્ચ કરવામાં આવ્યું

- તાજેતરમાં 1 નવેમ્બર, 2022 ના રોજ SpaceX દ્વારા યુ.એસ. લશ્કરી ઉપગ્રહોને અવકાશમાં મોકલવા માટે ફ્લોરિડામાં કેનેડી સ્પેસ સેન્ટરથી ફાલ્કન હેવી રોકેટ લોન્ચ કરવામાં આવ્યું છે.
- ફાલ્કન હેવી રોકેટનું પ્રથમવાર પ્રક્ષેપણ 6 ફેબ્રુઆરી, 2018 ના રોજ થયું હતું, અને આ પહેલા ફાલ્કન હેવી રોકેટ 11 એપ્રિલ, 2019 ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ એરક્રાફટનો ઉદ્દેશ અવકાશ તકનીકો વિકસાવવાનો છે જે અવકાશમાં વસ્તુઓને ટ્રેક કરવામાં અને અન્ય પ્રવૃત્તિઓમાં મદદ કરે છે.
- ફાલ્કન હેવી એ અમેરિકન એરોસ્પેસ ઉત્પાદક SPACEX દ્વારા વિકસિત છે. અને ફરીથી વાપરી શકાય તેવું હેવીલિફ્ટ લોન્ચ વાહન છે–જે એક શક્તિશાળી રોકેટ છે જેમાં 2 strap- on boosters નો સમાવેશ થાય છે.




**Space X વિશે....**

**સ્થાપના** : 14 માર્ચ, 2002
**વડુમથક** : કેલિફોર્નિયા (યુ.એસ.એ.)
**CEO** : એલોન મસ્ક

## તરાઈ હાથી અભયારણ્ય : ઉત્તરપ્રદેશ

- તાજેતરમાં ભારત સરકારે ઉત્તરપ્રદેશમાં તરાઈ હાથી અભયારણ્યની સ્થાપનાને મંજૂરી આપી છે.
- ઉત્તરપ્રદેશના દુધાવા – પીલીભીતમાં તરાઈ હાથી અભયારણ્યની સ્થાપના કરવામાં આવશે.
- તે 3049 ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલું હશે.
- ભારતમાં સ્થાપિત થનારું તે 33 મું હાથી અભયારણ્ય હશે.
- તે દુધાવા અને પીલીભાત ટાઈગર રિઝર્વના સંયુક્ત જંગલ વિસ્તારોમાં હશે. જે વાઘ, એશિયાટિક હાથી, દલદલ હરણ અને એક શિંગડાવાળા ગેંડાના સંરક્ષણ સાથે સંકળાયેલા છે.
- આ નવા હાથી અભયારણ્યની સ્થાપના હાથીઓની વસતીના સીમા પર સ્થળાંતરને બચાવવામાં મદદ કરશે.




❖ **નોંધ**

(1) 'પ્રોજેક્ટ એલિફન્ટ' કેન્દ્ર સરકાર દ્વારા 1992 માં જંગલી એશિયન હાથીઓની મૂકત શ્રેણીની વસતીના રક્ષણ માટે રાજ્યોને નાણાકીય અને તકનીકી સહાય પૂરી પાડવા માટે શરૂ કરવામાં આવ્યો હતો.

(2) આ કેન્દ્રિય પ્રાયોજિત યોજનાનો ઉદ્દેશ્ય એશિયન હાથીઓના કુદરતી રહેઠાણોનું અને સ્થળાંતર કોરિડોરનું રક્ષણ કરીને તેમના લાંબા સમય સુધી અસ્તિત્વને સુનિશ્ચિત કરવાનો છે.

## તિઆંગોંગ સ્પેસ સ્ટેશનનું છેલ્લુ મોડયુલ લોન્ચ કરવામાં આવ્યું

- તિઆંગોંગ સ્પેસ સ્ટેશનનું છેલ્લુ મોડયુલ 'મેંગટિયન' 31 ઓકટોબરના રોજ સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું હતું. તેને ચીનના વેનચાંગ લોન્ચ સેન્ટરમાંથી લોંગ માર્ચ – 5B Y4 કેરિયર રોકેટ પરથી લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ ત્રીજુ અને અંતિમ મોડયુલ છે. જે 10 વર્ષ કે તેથી વધુ સમય માટે કાર્યરત રહેવાની અપેક્ષા છે. તિઆંગોંગ સ્પેસ સ્ટેશન હાલમાં ચીન દ્વારા બનાવવામાં આવી રહ્યું છે
- તેનું સંચાલન China Manned Space Agency (CMSA) દ્વારા સપાટીથી 340 થી 450 કિમીની વચ્ચે નીચલી પૃથ્વીની ભ્રમણકક્ષામાં કરવામાં આવે છે.



## ફંગલ ચેપની પ્રથમ સૂચિ જાહેર

- તાજેતરમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) એ ફંગલ ચેપ (પ્રાધાન્યતા પેથોજેન્સ) ની પ્રથમ યાદી બહાર પાડી છે જે જાહેર આરોગ્ય માટે જોખમી હોઈ શકે છે. ફૂગ પ્રાયોરિટી પેથોજન લિસ્ટ (FPPL) માં 19 ફુગનો સમાવેશ થાય છે.જે માનવ સ્વસ્થ માટે સૌથી મોટો ખતરો દર્શાવે છે.
- બેકટેરિયલ પ્રાધાન્યતા પેથોજેન્સની સૂચિમાંથી આ સૂચિને પ્રાથમિકતા આપવામાં આવી છે, જે વૈશ્વિક લક્ષ્યો અને ક્રિયાઓ પર સમાન ધ્યાન કેન્દ્રિત કરીને WHO દ્વારા 2017 માં પ્રથમ વખત સ્થાપિત કરવામાં આવી હતી.
- તેનો ઉદ્દેશ્ય ફુગના ચેપ અને ફુગ પ્રતિરોધી પ્રતિકાર માટે વૈશ્વિક પ્રતિભાવને મજબૂત કરવા માટે વધુ સંશોધન અને નીતિગત હસ્તક્ષેપો પર ધ્યાન કેન્દ્રિત કરવાનો અને પ્રોત્સાહન આપવાનો છે.




**World Health Organization (WHO) વિશે....**

**સ્થાપના** : 07 એપ્રિલ, 1948
**વડુમથક** : જીનીવા, સ્વિટ્ઝર્લેન્ડ
**હેતુ** : વિશ્વના તમામ લોકોને આરોગ્યના ઉચ્ચતમ સ્તરની પ્રાપ્તિ

## ભારતનું પ્રથમ સર્વોચ્ચ ગ્રીન બોન્ડ ફ્રેમવર્ક જાહેર

- તાજેતરમાં ભારત સરકાર દ્વારા 9 નવેમ્બર, 2022ના રોજ ભારતનું પ્રથમ સર્વોચ્ચ ગ્રીન બોન્ડ્સ ફ્રેમવર્ક બહાર પાડવામાં આવ્યો છે.
- આ ફ્રેમવર્ક મુજબ ગ્રીન બોન્ડ્સ પર મુદ્દલ અને વ્યાજની ચૂકવણી પાત્ર પ્રોજેક્ટની કામગીરી પર આધાર રાખશે નહીં, જેથી રોકાણકારોને કોઈપણ પ્રોજેક્ટ સંબંધિત જોખમોથી પ્રતિકૂળ અસર થશે નહીં.
- આ ફ્રેમવર્ક મુજબ ગ્રીન બોન્ડ માટેની તમામ કાર્યવાહી ઇશ્યુ થયાના 24 મહિનાની અંદર પ્રોજેક્ટને ફાળવવામાં આવશે.
- આ ફ્રેમવર્ક અનુસાર જયારે કેન્દ્રીય નાણા મંત્રાલયને ગ્રીન બોન્ડ ફ્રેમવર્કમાં કોઈપણ ફેરફાર કરવાનો અધિકાર છે અને કરવામાં આવેલા ફેરફારોની સમીક્ષા સ્વતંત્ર સંસ્થા દ્વારા કરવામાં આવશે.




- આ ફ્રેમવર્કની સમીક્ષા નોર્વે સ્થિત CICERO શેડ્સ ઓફ ગ્રીન દ્વારા કરવામાં આવે છે.
  - CICEROએ એક પેઢી જે ગ્રીન બોન્ડ ફ્રેમવર્ક પર બીજા અભિપ્રાય પ્રદાન કરે છે.
  - CICERO દ્વારા ગુડ ગવર્નન્સ સ્કોર સાથે આ ફ્રેમવર્કને "મધ્યમ ગ્રીન" રેટીંગ આપવામાં આવ્યો છે.
  - મધ્યમ ગ્રીન રેટિંગ એવા પ્રોજેક્ટ્સ અને સોલ્યુશન્સને પ્રદાન કરવામાં આવે છે જે લાંબા ગાળાની દ્રષ્ટિ તરફ નોંધપાત્ર પ્રગતિ કરે છે.
- ગ્રીન બોન્ડ એ નાણાકીય સાધનો છે જે પર્યાવરણને અનુકૂળ અને આબોહવાને અનુકૂળ પ્રોજેક્ટ્સમાં રોકાણ માટે આવક ઉત્પન્ન કરે છે, જેમાં નિયમિત બોન્ડ કરતાં ઓછી મૂડી ખર્ચ હોય છે.
- ભારત સરકાર દ્વારા કેન્દ્રીય બજેટ 2022-23માં જાહેરાત કરવામાં આવી હતી કે તે વર્તમાન નાણાકીય વર્ષમાં ભારત સરકારના પ્રથમ સર્વોચ્ચ ગ્રીન બોન્ડ્સ બહાર પાડશે.
- ભારત સરકાર દ્વારા ગ્રીન બોન્ડ દ્વારા ધિરાણ માટે યોગ્ય પ્રોજેક્ટ પસંદ કરવા માટે મુખ્ય આર્થિક સલાહકારની આગેવાની હેઠળ ગ્રીન ફાઈનાન્સ વર્કિંગ કમિટીની રચના કરવામાં આવી છે, જેમાં મોટા હાઇડ્રોપાવર પ્લાન્ટનો સમાવેશ થતો નથી.
- આ સમિતિ વર્ષમાં ઓછામાં ઓછી બે વાર મળશે, જેમાં પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય, નીતિ આયોગ, નાણા મંત્રાલયના અર્થશાસ્ત્ર વિભાગ, બજેટ વિભાગ અને અન્ય સભ્યો છે.

## તમિલનાડુના 17 માં વન્યજીવ અભયારણ્ય તરીકે કાવેરી દક્ષિણ વન્યજીવ અભયારણ્ય જાહેર

- તાજેતરમાં તમિલનાડુ રાજ્ય સરકાર દ્વારા કાવેરી દક્ષિણ વન્યજીવ અભયારણ્યને રાજ્યના 17મા વન્યજીવ અભયારણ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું છે, આ અગાઉ કાઝુવેલી પક્ષી અભયારણ્ય, નંજરાયન પક્ષી અભયારણ્ય, કદાવુર સ્લેન્ડર લોરીસ અભયારણ્ય અને ડુગોંગ સંરક્ષણ અનામતને વન્યજીવ અભયારણ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.
- આ જાહેરાત વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, 1972ની કલમ 26A(1) (b) હેઠળ કરવામાં આવી છે, જે 686.406 ચોરસ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલું છે અને 35 સસ્તન પ્રજાતિઓ અને 238 પક્ષીઓની પ્રજાતિઓનું ઘર છે.



- આ અભયારણ્ય તમિલનાડુના કાવેરી ઉત્તર વન્યજીવ અભયારણ્યને પડોશી રાજ્ય કર્ણાટકના કાવેરી વન્યજીવ અભયારણ્ય સાથે જોડે છે.
- આ અભયારણ્ય કાવેરી નદી બેસિનમાં વન્યજીવન માટે સંરક્ષિત વિસ્તારોનું વિશાળ, સંલગ્ન નેટવર્ક બનાવે છે.
- આ અભયારણ્ય હાથીઓનું મહત્વનું નિવાસસ્થાન છે, જે બે હાથી કોરિડોર(નંદીમંગલમ ઉલીબંદા કોરિડોર અને કોવૈપલ્લમ અને બિદ્દહલ્લા કોરિડોર) ધરાવે છે.
- આ અભયારણ્યના રહેઠાણમાં સુધારો થવાથી નજીકના સંરક્ષિત વિસ્તારોમાં રહેતા વાઘ માટે શિકારનો આધાર વધશે.

**Tamilnadu વિશે....**

**સ્થાપના** : વર્ષ 1773
**મુખ્યમંત્રી** : એમ. કે સ્ટાલિન
**રાજ્યપાલ** : આર.એન. રવિ

## E-Waste (Management) Rules, 2022 પર નોટીફીકેશન જાહેર

- તાજેતરમાં ભારત સરકારના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા 2 નવેમ્બર, 2022ના રોજ ઈ–વેસ્ટ (મેનેજમેન્ટ) નિયમો–2022 પ્રકાશિત કરવામાં આવ્યા છે, જે આગામી નાણાકીય વર્ષ 1 એપ્રિલ, 2023થી લાગુ થશે.
- આ નિયમો ઈ–વેસ્ટ અથવા ઇલેક્ટ્રિકલ અને ઇલેક્ટ્રોનિક સાધનોના ઉત્પાદન, વેચાણ, ટ્રાન્સફર, ખરીદી, નવીનીકરણ, વિસર્જન, રિસાયકલિંગ અને પ્રક્રિયા સાથે સંકળાયેલા તમામ વ્યવસાયો અને વ્યક્તિઓને લાગુ પડશે.
- આ નિયમો હેઠળ ઈ–વેસ્ટ તરીકે વર્ગીકૃત કરવામાં આવેલી વસ્તુઓની સંખ્યા 21થી વધારીને 106 કરવામાં આવી છે, જેમાં તમામ વિદ્યુત ઉપકરણો અને રેડિયોથેરાપી સાધનો, ન્યુક્લિયર મેડિસિન સાધનો અને એસેસરીઝ, મેગ્નેટિક રેઝોનન્સ ઇમેજિંગ (MRI), ઇલેક્ટ્રિક રમકડાં, એર કંડિશનર્સ, માઇક્રોવેવ્સ, ગોળીઓ, વોશિંગ મશીન, રેફ્રિજરેટર, આઈપેડ અને અન્યનો સમાવેશ થાય છે.
- આ નિયમો વેસ્ટ બેટરી માટે લાગુ પડતા નથી, જે બેટરી વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, 2022 હેઠળ આવરી લેવામાં આવ્યા છે. અને પ્લાસ્ટિકના પેકેજિંગ માટે પણ લાગુ પડતું નથી, જે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, 2016 હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- આ નિયમો સૂક્ષ્મ ઉદ્યોગો અને રેડિયો–એક્ટિવ કચરો માટે પણ લાગુ પડતું નથી, જે અનુક્રમે માઇક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઇઝ ડેવલપમેન્ટ એક્ટ, 2006 અને એટોમિક એનર્જી એક્ટ, 1962 હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- આ નિયમો ઇલેક્ટ્રિકલ અને ઇલેક્ટ્રોનિક સાધનોના ઉત્પાદન માટે જોખમી પદાર્થોના ઉપયોગને પ્રતિબંધિત કરે છે.




- આ નિયમો નિયમો હેઠળ, સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB) જોખમી પદાર્થોના ઘટાડેલા ઉપયોગની દેખરેખ અને ચકાસવા માટે બજારમાં મૂકવામાં આવેલા ઇલેક્ટ્રિકલ અને ઇલેક્ટ્રોનિક સાધનોના રેન્ડમ સેમ્પલિંગ હાથ ધરશે.

## નેશનલ બાયો એનર્જી પ્રોગ્રામના અમલીકરણની જાહેરાત

- તાજેતરમાં કેન્દ્રિય નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલય દ્વારા National Bio Energy Programme વર્ષ 2025-26 સુધી લાગુ કરવાની જાહેરાત કરવામાં આવી છે, જેને 2 તબક્કામાં અમલમાં મુકવામાં આવશે.
- બાયોએનર્જી એક વખત જીવતા (બીજી વખત ન બનતા કાર્બનિક) કાર્બનિક પદાર્થોમાંથી મળે છે, જેને બાયોમાસ કહેવાય છે જેનો ઉપયોગ પરિવહન ઈંધણ, ગરમી, વીજળી અને આવા અન્ય ઉત્પાદનોના ઉત્પાદન માટે થાય છે.
- આ કાર્યક્રમ પ્રથમ તબક્કો ભારત સરકાર દ્વારા રૂ. 858 કરોડના કુલ બજેટ સાથે મંજૂર કરવામાં આવ્યો છે.
- આ કાર્યક્રમમાં ત્રણ પેટા યોજનાઓ રહેશે, જે નીચે મુજબ છે.
  (1) વેસ્ટ ટુ એનર્જી પ્રોગ્રામનો ઉદ્દેશ ઔદ્યોગિક, ઘરેલું અને કૃષિ ક્ષેત્રો દ્વારા ઉત્પાદિત કચરાને ઊર્જા ઉત્પન્ન કરવા માટે વાપરવાનો છે, આ ધ્યેય હાંસલ કરવા માટે વેસ્ટ ટુ એનર્જી મોટા બાયોગેસ, બાયો–સીએનજી અને પાવર પ્લાન્ટ સ્થાપવામાં મદદ કરશે.
  (2) બાયોમાસ પ્રોગ્રામ પેલેટ્સ અને બ્રિકેટ્સ સેટ કરવામાં મદદ કરશે જેનો ઉપયોગ પાવર અને નોન–બેગાસ(બાયોમાસ) આધારિત પાવર જનરેશન પ્રોજેક્ટ્સ માટે થાય છે.




  (3) બાયોગેસ પ્રોગ્રામ ગ્રામીણ વિસ્તારોમાં નાના અને મધ્યમ કદના બાયોગેસ પ્લાન્ટ સ્થાપવા પરિવારના સભ્યોને મદદ કરશે.
- Indian Renewable Energy Development Agency (IREDA) આ કાર્યક્રમ માટે અમલીકરણ એજન્સી હશે.

- આ કાર્યક્રમમાં બાયોગેસ અને બાયોમાસ પ્રોગ્રામનો પણ સમાવેશ થાય છે.
- આ કાર્યક્રમમાં IREDA ને અરજીઓ પર પ્રક્રિયા કરવા માટે Central Financial Assistance ના 1% નો સર્વિસ ચાર્જ ચૂકવવામાં આવશે, આ ઉપરાંત પ્લાન્ટ કાર્યરત થઈ જાય ત્યારબાદ અમલીકરણ અને કામગીરીનું નિરીક્ષણ કરવા માટે CFA માટે 1% ચૂકવવામાં આવશે.
- વેસ્ટ એનર્જી પ્લાન્ટ ખાસ કેટેગરીના રાજ્યો જેવા કે ઉત્તર પૂર્વ, હિમાચલ પ્રદેશ, સિક્કિમ, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, લક્ષદ્વીપ, ઉત્તરાખંડ અને આંદામાન અને નિકોબાર ટાપુઓમાં સ્થાપિત કરવામાં આવે તો 20% CFA ચૂકવવાના રહેશે.
- આ કાર્યક્રમ મુજબ સરકાર પ્રોજેક્ટ ડેવલપર્સને નાણાકીય સહાય પ્રદાન કરશે અને વેસ્ટ–ટુ–એનર્જી પ્લાન્ટને કાર્યરત કરવા માટે ઈન્સ્પેક્શન ફર્મ્સ સહિત અમલીકરણ એજન્સીઓને સર્વિસ ચાર્જ ચૂકવશે.

❖ **વિશેષ**

- ભારત દર વર્ષે 750 મિલિયન મેટ્રિક ટનથી વધુ બાયોમાસ ઉત્પન્ન કરવામાં સક્ષમ છે
- ભારતમાં વર્ષ 1980ના દાયકાથી નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલય જૈવ ઊર્જાને પ્રોત્સાહન આપી રહ્યું છે
- સરકાર દ્વારા નવા બાયોગેસ પ્લાન્ટ માટે પ્રતિ મેગાવોટ 75 લાખ રૂપિયા અને વર્તમાનના એકમો માટે રૂપિયા 50 લાખ પ્રતિ મેગાવોટની નાણાકીય સહાય આપવામાં આવશે.
- બાયોગેસ પ્રોજેક્ટ્સ માટે માનક કેન્દ્રીય નાણાકીય સહાય (CFA) દિવસના 12,000 ઘન મીટર માટે 25 લાખ રૂપિયા હશે અને મહત્તમ 5 કરોડ રૂપિયા નક્કી કરવામાં આવશે.

## Kerala Technology Transfer Scheme લોન્ચ

- તાજેતરમાં કેરળ રાજ્ય સરકાર દ્વારા ટેકનોલોજી ટ્રાન્સફર યોજનાની શરૂઆત કરવામાં આવી છે, જે KERALA START UP MISSION (KSUM) દ્વારા લાગુ કરવામાં આવશે.




- આ યોજના નવા સ્ટાર્ટઅપ સાહસો દ્વારા કરવામાં આવેલ ખર્ચની ભરપાઈ કરશે.
- આ યોજના હેઠળ સરકારી સંશોધન સંસ્થાઓ પાસેથી ટેકનોલોજી ખરીદવા અથવા સોર્સિંગ કરતા સ્ટાર્ટઅપ્સને વધુમાં વધુ રૂ. 10 લાખની વળતર આપવામાં આવશે અને વ્યાપારીકરણ કરી શકાય તેવા ઉત્પાદનો વિકસાવવા માટે કામ કરવું.
- આ યોજના અંતર્ગત ટેકનોલોજી લાઈસન્સ પ્રદાન કરતી સંશોધન સંસ્થાઓને સ્ટાર્ટઅપ્સ દ્વારા ચૂકવવામાં આવતી ટેકનોલોજી ફીના 90 ટકા રાજ્ય સરકાર ભરપાઈ કરશે.
- આ યોજનાનો અંતિમ ધ્યેય સ્ટાર્ટઅપ્સને સામેલ ખર્ચ ઘટાડીને તેમના વિચારોને નવીનતા લાવવા પ્રોત્સાહિત કરવાનો છે.
- આ યોજના કેરળ સ્ટાર્ટઅપ મિશન (KSUM) સાથે સક્રિય નોંધણી ધરાવતા હોય તેવા સ્ટાર્ટઅપ્સ માટે લાગુ પડશે.
- આ યોજના હેઠળ સ્ટાર્ટઅપ કેરળમાં Limited Liability Partnership(LLP) અથવા પ્રાઈવેટ લિમિટેડ કંપની તરીકે રજિસ્ટર્ડ કંપની અને કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DIPP) માં રજિસ્ટર્ડ કંપની પણ હોવી જોઈએ.
- આ યોજના અંતર્ગત સ્ટાર્ટઅપ પાસે કોર્પોરેટ બાબતોના મંત્રાલય સાથે સક્રિય સ્થિતિ અને રાજ્યની કોઈપણ સરકારી એજન્સીઓ, KSUM અને અન્ય ઈન્ક્યુબેટર્સ પાસે કોઈ બાકી લેણું ન હોવું જોઈએ.
- આ યોજના અનુસાર સ્ટાર્ટઅપ ને કોઈ પણ સરકારી એજન્સી દ્વારા બ્લેકલિસ્ટ કરવામાં આવવી જોઈએ નહીં.
- કેરળ સ્ટાર્ટઅપ મિશન (KSUM) એ રાજ્યમાં ઉદ્યોગસાહસિકતા વિકાસ અને ઈન્ક્યુબેશન પ્રવૃત્તિઓ માટે કેરળ સરકારની નોડલ એજન્સી છે.

**Kerala Startup Mission વિશે....**

**સ્થાપના** : વર્ષ 2006
**મુખ્યાલય** : તિરુવનંતપુરમ

## Mangrove Alliance for Climate (MAC) લોન્ચ કરવામાં આવ્યું.

- તાજેતરમાં 27મી UNITED NATIONSની ક્લાઈમેટ ચેન્જ કોન્ફરન્સ (COP27) દરમિયાન મેન્ગ્રુવ એલાયન્સ ફોર ક્લાઈમેટ (MAC) લોન્ચ કરવામાં આવ્યું છે.
- મેન્ગ્રોવ એલાયન્સ ફોર ક્લાઈમેટ (MAC) એ આંતર–સરકારી સંધિ છે જે મેન્ગ્રુવ ઈકોસિસ્ટમના સંરક્ષણ અને પુન:સ્થાપન તરફ પ્રગતિને વિસ્તૃત અને ઝડપી બનાવશે.
- આ સંધિના સભ્યોમાં UAE, ઈન્ડોનેશિયા, ભારત, શ્રીલંકા, ઓસ્ટ્રેલિયા, જાપાન અને સ્પેનનો સમાવેશ થાય છે.
- આ સંધિ પ્રકૃતિ આધારિત આબોહવા પરિવર્તન ઉકેલ તરીકે મેન્ગ્રોવ્ઝની ભૂમિકા વિશે વૈશ્વિક જાગૃતિ વધારશે અને વૈશ્વિક સ્તરે મેન્ગ્રુવ જંગલોનું પુનવસવાટ સુનિશ્ચિત કરશે.

➲ આ સંધિ મેન્ગ્રોવ સંશોધન, વ્યવસ્થાપન અને દરિયાકાંઠાના વિસ્તારોના સંરક્ષણ અને આબોહવા શમન અને અનુકૂલન પર ધ્યાન કેન્દ્રિત કરતા જાહેર શિક્ષણના ક્ષેત્રોમાં સભ્ય દેશો દ્વારા અમલમાં મૂકાયેલા પ્રોજેક્ટ્સને સમર્થન આપશે.

❖ **MANGROVES વિશે**

- મેન્ગ્રોવ એ એક ઉષ્ણકટિબંધીય વૃક્ષ છે જે દરિયાકાંઠાના કિનારે ભીની જમીનમાં ઉગે છે અને તેના કેટલાક મૂળ જમીનની ઉપર હોય છે.
- આ શબ્દનો ઉપયોગ ઉષ્ણકટિબંધીય દરિયાકાંઠાની વનસ્પતિ માટે પણ થાય છે.
- વિશ્વમાં મેન્ગ્રોવનું કુલ કવર 1,50,000 ચોરસ કિલોમીટર છે.
- ઇન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રીપોર્ટ 2021 મુજબ ભારતમાં મેન્ગ્રોવ કવર 4,992 ચોરસ કિલોમીટર છે, જે દેશના કુલ ભૌગોલિક વિસ્તારના 0.15% છે. અને પશ્ચિમ બંગાળમાં ભારતના મેન્ગ્રોવ કવરનો 42.45% છે, ત્યારબાદ ગુજરાત 23.66% અને A&N ટાપુઓ 12.39% છે.




## India–Mozambique–Tanzania Trilateral Exercise (IMT TRILAT) ની પ્રથમ આવૃત્તિ આયોજન

➲ તાજેતરમાં ભારતીય નૌકાદળે ભારત–મોઝામ્બિક–તાંઝાનિયા ત્રિપક્ષીય કવાયત (IMT TRILAT) ની પ્રથમ આવૃત્તિમાં ભાગ લીધો છે, જે ભારતીય, મોઝામ્બિક અને તાંઝાનિયાની નૌકાદળ વચ્ચેની સંયુક્ત દરિયાઈ કવાયત તાંઝાનિયાના દાર એસ સલામ ખાતે હાથ ધરવામાં આવી છે.



➲ આ કવાયતમાં ગાઈડેડ મિસાઈલ ફ્રિગેટ, INS તારકશ, ચેતક હેલિકોપ્ટર અને MARCOS (સ્પેશિયલ ફોર્સીસ) દ્વારા ભારતીય નૌકાદળનું પ્રતિનિધિત્વ કરવામાં આવે છે.

➲ આ કવાયતો હિંદ મહાસાગર ક્ષેત્રમાં દરિયાઈ સુરક્ષા અને દરિયાઈ પડોશીઓ સાથે સહયોગ વધારવા અને આ ક્ષેત્રમાં તમામ માટે SAGAR, સલામતી અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે ભારત અને ભારતીય નૌકાદળની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

➲ આ કવાયતના મુખ્ય હેતુઓ તાલીમ અને શ્રેષ્ઠ અભ્યાસોની વહેંચણી દ્વારા સામાન્ય જોખમોને ઘટાડવા માટે ક્ષમતા અને વિકાસ માટે, આંતરકાર્યક્ષમતામાં વધારો અને દરિયાઈ સહયોગને મજબૂત બનાવવાનો છે.

➲ મિશન સાગર હેઠળ, ભારતીય નૌકાદળ હિંદ મહાસાગર ક્ષેત્ર (IOR) અને તેનાથી આગળના દેશોમાં તબીબી અને માનવતાવાદી સહાય મોકલવા માટે તેના જહાજોને તૈનાત કરી રહ્યું છે

### Mission Sagar વિશે....

**શરૂઆત** : વર્ષ 2020

**ઉદ્દેશ** : હિંદ મહાસાગરના કિનારાના રાજ્યોમાંના દેશોને કોવિડ–19 સંબંધિત સહાય પહોંચાડવાની ભારતની પહેલ હતી, જેમાં માલદીવ્સ, મોરેશિયસ, મેડાગાસ્કર, કોમોરોસ અને સેશેલ્સ જેવા દેશોનો સમાવેશ થાય છે.

➲ નવેમ્બર 2020 માં, મિશન સાગર–II ના ભાગ રૂપે INS એરાવતે સુદાન, દક્ષિણ સુદાન, જીબુટી અને એરિટ્રિયાને ખાદ્ય સહાય પહોંચાડી.

## Indian Biological Data Center (IBDC)ની સ્થાપના

➲ તાજેતરમાં કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી જિતેન્દ્ર સિંહ દ્વારા રિજનલ સેન્ટર ફોર બાયોટેકનોલોજી (RCB) ફરીદાબાદ (હરિયાણા) ખાતે 'ભારતીય બાયોલોજિકલ ડેટા બેંકની સ્થાપના કરવામાં આવી છે, જેને ભારતીય બાયોલોજિકલ ડેટા સેન્ટર (IBDC) તરીકે પણ ઓળખવામાં આવે છે.

➲ આ કેન્દ્રની સ્થાપના RCB ખાતે નેશનલ ઇન્ફોર્મેટિક્સ સેન્ટર (NIC), ભુવનેશ્વરના સહયોગથી કરવામાં આવી રહી છે.

➲ આ કેન્દ્ર જીવ વિજ્ઞાન ડેટા માટે ભારતનું પ્રથમ રાષ્ટ્રીય ભંડાર છે, જે દેશમાં સાર્વજનિક રીતે ભંડોળ પૂરું પાડવામાં આવેલ સંશોધનમાંથી ઉત્પન્ન થયેલ તમામ જીવ વિજ્ઞાન ડેટાને સંગ્રહિત કરશે.



- આ કેન્દ્ર ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી (DBT)ની સહાયથી કાર્ય કરે છે.
- આ કેન્દ્ર ભારતમાંથી ઉદ્ભવતા તમામ જીવ વિજ્ઞાન ડેટા માટે એક મુખ્ય ડેટા રિપોઝીટરી(ભંડાર) બનવા માંગે છે.
- આ કેન્દ્રની ડેટા સ્ટોરેજ ક્ષમતા લગભગ 4 પેટાબાઇટ્સ (1 પેટાબાઇટ્સ બરાબર 10,00,000 ગીગાબાઇટ્સ) હોય છે, અને આ કેન્દ્ર High Performance Computing facility (Brahm)નું આયોજન કરે છે.
- જીવન વિજ્ઞાનનો ડેટા અત્યંત જટિલ હોવાથી આ કેન્દ્રને મોડ્યુલર રીતે વિકસાવવામાં આવી રહ્યો છે.

❖ **ભારતીય બાયોલોજીકલ ડેટા સેન્ટર (IBDC) ના ઉદ્દેશો**

- ભારતમાંથી ઉદ્ભવતા જૈવિક ડેટાના સંગ્રહમાટે આઇટી(IT) પ્લેટફોર્મ પ્રદાન કરવું.
- Findable, Accessible, Interoperable and Reusable (Fair) સિદ્ધાંતના આધારે જીવન વિજ્ઞાનના ડેટાને સ્ટોર કરવા અને શેર કરવા માટે standard operating પ્રક્રિયાઓ વિકસાવવાનો છે.
- ગુણવત્તા નિયંત્રણ અને ડેટાની ગોઠવણી અને ડેટાની જાળવણી જાળવી રાખવી.
- ડેટા શેરિંગ અથવા પુનઃપ્રાપ્તિ માટે વેબ–આધારિત ટૂલ્સ વિકસાવવો
- મોટા ડેટાના પૃથ્થકરણ માટે પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન કરવું અને ડેટા શેરિંગના ફાયદાઓ વિશે જાગૃતિ ફેલાવવાનો.

**United Nations Environment Programme વિશે....**

**સ્થાપના** : 05 જૂન, 1972
**વડુમથક** : નૈરોબી, કેન્યા
**હેતુ** : પર્યાવરણ સંબંધિત ચિંતાઓને ઘટાડવાનો ઉદ્દેશ્ય છે.

## ભારતનું પ્રથમ ખાનગી રીતે વિકસિત રોકેટ લોન્ચ

- તાજેતરમાં 15 નવેમ્બરના રોજ આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા ખાતેથી ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO) દ્વારા સેટેલાઈટ Vikram-S લોન્ચ કરવામાં આવ્યું છે.




- આ પ્રક્ષેપણ વાહનોનું નામ ભારતીય અવકાશ કાર્યક્રમના પિતા વિક્રમ સારાભાઈના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- વિક્રમ–એસ સિંગલ સ્ટેજ સબ–ઓર્બિટલ લોન્ચ વ્હીકલ ભારતનું પ્રથમ ખાનગી રીતે વિકસિત રોકેટ છે, જેને હૈદરાબાદ સ્થિત સ્ટાર્ટઅપ સ્કાયરૂટ એરોસ્પેસ દ્વારા વિકસાવવામાં આવ્યું છે.
- મિશન પ્રારંભ હેઠળ વિક્રમ–એસ પર લોન્ચ કરાયેલા ત્રણ પેલોડમાંથી બે ભારતીય ગ્રાહકો માટે છે અને એક વિદેશી ગ્રાહક માટે છે,
- આ ત્રણ પેલોડમાંથી એક Funny-Sat છે. જે 2.5 કિલો વજન ધરાવે છે જેને ચેન્નાઈ સ્થિત એરોસ્પેસ સ્ટાર્ટઅપ Spacekidz દ્વારા અવકાશમાં મોકલવામાં આવશે.
- આ પેલોડને ભારત, યુનાઈટેડ સ્ટેટ્સ, સિંગાપોર અને ઈન્ડોનેશિયાના વિદ્યાર્થીઓ દ્વારા વિકસાવવામાં આવ્યું છે.

**Indian Space Research Organisation વિશે....**

**સ્થાપના** : 15 ઓગસ્ટ 1969
**વડુમથક** : બેન્ગલુરૂ
**સ્થાપક** : ડોકટર વિક્રમ સારાભાઈ
**અધ્યક્ષ** : એસ સોમનાથ

❖ **વિક્રમ શ્રેણી વિશે**

- વિક્રમ શ્રેણીમાં ત્રણ રોકેટ વિક્રમ I, II અને III છે, જેમની પાસે મલ્ટી–ઓર્બિટ ઈન્સર્ટેશન અને ઈન્ટરપ્લેનેટરી મિશન જેવી યુનિક ક્ષમતાઓ છે.
- વિક્રમ શ્રેણીના રોકેટ સ્પેસ અને પૃથ્વી ઈમેજીંગથી બ્રોડબેન્ડ ઈન્ટરનેટ, GPS અને IOT જેવી સંચાર સેવાઓનું સમર્થન કરી શકે છે.
- વિક્રમ શ્રેણીના રોકેટને 72 કલાકથી ઓછા સમયમાં એસેમ્બલ અને લોન્ચ કરી શકાય છે

## ગૂગલનું 1,000 ભાષાનું AI મોડલ

- તાજેતરમાં Google આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) મોડલ વિકસાવી રહ્યું છે જે વિશ્વની 1,000 સૌથી વધુ બોલાતી ભાષાઓને સપોર્ટ કરશે, જેની જાહેરાત નવેમ્બર 2022 માં આયોજિત AI ઈવેન્ટમાં કરવામાં આવી હતી.




- આ મોડલનો ઉદ્દેશ્ય અનુવાદ, ગ્રાહક સેવા અથવા ગણતરી જેવા ક્ષેત્રો માટે માનવ શ્રમ પરની નિર્ભરતાને ઘટાડવાનો છે.
- આ મોડલ મેન્યુઅલ પ્રક્રિયાઓને સ્વચાલિત કરે છે અને વર્તમાનના ડેટાના આધારે નવી માહિતી ઉત્પન્ન કરે છે.
- વર્તમાનમાં Google આ પ્રોજેક્ટ(1000 ભાષાનું AI Model)ની ક્ષમતા તપાસ કરવા માટે AI ભાષાના મોડેલ પર કામ કરી રહ્યું છે જે લગભગ 400 ભાષાઓને સપોર્ટ કરશે.

- આ મોડલ્સની ડીપ લર્નિંગ પ્રક્રિયાઓનો ઉપયોગ તેમના સર્વર પર યુઝર ડેટા અને સામગ્રીના વધારે પ્રમાણનો ઉપયોગ કરીને વિદેશી ભાષાઓને તરત જ ડીકોડ કરવા માટે કરવામાં આવે છે.
- આ મોડેલને વર્તમાનના ભાષણ મોડલ્સમાં સૌથી મોટી ભાષા કવરેજ તરીકે ઓળખવામાં આવે છે.
- આ મોડલનો હેતુ સમગ્ર વિશ્વમાં સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી 1,000 ભાષાઓ માટે એક વિશાળ મોડેલ બનાવવાનો છે.

**Google વિશે....**

**સ્થાપના** : 04 સપ્ટેમ્બર, 1998
**વડુમથક** : કેલિફોર્નિયા, યુ.એસ.એ.
**સ્થાપક** : લેરી પેજ, સર્જે બ્રીન
**CEO** : સુંદર પિચાઈ

## Artemis 1નું સફળતાપૂર્વક પરીક્ષણ

- તાજેતરમાં National Aeronautics and Space Administration(NASA) દ્વારા 16 નવેમ્બર, 2022 ના રોજ Artemis 1ને સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું છે.
- Artemis 1 એ નાસાની ડીપ સ્પેસ એક્સપ્લોરેશન સિસ્ટમ્સનું પ્રથમ સંકલિત ફ્લાઈટ પરીક્ષણ છે
- Artemis 1માં 24 કેમેરા છે, જેમાંથી 8 સ્પેસ લોંચ સિસ્ટમ (SLS) રોકેટ અને 16 Orion અવકાશયાન પર છે.
- Artemis 1 ચંદ્ર ભ્રમણકક્ષામાં ઓરિઅન મોકલવા તેમજ SLS 10 નાના ઉપગ્રહો વહન કરશે, જે તેમની પોતાની વિજ્ઞાન અને ટેકનોલોજીની તપાસ કરશે.
- Artemis 1 ચંદ્રની સપાટીથી 62 માઈલના અંતર સુધી અને ચંદ્રથી લગભગ 70,000 કિલોમીટરના અંતરે પરિભ્રમણ કરશે, જેથી ચંદ્રથી આગળ વધીને અંતરિક્ષમાં ઊંડાણ સુધી જશે.
- Artemis 1 અવકાશ અર્થતંત્રનો પાયો છે, નવા ઉદ્યોગો અને તકનીકો બનાવવા, રોજગારીની તકોને ટેકો આપવા અને ઉચ્ચ કુશળ શ્રમ દળની માંગને આગળ વધારવાનો માર્ગ ખોલશે.
- આ મિશનના ભાગરૂપે ઓરિઅન અવકાશયાન વેન એલન રેડિયેશન બેલ્ટ (પૃથ્વીના મેગ્નેટોસ્ફિયરનો ભાગ), GPS ઉપગ્રહ નક્ષત્ર અને પૃથ્વીની ભ્રમણકક્ષામાં સંચાર ઉપગ્રહોમાંથી પસાર થશે.



**The National Aeronautics and Space Administration (NASA) વિશે....**

**સ્થાપના** : 29 જુલાઈ 1958
**વડુમથક** : વોશિંગ્ટન ડી.સી.
**ડાયરેકટર** : બીલ નેલ્સન

## Type 1 Diabetes ને અટકાવમાં માટેની પ્રથમ દવાને મંજુરી

- તાજેતરમાં US ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન દ્વારા Type 1 ડાયાબિટીસને શરૂઆતમાં અટકાવનાર પ્રથમ દવા Tzield ને મંજુરી આપવામાં આવી.
- આ દવાને મંજુરી Type1 ડાયાબિટીસ ધરાવતા લોકોને સામાન્ય રીતે તેમના બાકીના જીવન માટે દરરોજ ઈન્સ્યુલિનના અનેક ઈન્જેકશનની આર્થિક બોજ ઘટાડવા માટે આપવામાં આવી છે.
- આ દવા Type1 ડાયાબિટીસના ક્લિનિકલ નિદાન માટે મહિનાઓથી વર્ષો સુધીના નાણાકીય બોજને ઘટાડશે.
- Tzield એ મોનોક્લોનલ એન્ટિબોડી ઈન્જેક્શન છે જે શરીરની રોગપ્રતિકારક શક્તિને ઈન્સ્યુલિન બનાવતા સ્વાદુપિંડના કોષો પર ભૂલથી હુમલો કરતા અટકાવવામાં સક્ષમ છે.
- આ દવાની સામાન્ય આડઅસરો અમુક શ્વેત રકતકણોના સ્તરમાં ઘટાડો, ચામડીનો રોગ અને માથાનો દુખાવો છે.
- આ દવા 8 વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકોને આપી શકાય છે, જેમને પ્રકાર 1 ડાયાબિટીસના પ્રારંભિક લક્ષણો હોય છે.
- આ દવા પુખ્ત વયના લોકોમાં અને સ્ટેજ 2 Type1 ડાયાબિટીસ ધરાવતા 8 વર્ષ અને તેથી વધુ ઉંમરના બાળરોગના દર્દીઓમાં સ્ટેજ 3 Type1 ડાયાબિટીસની શરૂઆતમાં અટકાવવા માટે સક્ષમ છે.
- Type 1 ડાયાબિટીસ એ એક ક્રોનિક તબીબી સ્થિતિ છે જેમાં સ્વાદુપિંડ ઓછા ઈન્સ્યુલિન ઉત્પન્ન કરે છે, જે અગાઉ ઈન્સ્યુલિન આધારિત અથવા કિશોર ડાયાબિટીસ તરીકે ઓળખાતું હતું.
- Type 1 ડાયાબિટીસ Type 2 ડાયાબિટીસની ઘટના કરતાં દુર્લભ છે.




**United States Food and Drug Administration વિશે....**

**સ્થાપના** : 30 જુન 1906
**વડુમથક** : મેરીલેન્ડ, યુનાઈટેડ સ્ટેટ્સ
**હેતુ** : જાહેર આરોગ્યના રક્ષણ અને પ્રોત્સાહન

## DRDO દ્વારા બેલેસ્ટિક મિસાઈલ ઈન્ટરસેપ્ટર AD-1 નું સફળ પરિક્ષણ



- તાજેતરમાં ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશ (DRDO) એ ઓડિશાના દરિયાકિનારે એ.પી. જે. અબ્દુલ કલામ દ્વીપ પરથી બેલિસ્ટિક મિસાઈલ ઈન્ટરસેપ્ટર AD -1 મિસાઈલનું પ્રથમ સફળ ઉડાન પરીક્ષણ કર્યું હતું.
- AD-1 એ લાંબા અંતરની ઈન્ટરસેપ્ટર મિસાઈલ છે જે બે સ્ટેજ સોલિડ મોટર દ્વારા સંચાલિત છે અને તે સ્વદેશી રીતે વિકસિત અદ્યતન નિયંત્રણ સિસ્ટમ, નેવિગેશન અને માર્ગદર્શન અલ્ગોરિધમ્સથી સજ્જ છે.

**Defence Research & Development Organization (DRDO) વિશે....**

**સ્થાપના** : વર્ષ 1958
**વડુમથક** : નવી દિલ્હી
**મંત્રાલય** : કેન્દ્રીય રક્ષા મંત્રાલય
**અધ્યક્ષ** : ડૉ. સમીર વી. કામથ

## RISAT-2 ઉપગ્રહ અનિયંત્રિત થતા પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ કર્યો.

- 30 ઓક્ટોબર, 2022 ના રોજ રાત્રીના સમયે RISAT- 2 ઉપગ્રહએ પૃથ્વીના વાતાવરણમાં અનિયંત્રિત રીતે પુનઃપ્રવેશ કર્યો હતો. અને જકાર્તા પાસે હિન્દ મહાસાગર પડયો હતો. આ ઉપગ્રહનું પૂરું નામ 'Radar Imaging Satellite - 2' છે.



- RISAT – 2 એ ભારતનો પ્રથમ "Eye in the sky" ઉપગ્રહ છે. જેના દ્વારા ઘૂસણખોરી અને બળવાખોરી વિરોધી કામગીરીના ભાગરૂપે દેશની સરહદોનું નિરીક્ષણ કરવામાં આવે છે તેથી આ ઉપગ્રહને જાસૂસ ઉપગ્રહ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- RISAT – 1 સેટેલાઈટ માટે સ્વદેશી રીતે વિકસાવવામાં આવતા C – બેન્ડમાં વિલંબને કારણે 2008 ના મુંબઈ આતંકી હુમલા પછી RISAT - 2 વધુ ઝડપથી વિકસાવવામાં આવ્યું હતું.
- RISAT – 2 નું મુખ્ય સેન્સર દિવસ અને રાત તેમજ તમામ હવામાનમાં દેખરેખ કરવાની ક્ષમતા ધરાવતું હતું.
- તેનો ઉપયોગ સમૂદ્રમાં લશ્કરી ખતરો ગણાતા જહાજોને ટ્રેક કરવા માટે પણ થતો હતો.
- 300 કિલો વજન ધરાવતુ RISAT – 2 20 એપ્રિલ 2009 ના રોજ PSLV – C12 લોન્ચ વ્હીકલ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું.
- RISAT – 2 એ 13 વર્ષથી વધુ સમય માટે ફાયદાકારક પેલોડ ડેટા પ્રદાન કર્યો છે.

## ISROના "Launch Vehical Mark 3 (LVM 3)" એ 36 ઉપગ્રહોને લોન્ચ કર્યા

- તાજેતરમાં ઈસરો (ISRO - Indian Space Research Organisation) ના સૌથી ભારે રોકેટ લોન્ચ વ્હીકલ માર્ક – 3 (LVM 3) એ યુકે સ્થિત કંપની 'વનવેબ'ના 36 ઉપગ્રહોને સફળતાપૂર્વક લોન્ચ કર્યા હતા.
- વનવેબ એ 648 લો અર્થ ઓર્બિટ (LEO) ઉપગ્રહોના જૂથ દ્વારા સંચાલિત વૈશ્વિક સંચાર નેટવર્ક છે.

**❖ લોન્ચ વ્હીકલ માર્ક 3 (LVM 3)**




- LVM3-M2 મિશન એક વિદેશી ગ્રાહક વનવેબ માટે સમર્પિત વ્યાપારી મિશન છે. જે ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિમિટેડ (NSIL) સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝ (CPSE) તરફથી છે.
- તે પહેલું મલ્ટિ–સેટેલાઈટ મિશન છે જેમાં LVM 3 એ અત્યાર સુધીમાં લો અર્થ ઓર્બિટમાં 36 વનવેબ ઉપગ્રહો વહન કર્યા છે, જે 5,796 કિગ્રાના સૌથી ભારે પેલોડ માસ (વજન) તરીકે છે.
- આ નવીનતમ રોકેટ 4000 કિલોગ્રામ વર્ગના ઉપગ્રહોને જીઓસિંક્રોનસ ટ્રાન્સફર ઓર્બિટ (GTO) માં અને 8000 કિલોગ્રામ પેલોડને LEO માં લોન્ચ કરવામાં સક્ષમ છે.

- તે ત્રણ તબક્કાનું પ્રક્ષેપણ વાહન છે, જેમાં બાજુઓ પર બે નક્કર પ્રોપેલન S200 સ્ટ્રેપ – ઓન છે અને મુખ્ય સ્ટેજ L110 લિક્વિડ સ્ટેજ અને C25 ક્રાયોજેનિક સ્ટેજ ધરાવે છે.

❖ **વનવેબ પ્લેનેટોરિયમ**

- Oneweb પ્લેનેટોરિયમ LEO ધ્રુવીય ભ્રમણકક્ષામા કાર્ય કરે છે, ઉપગ્રહો દરેક વિમાનમાં 49 ઉપગ્રહો સાથે 12 રિંગ્સ (ભ્રમણકક્ષાના વિમાનો) માં ગોઠવાયેલા છે.
- ભ્રમણકક્ષાની વિમાનો ઝુકાવ ધ્રુવો (87.9°) ની નજીક છે.
- ઓર્બિટલ પ્લેન પૃથ્વીની 1200 કિમી દૂર ઉપર છે, દરેક ઉપગ્રહ દર 109 મિનિટે પૃથ્વીની એક સંપૂર્ણ ચક્કર લગાવે છે.
- પૃથ્વી ઉપગ્રહોની નીચે ફરે છે, તેથી આ ઉપગ્રહો હંમેશા નવી જગ્યાએ ઉડતા જોવા મળશે.

**Indian Space Research Organisation (ISRO) વિશે....**
**સ્થાપના** – 15 ઓગસ્ટ, 1969
**વડુમથક** – બેંગ્લોર, કર્ણાટક
**અધ્યક્ષ** – શ્રીધરા પાનીકર સોમનાથ

## ભારત અને ફ્રાન્સની વાયુસેના વચ્ચે ગરૂડ VII કવાયત હાથ ધરવામાં આવી.

- તાજેતરમાં ભારતીય વાયુસેના (IAF) અને ફ્રાન્સ એર એન્ડ સ્પેસ ફોર્સ (FASF) વચ્ચે જોધપુર એરફોર્સ સ્ટેશન ખાતે ‘ગરૂડ VII’ નામની દ્વિપક્ષીય કવાયતનું આયોજન થયું હતું.
- ગરૂડ VII(7) એ ભારત અને ફ્રાન્સ વચ્ચેની દ્વિપક્ષીય કવાયતની સાતમી આવૃત્તિ હતી. ભારતે ચોથી વખત આ કવાયતનું આયોજન કર્યુ છે.
- આ અભ્યાસમાં FASF ના ચાર રાફેલ ફાઈટર જેટ, A – 330 મલ્ટી રોલ ટેન્કર ટ્રાન્સપોર્ટ (MRTT) એરક્રાફ્ટ અને 220 કર્મચારીઓની ટુકડી સાથે કવાયતમાં ભાગ લીધો હતો. જયારે ભારતીય વાયુસેનાના SU-30 MKI, રાફેલ, LCA તેજસ અને જગુઆર ફાઈટર એરક્રાફ્ટ તેમજ Mi 17 હેલિકોપ્ટરે ભાગ લીધો હતો.
- આ સંયુકત કવાયત બંને દેશોને શ્રેષ્ઠ પ્રથાઓ શેર કરીને ઓપરેશનલ કાર્યક્ષમતા અને આંતર – કાર્યક્ષમતા વધારવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડશે.



❖ **ભારત અને ફ્રાન્સ વચ્ચે અન્ય કવાયતો :**

- શકિત (Shakti) : ભારતીય સેના અને ફ્રાન્સ સેના વચ્ચે
- વરૂણ એકસરસાઈઝ : ભારતીય નૌકાદળ અને ફ્રાન્સ નૌકાદળ વચ્ચે

**Indian Air Force (IAF) વિશે....**
**સ્થાપના** – 08 ઓકટોબર, 1932
**વડુમથક** – નવી દિલ્હી
**અધ્યક્ષ** – વિવેકરામ ચૌધરી



# 9 રમત-જગત, નિમણૂક, વ્યક્તિ, પુસ્તક અને નિધન

## BCCI પુરુષ અને મહિલા ક્રિકેટરો સમાન વેતન આપશે.

- તાજેતરમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ જાહેરાત કરી છે કે તે પુરુષો અને મહિલાઓ બંને માટે સમાન વેતન આપશે.
- 15 મી BCCI એપેક્સ કાઉન્સિલના સભ્યોએ તાજેતરમાં કોન્ટ્રાકટેડ મહિલા ક્રિકેટરો માટે નવી પે ઈક્વિટી પોલિસી લાગુ કરવા સર્વસંમતિથી ઠરાવ પસાર કર્યો હતો.




❖ **મહિલા ખેલાડીઓ માટે ફી વધારો**

- નવી 'પે ઈક્વિટી પોલીસી' હેઠળ મહિલા ક્રિકેટરોને પુરુષોની બરાબરી પર મેચ ફી મળશે.
- તેમને ટેસ્ટ મેચ માટે 15 લાખ રૂપિયા, વન–ડે માટે 6 લાખ રૂપિયા અને T20 મેચ માટે 3 લાખ રૂપિયા મળશે.
- પહેલા મહિલા ક્રિકેટરોને ટેસ્ટ માટે માત્ર 4 લાખ રૂપિયા તથા T -20 અને ODI માટે 1 લાખ રૂપિયા મળતા હતા.

❖ **મહિલા ક્રિકેટરો માટે ફી વધારો**

| શ્રેણી | જૂની ફી | નવી ફી |
|---|---|---|
| ટેસ્ટ મેચ | 4 લાખ | 15 લાખ |
| વન – ડે મેચ | 1 લાખ | 6 લાખ |
| T-20 મેચ | 1 લાખ | 3 લાખ |

❖ **નોંધ :**

(1) મેચ ફી ઉપરાંત મહિલા ક્રિકેટરોને રિટેનરશિપ સિસ્ટમ હેઠળ પણ ચૂકવણી કરવામાં આવે છે.
(2) દર વર્ષે ગ્રેડ A ના ક્રિકેટરને 50 લાખ રૂપિયા, ગ્રેડ B ના ખેલાડીઓને 30 લાખ રૂપિયા અને C ગ્રેડના ખેલાડીઓને 10 લાખ રૂપિયા મળે છે.
(3) પુરુષ ક્રિકેટરો જેઓ વધુ સંખ્યામાં રમતો રમે છે તેમને રૂ. 7 કરોડથી રૂ. 1 કરોડની વચ્ચે પગાર મળે છે.
(4) BCCI એ હજુ સુધી રિટેન્શન સિસ્ટમમાં કોઈ ફેરફાર કર્યો નથી.
**(5)** જુલાઈ 2022 માં ન્યુઝિલેન્ડ તેના ક્રિકેટરો માટે વેતન સમાનતા રજૂ કરનાર પ્રથમ દેશ બન્યો હતો. આ સાથે ભારત આંતરરાષ્ટ્રીય ક્રિકેટરમાં સમાન વેતન આપનારો બીજો દેશ બન્યો છે.

## સેવા સંસ્થાના સ્થાપક શ્રીમતી ઈલાબેન ભટ્ટનું નિધન

- ગુજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલપતિ અને સેવા સંસ્થાના સ્થાપક થકી લાખો મહિલાઓને પગભર કરનાર શ્રીમતી ઈલાબેન ભટ્ટનું 89 વયે નિધન થયું છે.



- સામાજિક કાર્યકર શ્રીમતી ઈલાબેન ભટ્ટનો જન્મ 7 સપ્ટેમ્બર, 1933 ના રોજ અમદાવાદ ખાતે થયો હતો.
- વર્ષ1956 માં તેમણે શ્રી રમેશભાઈ ભટ્ટ સાથે લગ્ન કર્યા હતા.
- વર્ષ 1972 માં તેમણે 'સેલ્ફ–એમ્પલોયડ વિમેન્સ એસોસિએશન' નામની સંસ્થાની સ્થાપના કરી હતી.
- જેને ટૂંકમાં SEVA સંસ્થા તરીકે ઓળખવામાં આવે છે.
- તેઓ વર્ષ 1972 થી 1996 સુધી SEWA સંસ્થાના જનરલ સેક્રેટરી પદે રહ્યા હતા.
- તેઓ આંતરરાષ્ટ્રીય મજૂર, સ્ત્રીઓને લગતા વિષયો, લઘુ ધિરાણ, સહકારી મંડળ અને સંલગ્ન ચળવળો સાથે જોડાયા હતા.
- આ ઉપરાંત તેમણે 2015 થી 2022 સુધી ગુજરાત વિદ્યાપીઠના ચાન્સેલર તરીકે સેવા આપી હતી.
- આ ઉપરાંત ગુજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટી તરીકે પણ સેવા આપી હતી.
- ઈલાબેન ભટ્ટે વિશ્વ મહિલા બેંક, વિમેન્સ વર્લ્ડ સમિટ ફાઉન્ડેશન, આયોજન પંચ અને રાજ્યસભામાં પણ તેમની સેવાઓ આપી છે.
- 1977 માં તેમને સામાજિક નેતૃત્વ માટે રેમન મેગ્સેસે પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. (પ્રથમ ગુજરાતી)

- ઈલાબેન ભટ્ટને મેળલા પુરસ્કારો નીચે મુજબ છે.
  (1) પદ્મશ્રી (1985)
  (2) પદ્મ ભૂષણ (1986)
  (3) રેમન મેગ્સેસે (1977)
  (4) રાઈટ લાઈવલીહૂડ એવોર્ડ (1984)
  (5) નિવાનો શાંતિ પુરસ્કાર (2010)
  (6) ઈન્દિરા ગાંધી શાંતિ પુરસ્કાર (2011)
- શ્રીમતી ઈલાબેન ભટ્ટના કેટલાંક પુસ્તકો નીચે મુજબ છે :
  (1) શ્રમ શકિત (2) ગુજરાતની નારી (3) દુસરી આઝાદી સેવા
  (4) વી.આર.પુઅર બટ સો મની.

**Smt. Ilaben Bhatt વિશે....**

**જન્મ** : 7 સપ્ટેમ્બર, 1933
**જન્મ સ્થળ** : અમદાવાદ
**પતિનું નામ:** રમેશભાઈ ભટ્ટ
**શેના માટે જાણિતા** : SEWA સંસ્થા
**નિધન** : 2 નવેમ્બર, 2022
**પુરસ્કાર** : પદ્મશ્રી (1985), પદ્મભૂષણ (1986), રેમન મેગ્સેસે એવોર્ડ (1977)

**નોંધ :** વર્ષ 2007 માં આફ્રિકાના ગાંધી તરીકે પ્રસિદ્ધ શ્રી નેલ્સન મંડેલાએ 'ધ એલડર્સ' નામના જૂથની રચના કરી હતી અને તેમણે દેશ અને વિશ્વની વિવિધ હસ્તિઓને તેમના જ્ઞાન, ડહાપણ અને તેમના અનુભવ માટે આ જૂથમાં સામેલ કર્યા હતા. જેમાં ઈલાબેન ભટ્ટનો પણ સમાવેશ થયો હતો.

❖ **SEWA**

- સેલ્ફ–એમ્પલોયડ વિમેન્સ એસોસિએશન (SEWA) એ 1920 માં અનસૂયાબેન સારાભાઈ અને મહાત્મા ગાંધીજી સ્થપાયેલ ટેકસટાઈલ લેબર એસોસિએશન (TLA) માંથી ઉદ્દભવ્યુ હતું.
- પરંતુ તે 1972 સુધી ટ્રેડ યુનિયન તરીકે નોંધણી કરાવી શકયુ ન હતું. કારણકે તેના સભ્યો કોઈ નોકરી દાતા ન હતા આથી તેમને કામદારો તરીકે જોવામાં આવતા ન હતા.
- વર્ષ 1972 માં ઈલાબેન ભટ્ટે SEWA સંસ્થાની સ્થાપના કરી હતી.
- વર્ષ 1974 ની શરૂઆતમાં સેવા બેંકની સ્થાપના ગરીબ મહિલાઓને નાની લોન આપવા માટે કરવામાં આવી હતી.
- તે એક પહેલ છે જેને આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન દ્વારા માઈક્રોફાઈનાન્સ તરીકે માન્યતા આપવામાં આવી હતી.
- તેનું નેટવર્ક ભારતમાં 18 રાજ્યો, દક્ષિણ એશિયાના અન્ય દેશો, દક્ષિણ આફ્રિકા અને લેટિન અમેરિકામાં ફેલાયેલું છે.
- તેણે મહિલાઓને કૌશલ્ય અને તાલિમ દ્વારા સશકિતકરણ કરીને વ્યકિતગત અને રાજકીય, સામાજિક કટોકટીના સમયમાં પુનર્વસન કરવામાં મદદ કરી છે.
- તેમણે મોટી સંખ્યામાં મહિલાઓને રોજગારી પૂરી પાડી અને કાપડના સહકારી ઉત્પાદન, વપરાશ અને માર્કેટિંગને પ્રોત્સાહન આપ્યું જે ભારતના ઔદ્યોગિકીકરણનું મુખ્ય હતું.
- તેણે ભારતમાં ટ્રેડ યુનિયનવાદ અને મજૂર ચળવળની દિશાને પણ નિર્ણાયક રીતે પ્રભાવિત કરી હતી.

## વર્લ્ડ પઝલ ચેમ્પિયનશિપ



- તાજેતરમાં શ્રી પ્રસન્ના શેષદ્રીએ 'વર્લ્ડ પઝલ ચેમ્પિયનશીપ (WPC) માં 11 વર્ષના પ્રયત્નો પછી ભારતનો પ્રથમ સિલ્વર મેડલ જીત્યો હતો.
- તથા આ વર્ષનો WPC ગોલ્ડ મેડલ જાપાનના કેન એન્ડોએ જીત્યો છે.
- વર્લ્ડ પઝલ ચેમ્પિયનશિપ એ વર્લ્ડ પઝલ ફેડરેશન દ્વારા ચલાવવામાં આવતી આંતરરાષ્ટ્રીય પઝલ સ્પર્ધા છે.
- સ્પર્ધામાંના તમામ કોયડાઓ સરળ સિદ્ધાંતો પર આધારિત શુદ્ધ – તર્ક સમસ્યા છે, જે ભાષા કે સંસ્કૃતિને ધ્યાનમાં લીધા વિના રમી શકાય તે માટે રચાયેલ છે.
- વર્લ્ડ પઝલ ફેડરેશન એ કોયડાઓમાં રસ ધરાવતી કાનૂની સંસ્થાઓનું સંગઠન છે.
- દરેક દેશમાંથી માત્ર એક જ સંસ્થા WPC થી સંબંધિત હોઈ શકે છે.

## ફૂટબોલ 4 શાળા પહેલ




- તાજેતરમાં શિક્ષણ મંત્રાલયે ભારતમાં 'Football 4 School' પહેલ માટે ફેડરેશન ઈન્ટરનેશનલ ડી ફૂટબોલ એસોસિએશન (FIFA) અને ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (AIFF) સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે.
- આ કાર્યક્રમ એ રમતગમતને જીવનનો અભિન્ન ભાગ બનાવવા એ લોકોને Multi-Dimenssional બનાવવાના વડા પ્રધાનના વિઝન તરફનું એક પગલું છે.
- તે રમત ગમત – સંકલિત શિક્ષણ દ્વારા ભારતમાં 25 મિલિયન યુવા છોકરાઓ અને છોકરીઓને સશકત બનાવવાનું લક્ષ્ય રાખે છે.
- તે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–2020 ની ભાવનાને પ્રોત્સાહિત કરવાની પહેલ છે.

- તેના ઉદ્દેશ્ય મહત્વપૂર્ણ જીવન કૌશલ્યો અને યોગ્યતાઓ સાથે શીખનારાઓ (છોકરાઓ અને છોકરીઓ) ને સશકત બનાવવાનો, રમતગમત અને જીવન કૌશલ્યની પ્રવૃત્તિઓ લોકો માટે સુલભ બનાવવા – શિક્ષકોને તાલીમ આપીને સશકત બનાવવાનું ફૂટબોલ દ્વારા જીવન કૌશલ્યની તાલીમ આપવા માટે હિતધારકો (શાળાઓ, સભ્ય સંગઠનો અને જાહેર સંસ્થાઓ) ની ક્ષમતામાં વધારો કરવાનો છે.

## ગુજરાતી સાહિત્યકાર મોહમ્મદ માંકડનું નિધન



- 5 નવેમ્બર, 2022 ના રોજ ગુજરાતના પ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી મોહમ્મદ માંકડનું 95 વર્ષની વયે નિધન થયું છે.
- મોહમ્મદ માંકડનું પૂરું નામ શ્રી મોહમ્મદ વલીભાઈ માંકડ છે.
- મોહમ્મદ માંકડ ગુજરાતના પ્રસિદ્ધ નવલકથાકાર, ટૂંકીવાર્તાકાર, કટાર લેખક, અનુવાદક અને બાળવાર્તાકાર છે.
- સાહિત્ય ક્ષેત્રે ટૂંકી વાર્તા, નવલકથા, ચિંતનાત્મક નિબંધ, અનુવાદ, બાળવાર્તા અને પત્રકારત્વ ક્ષેત્રે તેમનું મોટું યોગદાન રહ્યું છે.
- 13 ફેબ્રુઆરી 1928 ના રોજ ગુજરાતમાં વર્તમાન બોટાદ જિલ્લાના પાળિયાદ ખાતે તેમનો જન્મ થયો હતો.
- મોહમ્મદ માંકડ 'ગુજરાત સમાચાર' માં પ્રસિદ્ધ થતી 'કેલિડોસ્કોપ' નામની કટારથી ખૂબ જ લોકપ્રિય થયા હતા.
- તેમની નવલકથાઓમાં કાયર, ધુમ્મસ, અજાણ્યા બે જણ, ગ્રહણરાત્રી, રાતવાસો, ખેલ, દંતકથા, બંધનગર (ભાગ 1 અને 2 ), ઝંખના, અનુત્તર, અશ્વદોડ વગેરેનો સમાવેશ થાય છે.
- તેમણે માટીની મૂર્તિઓ, મનના મરોડ, વાત વાતમાં, ના, તપ, ઝાકળના મોતી અને મોહમ્મદ માંકડની વાર્તાઓ જેવા ટૂંકી વાર્તાના પુસ્તકો સર્જ્યા છે.
- આજની ક્ષણ, કેલિડોસ્કોપ (ભાગ 1 થી 4), સુખ એટલે, આપણે માણસ (ભાગ 1 અને 2) અને ઉજાસ તેમના નિબંધ સંગ્રહો છે.
- ચંપુકથાઓ (ભાગ 1 અને 2) તેમની બાળવાર્તાઓ સંગ્રહ છે.
- આ ઉપરાંત તેમણે 'મહાનગર' નો અનુવાદ કર્યો હતો.
- શ્રી મોહમ્મદ માંકડ ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનના 1984 થી 1990 સુધી સભ્ય રહ્યા હતા.
- તેઓએ ગુજરાત યુનિવર્સિટીના સેનેટનું પદ શોભાવ્યુ હતું.
- શ્રી મોહમ્મદ માંકડ 'ગુજરાત સાહિત્ય અકાદમી' ના પ્રથમ અધ્યક્ષ હતા.
- તેઓ સૌપ્રથમ 1982 માં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ બન્યા હતા.

**મોહમ્મદ માંકડને મળેલ એવોર્ડ**

(1) રણજિતરામ સુવર્ણચંદ્રક – 2007
(2) ગુજરાતી સાહિત્ય પરિષદ એવોર્ડ – 1967 અને 1992
(3) ગુજરાત સરકાર તરફથી એવોર્ડ 1969, 1971 અને 1973
(4) સાહિત્ય ગૌરવ પુરસ્કાર – 2018

## ICC T-20 વર્લ્ડ કપ 2022માં ઈંગ્લેન્ડ ચેમ્પિયન




- 16 ઓક્ટોબર થી 13 નવેમ્બર 2022 દરમિયાન ઓસ્ટ્રેલિયામાં ICC T-20 મેન્સ વર્લ્ડ કપ 2022નું આયોજન થયું હતું.
- વર્ષ 2022માં યોજાયેલ આ આઠમો ICC મેન્સ T-20 વર્લ્ડ કપ હતો.
- આ T-20 વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં ઈંગ્લેન્ડએ પાકિસ્તાનને હરાવીને આ વર્લ્ડ કપ જીતી લીધો છે.
- આ ફાઈનલ મેચમાં પાકિસ્તાને ઈંગ્લેન્ડને 137 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જે ઈંગ્લેન્ડે 19 ઓવરમાં 138 રન કરી ચેમ્પિયન બન્યું હતું.
- આ સાથે ઈંગ્લેન્ડે બીજી વખત મેન્સ T-20 વર્લ્ડ કપનો ખીતાબ જીત્યો છે. આ અગાઉ વર્ષ 2010માં તેમણે T-20 મેન્સ વર્લ્ડ કપ જીત્યો હતો.
- ICC T-20 વર્લ્ડ કપની ફાઈનલ મેચ ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન ખાતે 'મેલબોર્ન ક્રિકેટ સ્ટેડિયમ'માં યોજાઈ હતી. આ ફાઈનલ મેચમાં ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર ખેલાડી સેમ કરન 'મેન ઓફ ધ મેચ' જાહેર થયા હતા.
- ICC T-20 વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડના દિગ્ગજ ક્રિકેટર સેમ કરનને શાનદાર પ્રદર્શન કરવા બદલ 'પ્લેયર ઓફ ધ સિરીઝ' જાહેર કરવામાં આવ્યા હતા.

❖ **મહત્વની બાબતો :**

- વર્ષ 2022માં યોજાયેલ આ ICC મેન્સ T-20 વર્લ્ડ કપની આઠમી આવૃત્તિ હતી.
- ICC મેન્સ T-20 વર્લ્ડ કપ 2022માં સૌથી વધુ 296 રન ભારતના વિરાટ કોહલીએ ફટકાર્યા હતા તથા આ વર્લ્ડકપમાં સૌથી વધુ 15 વિકેટ શ્રીલંકાના વાનિન્દે હસરંગાએ ઝડપી હતી.
- નોંધનીય છે કે બે વખત મેન્સ T-20 વર્લ્ડ કપ જીતનાર વેસ્ટ ઈન્ડિઝની ટીમ વર્ષ 2022ના વર્લ્ડ કપ રમવા માટે ક્વોલિફાઈ થઈ ન હતી.
- આ T-20 વર્લ્ડ કપ 2022માં સૌથી વધુ સિકસર ઝિમ્બાબ્વેના સિકંદર રઝાએ ફટકારી હતી.

- ચેમ્પિયન બનેલી ઈંગ્લેન્ડની ટીમને 13.04 કરોડ રૂપિયાનું તથા રનર્સ–અપ પાકિસ્તાનની ટીમને 6.52 કરોડ રૂપિયાનું ઈનામ આપવામાં આવ્યું છે.

| T-20 મેન્સ વર્લ્ડ કપ વિજેતા ટીમો | | | |
|---|---|---|---|
| ક્રમ | વર્ષ | વિજેતા ટીમ | રનર્સ અપ |
| 1 | 2007 | ભારત | પાકિસ્તાન |
| 2 | 2009 | પાકિસ્તાન | શ્રીલંકા |
| 3 | 2010 | ઈંગ્લેન્ડ | ઓસ્ટ્રેલિયા |
| 4 | 2012 | વેસ્ટ ઈન્ડિઝ | શ્રીલંકા |
| 5 | 2014 | શ્રીલંકા | ભારત |
| 6 | 2016 | વેસ્ટ ઈન્ડિઝ | ઈંગ્લેન્ડ |
| 7 | 2021 | ઓસ્ટ્રેલિયા | ન્યૂઝીલેન્ડ |
| 8 | 2022 | ઈંગ્લેન્ડ | પાકિસ્તાન |

❖ **નોંધ :**

(1) વર્ષ 2007માં સૌપ્રથમ T-20 વર્લ્ડ કપનું આયોજન કરવામાં આવ્યું હતું.

(2) વર્ષ 2007માં સૌપ્રથમ ભારતે આ T-20 વર્લ્ડ કપ જીત્યો હતો.

(3) આગામી T-20 મેન્સ વર્લ્ડ કપ વેસ્ટ ઈન્ડિઝ અને યુનાઈટેડ સ્ટેટ્સમાં યોજાશે.

(4) વેસ્ટ ઈન્ડિઝ અને ઈંગ્લેન્ડ બે – બે વખત T-20 વર્લ્ડ કપ જીત્યા છે.

### ICC વિશે....

- આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રિકેટનું સંચાલન ‘International Cricket Council’ (ICC) દ્વારા કરવામાં આવે છે.
- ICCની સ્થાપના 15 જૂન, 1909ના રોજ થઈ હતી.
- ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાના પ્રતિનિધિઓ દ્વારા વર્ષ 1909માં ઈમ્પીરીયલ ક્રિકેટ કોન્ફરન્સ તરીકે તેની સ્થાપના કરવામાં આવી હતી.
- ત્યારબાદ વર્ષ 1965માં તેનું નામ બદલીને ઈન્ટરનેશનલ ક્રિકેટ કોન્ફરન્સ રાખવામાં આવ્યું તથા વર્ષ 1987માં તેનું વર્તમાન નામ ‘ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ’ રાખવામાં આવ્યું હતું.
- તેનું વડુ મથક યુનાઈટેડ આરબ અમીરાત (UAE)ના દુબઈ ખાતે આવેલું છે. તેનું ધ્યેય વાકય ‘Cricket For Good’ છે.
- ICC ના ફૂલ ટાઈમ સભ્યોમાં કુલ 12 દેશોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ICC પાસે હાલમાં 108 સભ્ય દેશો છે.

## પ્રથમ મહિલા નિદેર્શક તરીકે ડૉ. જી. હેમાપ્રભાને ICAR – SBI ના નિર્દેશક તરીકે નિમણૂંક




- તાજેતરમાં કેન્દ્રીય કૃષિ અને ખેડુત કલ્યાણ મંત્રાલય હેઠળ કૃષિ વૈજ્ઞાનિક ભરતી બોર્ડ (નવી દિલ્હી)ના ભલામણના આધારે ડૉ. જી.હેમાપ્રભાને વર્ષ 2024 સુધી ICAR – Sugar Cane Breeding Institute (ICAR – SBI) ના પ્રથમ મહિલા નિર્દેશક તરીકે નિયુકત કરવામાં આવ્યો છે.
- ડૉ. જી હેમાપ્રભા 111 વર્ષ જૂની ICAR Sugarcane Breeding Institute ના પ્રથમ મહિલા ડિરેકટર છે, જેમણે શેરડીના આનુંવંશિક સુધારણામાં 34 વર્ષથી વધુનો અનુભવ છે.

### Indian Council Agriculture research (ICAR) વિશે....

**સ્થાપના** : જુલાઈ, 1929
**વડુમથક** : નવી દિલ્હી
**મંત્રાલય** : કેન્દ્રિય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય (નરેન્દ્ર સિંહ તોમર)

## FICCI ના નવા અધ્યક્ષ તરીકે સુભ્રકાંત પાંડાની નિમણૂક




- તાજેતરમાં Federation of Indian Chambers of Commerce and Industry (FICCI) ના અધ્યક્ષ તરીકે સુભ્રકાંત પાંડાની નિમણૂક કરવામાં આવી છે.
- સુભ્રકાંત પાંડા FICCI ના વરિષ્ઠ ઉપાધ્યક્ષ છે, જેમને 16 અને 17 નવેમ્બર 2022 ના રોજ યોજાનારી 95મી વાર્ષિક સામાન્ય સભાના સમાપન સમયે સર્વોચ્ચ ચેમ્બરના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે અને તે સંજીવ મેહતાનું સ્થાન લેશે.

- સુભ્રકાંત પાંડા Indian Metals and Ferro Alloys Limited (IMFA) ના મેનેજિંગ, ડિરેક્ટર છે, જેઓ FICCI માં નેતૃત્વની ભૂમિકા નિભાવનાર ઓડિશાના પ્રથમ ઉદ્યોગપતિ છે.
- સુભ્રકાંત પાંડા 2 દાયકાથી FICCI માં સક્રિય સભ્ય છે. અને FICCI નેશનલ મેન્યુફેક્ચરિંગ કમિટીના વડા ઉપરાંત FICCI ઓડિશા સ્ટેટ કાઉન્સિલના પ્રથમ અધ્યક્ષ હતા.
- સુભ્રકાંત પાડાએ વર્ષ 1993 માં કવેસ્ટ્રોમ સ્કૂલ ઓફ બિઝનેસ, બોસ્ટન યુનિવર્સિટીમાંથી ફાઈનાન્સ અને ઓપરેશન મેનેજમેન્ટમાં સ્નાતક પૂર્ણ કર્યું હતું.

**Federation of Indian Chambers of Commerce and Industry (FICCI) વિશે....**

**સ્થાપના** : વર્ષ 1927
**વડુમથક** : નવી દિલ્હી
**મંત્રાલય** : કેન્દ્રીય ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ મંત્રાલય
**હેતુ** : ભારતીય અર્થવ્યવસ્થાના વૈશ્વિકરણ માટે શરતો બનાવવી

## CRPF દ્વારા 2 મહિલા કેડર અધિકારીઓને IG તરીકે નિમણૂક કરવામાં આવી



- તાજેતરમાં પ્રથમ વખત Centeral reserve Police Force (CRPF) એ 2 મહિલા કેડર અધિકારીઓને Rapid Action Force (RAF) અને બિહાર સેકટરા IG તરીકે નિયુકત કર્યા છે.
- એની અબ્રાહમન અને સીમાં ઘુડિયાને Inspectors General તરીકે નિયુકત કરવામાં આવ્યો છે.
- બંને મહિલા અધિકારીઓ વર્ષ 1987 માં અર્ધલશ્કરી સંગઠનમાં જોડાનાર મહિલા અધિકારીઓના પ્રથમ જૂથમા સામેલ હતા.
- એની અબ્રાહમ અને સીમા ઘુંડિયાએ United Nationas માં તમામ મહિલા ભારતીય પોલીસ ટુકડીનું નેતૃત્વ કર્યુ છે.
- આ મહિલા અધિકારીઓને તેમની સેવા દરમિયાન ‘Ati utkrisht Sewa Padak’ વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ પોલીસ મેડલ અને ગુણવત્તા યુકત સેવા માટે પોલીસ મેડલ મળ્યા છે.
- એની અબ્રાહમે ફોર્સ હેડકર્વાટરમાં ડીઆઈજી (ઈન્ટેલિજન્સ), કાશમીર ઓપરેશન સેકટરમાં ડીઆઈજી (ઓપરેશન્સ) અને લાઈબેરિયામાં UN મિશન (સીઆર એ વિજિલન્સ) માં તમામ Female Constituted Police Units (FPU) તરીકે સેવા આપી હતી.

**Centeral Reserve Police Force (CRPF) વિશે....**

**રચના** : 27 જુલાઈ 1939
**વડુમથક** : નવી દિલ્હી
**મંત્રાલય** : કેન્દ્રીય ગૃહ મંત્રાલય

## વિવેક જોશીને નાણાકીય સેવા વિભાગના સચિવ તરીકે નિમણૂક



- તાજેતરમાં નાંણા મંત્રાલય હેઠળ નાણાકીય સેવા વિભાગ (Department of Financial Service) ના સચિવ તરીકે વિવેક જોશીને નિયુકત કરવામાં આવ્યો છે, આ પહેલા ફેબ્રુઆરી 2022 માં સંજય મલ્હોત્રાને સચિવ તરીકે નિયુકત કરવામાં આવ્યા હતા.
- આ નિમંણૂક પહેલા વિવેક જોશી ગૃહ મંત્રાલય હેઠળ રજિસ્ટ્રાર જનરલ અને સેન્સસ કમિશનર હતા અને તેઓ હરિયાણા કેડરના વર્ષ 1989 બેચના IAS (Indian Administration Service) અધિકારી છે.
- DFS બેંકો, નાણાકીય સંસ્થાઓ, વીમા કંપનીઓ અને નેશનલ પેન્શન સિસ્ટમની કામગીરી પર નજર રાખે છે.

## ડૉ. સી. આનંદરામ ક્રિષ્ણને NIIST ના ડિરેકટર તરીકે નિયુકત કરવામાં આવ્યો.



- તાજેતરમાં કેમિકલ એન્જિનિયરિંગ એન્ડ ફૂડ પ્રોસેસિંગના નિષ્ણાત સી. આનંદરામક્રિષ્ણને National Institute for Interdisciplinary Science and Technology (NIIST) ના ડિરેકટર તરીકે નિયુકત કરવામાં આવ્યો છે, જે Council of Scientific and Industrial research (CSIR) હેઠળ એક લેબોરેટરી (પ્રયોગશાળા) છે.
- ડૉ. સી.આનંદરામક્રિષ્ણ અગાઉ CSIR હેઠળ Central Food Technological research Institute (CFTRI) મૈસુરના ફૂડ એન્જિનિયરિંગ વિભાગમાં વરિષ્ઠ પ્રિન્સિપલ સાયન્ટિસ્ટ હતા.

- તેમણે વર્ષ 2016 થી વર્ષ 2022 સુધી National Institute of Food Technology, Entrepreneurship and Management, (તંજાવુર)ના ડિરેક્ટર તરીકે સેવા આપી હતી.
- ડૉ.સી. આનંદરામ કિષ્ણએ United Kingdom ની લોફબારો યુનિવર્સિટીમાંથી કેમિકલ એન્જિનિયરિંગ માં PH.D. ની ડિગ્રી મેળવી છે.

**વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ (CSIR – Council of Scientific and Industrial Research)**

**સ્થાપના** : 26 સપ્ટેમ્બર 1942
**વડુમથક** : નવી દિલ્હી
**અધ્યક્ષ** :નરેન્દ્ર મોદી (હોદ્દાની રૂએ ભારતના વડાપ્રધાન હોય છે.)
**ડિરેક્ટર (મહાનિર્દેશક) :** નલ્લાથમ્બી કલાઈસેલ્વી

- CSIRની સંશોધન અને વિકાસ પ્રવૃત્તિઓમાં એરોસ્પેસ એન્જિનિયરીંગ, સ્ટ્રક્ચરલ એન્જિનિયરીંગ સમુદ્ર વિજ્ઞાન, જીવન વિજ્ઞાન, ધાતુશાસ્ત્ર, રસાયણો, ખાણકામ, ખોરાક, પેટ્રોલિયમ, ચામડું અને પર્યાવરણીય વિજ્ઞાનનો સમાવેશ થાય છે.

## સી.વી. આંનદ બોસની પશ્ચિમ બંગાળના ગર્વનર તરીકે નિમણૂક

- તાજેતરમાં પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ રાજ્યપાલ જગદીપ ધનકર ભારતના ઉપરાષ્ટ્રપતિ બન્યા બાદ મણિપુરના રાજ્યપાલ લા ગણેશને પશ્ચિમ બંગાળનો વધારાનો હવાલો આપવામાં આવ્યો હતો, રાષ્ટ્રપતિએ પૂર્વ IAS અધિકારીને પશ્ચિમ બંગાળના રાજ્યપાલ તરીકે નિયુકત કર્યા છે.
- સી.વી. આનંદ બોસ એ ભારતીય વહીવટી સેવા (IAS) ના વર્ષ 1977 બેચના ભૂતપુર્વ અધિકારી છે, જેમણે ભારત સરકારના સચિવ, રાજ્ય સરકારોના મુખ્ય સચિવ અને યુનિવર્સિટીના વાઈસ – ચાંસેલર તરીકે સેવા આપી છે.
- સી.વી. આનંદ બોસે વિવિધ આંતરરાષ્ટ્રીય મંચો પર ભારતનું પ્રતિનિધિત્વ પણ કર્યુ છે અને સંયુકત રાષ્ટ્ર દ્વારા તેમની પહેલને 'Global Best Practices' તરીકે ચાર વખત પંસદ કરવામાં આવ્યો છે.
- સી.વી. આનંદ બોસ લેખક પણ છે તેમણે નવલકથાઓ, ટૂંકીવાતાઓ, કવિતાઓ અને નિબંધો જેવી શૈલીઓ પર અંગ્રજી, હિન્દી અને મલયાલમમાં 32 પુસ્તકો પ્રકાશિત કર્યા છે.

**West Bangol વિશે....**

**સ્થાપના** : 26 જાન્યુઆરી, 1950
**રાજધાની** : કોલકાતા
**મુખ્યમંત્રી** : મમતા બેનર્જી
**રાજ્યપાલ** : સી.વી.આનંદ બોસ




## ભારતના 22મા કાયદા પંચના અધ્યક્ષ તરીકે રીતુરાજ અવસ્થીની નિમણૂક

- તાજેતરમાં હાઈકોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયાધીશ રીતુરાજ અવસ્થીને ભારતના 22માં કાયદાપંચના અધ્યક્ષ તરીકે નિયુકત કરવામાં આવ્યા છે.
- આ 22માં કાયદાપંચની રચના વર્ષ 2020માં કેન્દ્રિય કેબિનેટ દ્વારા કરવામાં આવી હતી અને 2.5 વર્ષ બાદ અધ્યક્ષની નિમણૂક કરવામાં આવી.
  - ભારતનું કાયદા પંચ એ ભારત સરકાર દ્વારા સમયાંતરે રચવામાં આવતી બિન–વૈધાનિક સંસ્થા છે.
  - સ્વતંત્ર ભારતના પ્રથમ કાયદા પંચની સ્થાપના વર્ષ 1955 માં ત્રણ વર્ષની મુદત માટે કરવામાં આવી હતી.
  - પ્રથમ કાયદા પંચની સ્થાપના 1833ના ચાર્ટર એક્ટ દ્વારા બ્રિટિશ રાજ સમયગાળા દરમિયાન વર્ષ 1834 માં કરવામાં આવી હતી અને તેની અધ્યક્ષતા લોર્ડ મેકોલે દ્વારા કરવામાં આવી હતી.
  - 21માં કાયદાપંચની રચના વર્ષ 2018માં કરવામાં આવી હતી જેના અધ્યક્ષ બલબીર સિંહ ચૌહાણ હતા.
  - ભારતનું કાયદાપંચ કાયદા અને ન્યાય મંત્રાલયની સલાહકાર સંસ્થા તરીકે કામ કરે છે.
  - કાયદા પંચનું કાર્ય કાનૂની સંશોધન કરવાનું છે અને ભારતમાં પ્રવર્તમાન કાયદાઓની સમીક્ષા કરવાનું છે. જેથી કરીને તેમાં સુધારો કરી શકાય અને કેન્દ્ર સરકાર અથવા સુઓ મોટુ દ્વારા આ સંદર્ભમાં નવા કાયદાઓ બનાવી શકાય.



## ભારતની સુપ્રીમ કોર્ટના 50મા મુખ્ય ન્યાયાધીશ તરીકે ડી.વાય.ચંદ્રચુડના શપથ



- તાજેતરમાં 9 નવેમ્બર, 2022ના રોજ ભારતની સુપ્રીમ કોર્ટના 50મા મુખ્ય ન્યાયાધીશ તરીકે ધનંજય યશવંત ચંદ્રચુડે શપથ લીધા છે.
- ભારતમાં નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયેલા એક કાર્યક્રમમાં ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ધનંજય યશવંત ચંદ્રચુડને ચીફ જસ્ટિસ તરીકેના શપથ અપાવ્યા હતા.
- 8 નવેમ્બર, 2022ના રોજ નિવૃત્ત થયેલ ચીફ જસ્ટિસ ઉદય ઉમેશ લલિતના સ્થાને ધનંજય યશવંત ચંદ્રચૂડ સુપ્રીમ કોર્ટના નવા ચીફ જસ્ટિસ બન્યા છે. તેઓ બે વર્ષ સુધી આ પદ પર રહેશે.

### સુપ્રીમ કોર્ટ વિશે....

સ્થાપના : 26 જાન્યુઆરી, 1950

- ભારતીય બંધારણના ભાગ–5માં અનુચ્છેદ 124 થી 147 અંતર્ગત સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે.
- ભારતમાં સુપ્રીમ કોર્ટનો નિર્ણય આખરી અને સર્વમાન્ય ગણવામાં આવે છે.
- આ અગાઉ ભારતમાં 'ભારત સરકાર અધિનિયમ, 1935' હેઠળ 'ફેડરલ કોર્ટ'ની સ્થાપના કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટ એ આ 'ફેડરલ કોર્ટ'ની અનુગામી સંસ્થા છે.
- ભારતમાં સર્વોચ્ચ ન્યાયાલય નાગરિકોના મૂળભૂત અધિકારોના રક્ષક તરીકે કાર્ય કરે છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 124માં સર્વોચ્ચ અદાલતની સ્થાપનાની જોગવાઈ છે.



# 10 એવોર્ડ અને પુરસ્કાર

## નેશનલ જીઓલોજી એવોર્ડસ – 2022

- તાજેતરમાં ખાણ મંત્રાલયે મૂળભૂત ભૂસ્તરશાસ્ત્ર, ખાણકામ અને સંલગ્ન ક્ષેત્રોમાં યોગદાન માટે નેશનલ જીઓલોજી એવોર્ડ –2022 માટે નામાંકન આમંત્રિત કર્યા છે.
- ભૂસ્તરશાસ્ત્ર એ પૃથ્વી વિજ્ઞાનનો સંદર્ભ આપવા માટે વપરાતો શબ્દ છે. જેમાં વિવિધ ક્ષેત્રોના ભૂસ્તરશાસ્ત્રીઓનો સમાવેશ થાય છે, જેમ કે વાતાવરણીય વિજ્ઞાન, ભૂસ્તરશાસ્ત્ર, જળવિજ્ઞાન, ખનિજશાસ્ત્ર, પેટ્રોલોજી, પેડોલોજી અને સમુદ્રશાસ્ત્ર જેવા ક્ષેત્રોમાંથી આવી શકે છે.

**❖ નેશનલ જીઓલોજી એવોર્ડની વિશેષતાઓ :**

**❖ પરિચય**

- દર વર્ષે આપવામાં આવતા આ પુરસ્કારની શરૂઆત ખાણ મંત્રાલય દ્વારા વર્ષ 1966 માં કરવામાં આવી હતી અને તે દર વર્ષે આપવામાં આવે છે.
- તે ભૂસ્તરશાસ્ત્રીઓને ઉત્કૃષ્ટ બનવા માટે પ્રોત્સાહિત કરવાની પહેલ છે.
- NGA રેગ્યુલેશન 2022 ના કલોઝ– 2 માં ઉલ્લેખિત કોઈપણ ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપનાર ભારતના કોઈપણ નાગરિકને આ પુરસ્કારો માટે પાત્ર ગણવામાં આવશે.




**❖ મુખ્ય વિષયો**

- ખનિજની શોધ અને તપાસ
- ખાણકામ, ખનિજ નફો અને ટકાઉ ખનિજ વિકાસ
- મૂળભૂત ભૂસ્તરશાસ્ત્ર (Geo Science)
- ભૂસ્તરશાસ્ત્ર (Applied Geo Science)

**❖ શ્રેણીઓ**

- લાઈફ ટાઈમ અચીવમેન્ટ માટે નેશનલ જીઓલોજી એવોર્ડ
- NGA રેગ્યુલેશન્સ, 2022 ના સેકશન 2 માં ઉલ્લેખિત કોઈપણ વિદ્યાશાખામાં સતત અને નોંધપાત્ર યોગદાન માટે અપવાદરૂપે આજીવન સિદ્ધિ પ્રાપ્ત કરનાર વ્યકિતને એવોર્ડ આપવામાં આવે છે.
- આ એવોર્ડમાં 5,00,000 રૂપિયાનું રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર આપવામાં આવે છે.

**❖ રાષ્ટ્રીય ભૂસ્તરશાસ્ત્ર પુરસ્કાર**

- રાષ્ટ્રીય ભૂસ્તરશાસ્ત્ર પુરસ્કાર NGA રેગ્યુલેશન, 2022 ના સેકશન –2 માં ઉલ્લેખિત કોઈપણ વિદ્યાશાખામાં ઉત્કૃષ્ટ યોગદાન માટે વ્યકિત અથવા ટીમને રાષ્ટ્રીય ભૂસ્તરશાસ્ત્ર પુરસ્કાર આપવામાં આવે છે.
- આ એવોર્ડમાં 3,00,000 રૂપિયાના રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર આપવામાં આવે છે. ટીમને પુરસ્કાર આપવાના કિસ્સામાં, ઈનામની રકમ ટીમના સભ્યો વચ્ચે સમાનરૂપે વહેંચવામાં આવશે.

**❖ રાષ્ટ્રીય યુવા ભૂસ્તરશાસ્ત્રી પુરસ્કાર**

- ભૂસ્તરશાસ્ત્રના કોઈપણ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ સંશોધન કાર્ય માટે 35 વર્ષથી ઓછી વયની રાષ્ટ્રીય યુવા ભૂસ્તરશાસ્ત્રીને પુરસ્કાર આપવામાં આવશે.
- આ એવોર્ડમાં રૂા.1,00,000 થી વધુનો રોકડ પુરસ્કાર, રૂા.5,00,000 ની સંશોધન અનુદાન અને પાંચ વર્ષમાં સંતોષકારક વાર્ષિક પ્રગતિના આધારે પ્રમાણપત્ર આપવામાં આવે છે.

## લક્ષ્મી ભંડાર યોજનાને SKOCH 2022 એવોર્ડ મળ્યો

- તાજેતરમાં પશ્ચિમ બંગાળ સરકારની 'લક્ષ્મી ભંડાર યોજનાને' મહિલા અને બાળ વિકાસ શ્રેણીમાં SKOCH એવોર્ડ – 2022 મળ્યો છે.
- આ એવોર્ડ પશ્ચિમ બંગાળ સરકાર તેમજ પશ્ચિમ બંગાળ રાજયની 2 કરોડ મહિલાઓ માટે એક સન્માન છે, જેઓ આ યોજના દ્વારા સશકત બન્યા છે.
- પશ્ચિમ બંગાળ સરકાર દ્વારા ઓગસ્ટ 2021 માં 25 થી 60 વર્ષની વય જૂથમાં પરિવારની મહિલા વડાને નાણાકીય સહાય પૂરી પાડવા માટે 'લક્ષ્મી ભંડાર યોજના' શરૂ કરવામાં આવી હતી.

**Skoch Award વિશે....**

| | | |
|---|---|---|
| **શરૂઆત** | : | વર્ષ 2003 |
| **મંત્રાલય** | : | કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રાલય |
| **હેતુ** | : | બીઝનેસી લીડર્સ, અસાધારણ કામગીરી, સિદ્ધિઓ, નવીનતાઓ અને ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન કરવાનો છે. |

- આ યોજના હેઠળ General Category ની મહિલાઓને દર મહિને 500 રૂપિયા અને SC અને ST કેટેગરીની મહિલાઓને દર મહિને 1000 રૂપિયા આપવામાં આવે છે.
- આ યોજનાને ભંડોળ પુરૂ પાડવા માટે રાજય સરકાર દર વર્ષે 11,000 કરોડ રૂપિયાનો ખર્ચ કરે છે.
- આ યોજના હેઠળ સૌથી વધુ લાભાર્થીઓ પશ્ચિમ બંગાળના ઉત્તર અને દક્ષિણ જિલ્લાઓમાં છે.




## National Sport Award-2022 ની જાહેરાત કરવામાં આવી

- તાજેતરમાં કેન્દ્રીય યુવા બાબતો અને રમત મંત્રાલય દ્વારા National Sports Award – 2022 ની જાહેરાત કરવામાં આવી છે.
- આ પુરસ્કાર વિજેતાઓને 30 મી નવેમ્બર 2022 ના રાષ્ટ્રપતિ ભવન ખાતે ખાસ આયોજિત કાર્યક્રમમાં ભારતના રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂ દ્વારા પુરસ્કારો આપવામાં આવશે.
- આ વર્ષે પ્રથમ વખત માત્ર ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે અને રમતવીર અથવા કોચને સમર્પિત પોર્ટલ દ્વારા સ્વ–અરજી કરવા માટેની પરવાનગી આપવામાં આવી છે.
- આ વર્ષે એવોર્ડ માટે મોટી સંખ્યામાં નોમિનેશન પ્રાપ્ત થયા છે.
- રમતગમતમાં શ્રેષ્ઠતાને ઓળખવા માટે દર વર્ષે રાષ્ટ્રીય રમત પુરસ્કાર આપવામાં આવે છે.




### National Sports Award વિશે....

| | | |
|---|---|---|
| **શરૂઆત** | : | વર્ષ 1956 - 57 |
| **મંત્રાલય** | : | કેન્દ્રીય યુવા બાબતો અને રમત મંત્રાલય |
| **ઉદ્દેશ** | : | એડવેન્ચર્સના ક્ષેત્રોમાં વ્યકિતઓની સિદ્ધિઓને ઓળખવા |

## મૌલાના અબુલ કલામ આઝાદ ટ્રોફી – 2022 એનાયત

- તાજેતરમાં પંજાબના ગુરુનાનક દેવ યુનિવર્સિટી (GNDU) ને મૌલાન અબુલ કલામ આઝાદ (MAKA) ટ્રોફી વર્ષ 2021-22 માટે આપવામાં આવી છે.
- આ ટ્રોફી કેન્દ્રીય યુવા બાબતો અને રમત મંત્રાલય દ્વારા રમત ગમત ક્ષેત્રે દેશની શ્રેષ્ઠ કામગીરી કરનાર યુનિવર્સિટીને દર વર્ષે આપવામાં આવે છે.
- ગુરૂનાનક દેવ યુનિવર્સિટીને 24 મી વખત રમતગમતના શ્રેષ્ઠતા માટે MAKA Trophy આપવામાં આવી છે.




## ગાંધી મંડેલા પુરસ્કાર – 2022

- તાજેતરમાં તિબેટના આધ્યાત્મિક લીડર દલાઈ લામાને ગાંધી મંડેલા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ એવોર્ડ દલાઈલામાને હિમાચલ પ્રદેશના રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકર દ્વારા મેકિલયોડગંજ ધર્મશાલા, હિમાચલ પ્રદેશ ખાતે એનાયત કરવામાં આવ્યો છે.
- આ એવોર્ડ શાંતિ, સમાજ કલ્યાણ, સંસ્કૃતિ, પર્યાવરણ, શિક્ષણ, આરોગ્ય સંભાળ, રમતગમત અને નવીનતાના ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન બદલ ગાંધી અને મંડેલાના વારસાને આગળ વધારનાર વ્યકિતને આપવામાં આવે છે.
- આ એવોર્ડ પ્રથમ વખત વર્ષ 2019 માં ગાંધી મંડેલ ફાઉન્ડેશન દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો.



# 11 મહત્વના દિવસો

## ઈન્ડિયા – સ્વીડન ઈનોવેશન ડે 2022




- આ વર્ષે ભારત – સ્વીડન ઈનોવેશન ડે ની 9 મી આવૃત્તિની ઉજવણી કરવામાં આવી હતી.
- ભારત અને સ્વીડન વચ્ચે ટકાઉ ઔદ્યોગિક વિકાસ અને ટેકનોલોજીકલ આપવા માટે દર વર્ષે ભારત – સ્વીડન ઈનોવેશન ડે મનાવવામાં આવે છે .
- આ દિવસની પ્રથમ આવૃત્તિ વર્ષ 2013 માં ઉજવવામાં આવી હતી.
- આ નવમી આવૃત્તિ 27 ઓકટોબરના રોજ સ્વીડનના સ્ટોકહોમમાં યોજાઈ હતી.

## સતર્કતા જાગૃતિ સપ્તાહ 2022




- ભારત સરકાર દ્વારા દર વર્ષે સરદાર વલ્લભભાઈ પટેલની યાદમાં તેમની જન્મજયંતીના અવસરે 'સતર્કતા જાગૃતિ સપ્તાહ' ઉજવવામાં આવે છે. આ વર્ષે 31 ઓકટોબરથી 6 નવેમ્બર સુધી સતર્કતા જાગૃતિ સપ્તાહ ઉજવવામાં આવશે.
- થીમ : વિકસિત રાષ્ટ્ર માટે ભ્રષ્ટાચાર મુકત ભારત
- આ સપ્તાહ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય દેશના વિકાસ માટે ભ્રષ્ટાચાર અટકાવવાનો અને લોકોમાં જાગૃતિ લાવવાનો છે. તેમજ ટેક્નોલોજી દ્વારા સરકાર અને પ્રજાના તમામ વ્યવહારને પારદર્શક બનાવવાનો છે.
- સરદાર વલ્લભભાઈ પટેલનું સમગ્ર જીવન પ્રમાણિકતા, પારદર્શિતા અને લોકસેવા નિર્માણ માટે સમર્પિત રહ્યું છે. તેથી તેમની યાદમાં આ સપ્તાહનું આયોજન કરવામાં આવે છે.

## 5 નવેમ્બર : વિશ્વ સુનામી જાગૃતિ દિવસ

- દર વર્ષે 5 નવેમ્બરના રોજ વિશ્વ સુનામી જાગૃતિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- થીમ : Awareness About Tsunami Early-Warning Systems




- વર્ષ 2004થી 2011 દરમિયાન પૃથ્વી પર અનેક વિનાશક સુનામી આવવાને કારણે સમગ્ર જીવસૃષ્ટિ પ્રભાવિત થઈ હતી જેથી સંયુકત રાષ્ટ્રસંઘ (UN) ના UN Office for Disaster Risk Reduction (UNDRR) દ્વારા વર્ષ 2015માં 5 નવેમ્બરને વિશ્વ સુનામી જાગૃતિ દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.
- આ દિવસ મનાવવાનો મુખ્ય હેતુ સુનામી જેવી કુદરતી આપત્તિઓને સમજી અને તેના બચાવ કાર્યોને જાણી લોકોને જીવન બચાવવા માટે જાગૃત કરવાનો છે.

## 6 નવેમ્બર : યુદ્ધ અને સશસ્ત્ર સંઘર્ષમાં પર્યાવરણનું શોષણ અટકાવવાનો આંતરરાષ્ટ્રીય દિવસ

- દર વર્ષે 6 નવેમ્બરના રોજ 'યુદ્ધ અને સશસ્ત્ર સંઘર્ષમાં પર્યાવરણનું શોષણ અટકાવવાનો આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- યુદ્ધો દરમિયાન થયેલા પર્યાવરણીય નુકશાને પર્યાવરણવિદ્દોને વિચારતા કરી દીધા અને પરિણામે સંયુકત રાષ્ટ્રો દ્વારા દર વર્ષે 6 નવેમ્બરના દિવસે 'યુદ્ધ અને સશસ્ત્ર સંઘર્ષમાં પર્યાવરણનું શોષણ અટકાવવાનો આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે ઉજવવાનો જાહેર કરવામાં આવ્યો હતો.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોમાં પર્યાવરણ પરના યુદ્ધ અને સશસ્ત્ર સંઘર્ષના નુકસાનકારક પ્રભાવો વિશે જાગૃતિ લાવવાનો છે.

## 9 નવેમ્બર : રાષ્ટ્રીય કાનૂની સેવા દિવસ (National Legal Services Day NLSD)




- રાષ્ટ્રીય કાનૂની સેવા દિવસ (National Legal Services Day NLSD) દર વર્ષે 9 નવેમ્બરના રોજ ઉજવવામાં આવે છે.
- ભારતીય કાનૂની સેવા સત્તા અધિનિયમ, 1987 ભારતીય સંસદ દ્વારા 9 નવેમ્બર 1995 ના રોજ ઘડવામાં આવ્યો હતો. તેથી જ 9 મી નવેમ્બરને 'રાષ્ટ્રીય કાનૂની સેવા દિવસ' તરીકે ચિહ્નિત કરવામાં આવ્યો છે.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય તમામ માટે ન્યાય સુનિશ્ચિત કરવા માટે લોકોને કાયદા વિશે જાગૃત કરવાનો તેમજ સમાજના ગરીબ અને નબળા વર્ગના લોકોને મફત કાનૂની સહાય અને સલાહ આપવાનો છે.

## 10 નવેમ્બર : શાંતિ અને વિકાસ માટેનો વિશ્વ વિજ્ઞાન દિવસ (World Science Day for Peace and Development




- દર વર્ષે 10 નવેમ્બરના રોજ 'શાંતિ અને વિકાસ માટેનો વિશ્વ વિજ્ઞાન દિવસ' ઊજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ Basic Sciences for Sustainable Development છે.
- આ દિવસની ઉજવણી કરવા માટે વર્ષ 2001 માં સંયુક્ત રાષ્ટ્ર (UN) ના યુનેસ્કો (UNESCO-યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફીક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન) દ્વારા આ દિવસ ઊજવવા માટેનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો ત્યાર બાદ દર વર્ષે 10 નવેમ્બરે આ દિવસ ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય સમાજ અને વિશ્વમાં વિજ્ઞાનના અભૂતપૂર્વ યોગદાન અને ભૂમિકાને મહત્વ આપવાનો છે તેમજ શાંતિપૂર્ણ અને સતત ટકાઉ વિકાસ માટે વિજ્ઞાનની ભૂમિકા અંગે જાગરૂકતા વધારવાનો છે

## 12 નવેમ્બર : વિશ્વ ન્યુમોનિયા દિવસ (World Pneumonia Day)




- દર વર્ષે 12 નવેમ્બરને 'વિશ્વ ન્યુમોનિયા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા વર્ષ 2009 માં 12 નવેમ્બરને વિશ્વ ન્યુમોનિયા દિવસ તરીકે ઉજવવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય ન્યુમોનિયાને ફેલાતો અટકાવવા માટે તેની સારવાર વિશે લોકજાગૃતિ લાવવાનો છે.
- ન્યુમોનિયા એક ચેપી રોગ છે. ન્યુમોનિયા વાયરસ અને બેકટેરિયાનાં કારક દ્વારા ફેલાય છે. જે ફેફસાને ગંભીર અસર કરે છે. અને તેનાથી શ્વાસોચ્છ્વાસની તકલીફ થાય છે.

## 14 નવેમ્બર : વિશ્વ ડાયાબિટિસ દિવસ (World Diabetes Day)




- ઈનસ્યુલિનની શોધ કરનાર ફ્રેડરિક બેન્ટિંગના જન્મ દિવસની યાદમાં દર વર્ષે 14 નવેમ્બરના રોજ WHO દ્વારા વિશ્વ ડાયાબિટિસ દિવસ ઊજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ Access to Diabetes Care છે.
- વર્ષ 2006 માં સંયુકત રાષ્ટ્ર (UN) દ્વારા વિશ્વમાં ડાયાબિટિસના વધતા જોખમને ધ્યાનમાં રાખીને દર વર્ષે 14 નવેમ્બરના રોજ આ દિવસ યોજવાની જાહેરાત કરવામાં આવી હતી.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય વૈશ્વિક જાહેર આરોગ્યના મુદ્દા તરીકે ડાયાબિટિસ વિશે જાગૃતતા લાવવાનો અને ડાયાબિટિશના વધુ સારા નિવારણ, નિદાન અને વ્યવસ્થાપન માટે પ્રયાસ કરવાનો છે

## 15 નવેમ્બર : જનજાતિય ગૌરવ દિવસ અથવા આદિવાસી ગૌરવ દિવસ




- ભારતમાં 15 નવેમ્બરા રોજ 'આદિવાસી ગૌરવ દિવસ' અથવા 'જનજાતિય ગૌરવ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- 10 નવેમ્બર, 2021ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે 15 નવેમ્બરને 'આદિવાસી ગૌરવ દિવસ' તરીકે ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ દિવસને ભારતની આઝાદીના 75 વર્ષ પૂર્ણ થયાની યાદમાં જાહેર કરવામાં આવ્યો હતો.
- 15 નવેમ્બર એ બિરસામુંડાની જન્મજયંતિ પણ છે, જેને સમગ્ર ભારતમાં આદિવાસી સમુદાયો દ્વારા ભગવાન તરીકે પૂજવામાં આવે છે. આથી, 15 નવેમ્બરને 'આદિવાસી ગૌરવ દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.
- આ ઉપરાંત આ દિવસ આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓનું સ્મરણ કરશે.
- આદિવાસીઓના સાંસ્કૃતિક વારસાની જાળવણી અને રાષ્ટ્રીય ગૌરવ, શૌર્ય અને અતિથ્યના ભારતીય મૂલ્યોને પ્રોત્સાહન આપવાના પ્રયાસોને માન્યતા આપવા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

### બિરસા મુંડા વિશે....

- ભારતીય સ્વાતંત્ર્ય સેનાની બિરસા મુંડાનો જન્મ 15 નવેમ્બર, 1875ના રોજ ઝારખંડના ખુટી જિલ્લાના ઉલિહાટુ ગામમાં થયો હતો.
- બિરસા મુંડા માનતા હતા કે ભગવાન દ્વારા લોકોના કલ્યાણ માટે અને તેમના દુઃખ દૂર કરવા માટે મોકલવામાં આવ્યા છે. તેથી તેઓ પોતાને ભગવાન માનતા હતા.
- તેમને 'ધરતી અબ્બા' (Dharti Abba) અથવા 'વિશ્વના પિતા' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- વર્ષ 1899-1900માં તેમની આગેવાની હેઠળનો મુંડા બળવો એ છોટા નાગપુર (ઝારખંડ) પ્રદેશમાં સૌથી વધુ ચર્ચિત બળવો હતો. તેને 'મુંડા ઉલગુલાન' (બળવો) પણ કહેવામાં આવે છે.
- આ બળવો મુંડા જનજાતિની પરંપરાગત પ્રણાલીમાંથી ખુંટકટીની જમીનદારી પ્રણાલીમાં પરિવર્તનના કારણે શરૂ થયો હતો.

## 16 નવેમ્બર : આંતરરાષ્ટ્રીય સહિષ્ણુતા દિવસ (International Tolerance Day)

- દર વર્ષે 16 નવેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય સહિષ્ણુતા દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે.
- સંયુક્ત રાષ્ટ્રસંઘ (UN) દ્વારા વર્ષ 1996 થી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય લોકોમાં લઘુમતીઓ પ્રત્યે નફરત અને ભેદભાવ પર પ્રતિબંધ મુકવાનો તેમજ શૈક્ષણિક જાગૃતતા લાવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ 1995 માં ગાધીજીના જન્મને 125 વર્ષ પૂરાં થયા હોવાથી આ વર્ષને સહિષ્ણુતા વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું હતું.
- સહિષ્ણુતા એક સમાજ બનાવે છે. જેમાં લોકો મૂલ્યવાન અને આદર અનુભવે છે.
- સહિષ્ણુતા અને અહિંસાના પ્રોત્સાહન તથા પ્રચાર –પ્રસાર માટે યુનેસ્કો દ્વારા મદનજીત સિંહ એવોર્ડ આપવામાં આવે છે.




## 16 નવેમ્બર : રાષ્ટ્રીય પ્રેસ દિવસ (National Press Day)

- ભારતમાં દર વર્ષે 16 નવેમ્બરના રોજ રાષ્ટ્રીય પ્રેસ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (PCI) દ્વારા વર્ષ 1966 થી આ દિવસ ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય દેશની એકતા અને અખંડિતતા જળવાઈ રહે અને લોકશાહીના મૂલ્યોનું જતન થાય તેમજ નાગરિકોના મૂળભૂત અધિકારોના રક્ષણ માટે જાગૃતિ લાવવાનો છે.




## 19 નવેમ્બર : વિશ્વ શૌચાલય દિવસ (World Toilet Day)

- દર વર્ષે 19 નવેમ્બરના રોજ 'વિશ્વ શૌચાલય દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ Making the Invisible Visible છે.
- સંયુક્ત રાષ્ટ્રસંઘ (UN) દ્વારા 'સૌ માટે સ્વચ્છતા' ના શીર્ષક હેઠળ 24 જુલાઈ, 2013 ના રોજ 19 નવેમ્બરને વિશ્વ શૌચાલય દિવસ તરીકે જાહેર કર્યો હતો.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય સૌને સ્વચ્છતાનું પ્રોત્સાહન આપવા, ગંદા અને ગટરના પાણીનો યોગ્ય નિકાલ કરવા તેમજ વૈશ્વિક સ્વચ્છતાના સંકટને પહોંચી વળવા અને પાણીનો સદઉપયોગ કરવાના હેતુથી આ દિવસ મનાવવામાં આવે છે.




## 20 નવેમ્બર : વિશ્વ બાળ દિવસ (World Children's Day)

- દર વર્ષે 20 નવેમ્બરના રોજ 'વિશ્વ બાળ દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ Inclusion, for Every Child છે.
- સંયુક્ત રાષ્ટ્ર સંઘ (UN) ની સામાન્ય સભાએ 14 ડિસેમ્બર, 1954 ના રોજ ઠરાવ પસાર કરી ભલામણ કરી હતી કે વિશ્વ કક્ષાએ દરેક દેશો દ્વારા વિશ્વ બાળ દિવસની ઉજવણી કરવામાં આવે. ત્યારબાદ સંયુક્ત રાષ્ટ્ર સંઘ (UN) ની સામાન્ય સભાએ 20 નવેમ્બર, 1959 ના રોજ બાળ અધિકારના ઘોષણાપત્રને સ્વીકાર્યો હતો, તેથી 20 નવેમ્બર વિશ્વ બાળ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.



- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય બધા દેશોએ બાળકોની કાળજી લેવી, તેમને ખોરાક, આરોગ્ય, શિક્ષણ અને સુરક્ષા પૂરી પાડવા પ્રયત્નશીલ રહેવાનો છે.

## 21 નવેમ્બર : વિશ્વ મત્સ્યઉદ્યોગ દિવસ (World Fisheries Day)




- દર વર્ષે 21 નવેમ્બરના રોજ 'વિશ્વ મત્સ્યઉદ્યોગ દિવસ' ઉજવવામાં આવે છે.
- 21 નવેમ્બર, 1997 માં વિશ્વ મત્સ્ય ઉદ્યોગ ફોરમ (WFF) ની સ્થાપના કરવામાં આવી હોવાથી 21 નવેમબરના રોજ આ દિવસ ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય લોકોમાં મત્સ્ય ઉદ્યોગ અંગે જાગૃતિ લાવવાનો અને મત્સ્ય ક્ષેત્રે સંકળાયેલા સમુદાયને પ્રોત્સાહન આપવાનો છે.
- સમગ્ર વિશ્વમાં દર વર્ષે 21 નવેમ્બરના રોજ FAO (Food And Agriculture Organization) દ્વારા 'વિશ્વ મત્સ્યઉદ્યોગ દિવસ' ઉજવવામાં આવે છે, તેમજ ભારતમાં આ દિવસ Ministry of Fisheries, Animal Husbandry And Dariying દ્વારા ઉજવવામાં આવે છે.
- વિશ્વ મત્સ્ય ઉદ્યોગ ફોરમ (WFF) નું વડુમથક યુગાન્ડાની રાજધાની કમ્પાલામાં આવેલું છે.
- મત્સ્ય ઉદ્યોગ ક્ષેત્રની સંભવિતતાને ધ્યાનમાં રાખીને પ્રધાનમંત્રીએ મે, 2020 માં પાંચ વર્ષના સમયગાળા માટે રૂ.20,050 કરોડથી વધુના બજેટ સાથે 'પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના (PMMSY)' શરૂ કરી હતી.

## 21 નવેમ્બર : વિશ્વ ટેલિવિઝન દિવસ (World Television Day)




- દર વર્ષે 21 નવેમ્બર 'વિશ્વ ટેલિવિઝન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- સંયુક્ત રાષ્ટ્રસંઘ (UN) ની સામાન્ય સભાએ 17 ડિસેમ્બર, 1996ના રોજ ઠરાવ પસાર કરીને 21 નવેમ્બરને વિશ્વ ટેલિવિઝન દિવસ તરીકે ઉજવવાની સત્તાવાર જાહેરાત કરી હતી.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય માહિતી, મનોરંજન, શિક્ષણ, આરોગ્ય સંભાળ, વ્યકિતગત સંબંધો અને મુસાફરી વગેરે સહિતની દૈનિક પ્રવૃત્તિઓ કરવા માટે માહિતી, તકનીક અને સંદેશાવ્યવહારને ટેલિવિઝન દ્વારા સરળ બનાવવાનો છે.

## 25 નવેમ્બર : આંતરરાષ્ટ્રીય મહિલા હિંસા નિવારણ દિવસ (International Day for the Elimination of Violence Against Women)

- દર વર્ષે 25 નવેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય મહિલા હિંસા નિવારણ દિવસ' ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ : UNITE! Activism to End Violence against Women & Girls છે.
- સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA) દ્વારા 17 ડિસેમ્બર, 1999 ના રોજ મહિલાઓ વિરુદ્ધ હિંસાને નાબૂદ કરવા એક સંકલ્પ પ્રસ્તાવ પસાર કરી 25 નવેમ્બરને 'આંતરરાષ્ટ્રીય મહિલા હિંસા નિવારણ દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય સમગ્ર વિશ્વમાં મહિલાઓ સામેની હિંસા અટકાવવા અને દૂર કરવાના હેતુથી આ દિવસ મનાવવામાં આવે છે.
- વર્ષ 2010 માં સંયુકત રાષ્ટ્ર મહાસભા દ્વારા યુનાઈટેડ નેશન વુમનની સ્થાપના કરવામાં આવી હતી. આ સંસ્થા મહિલા સુરક્ષા અને સશકિતકરણના ક્ષેત્રમાં કામ કરે છે.
- ભારતમાં મહિલાઓના બંધારણીય હિત અને કાનૂની સુરક્ષા માટે વર્ષ 1992 માં રાષ્ટ્રીય મહિલા આયોગની સ્થાપના કરવામાં આવી હતી.

## 26 નવેમ્બર : રાષ્ટ્રીય સંવિધાન દિવસ (National Constitution Day)

- આ વર્ષે 26 નવેમ્બર, 2022 ના રોજ 73 માં સંવિધાન દિવસની ઊજવણી કરવામાં આવી છે. સંવિધાન દિવસને કાયદા દિવસ (Law Day) તરીકે પણ ઓળખવામાં આવે છે.
- કેન્દ્ર સરકાર દ્વારા 23 નવેમ્બર, 2015 ના રોજ સંવિધાન દિવસ ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારબાદ ભારત સરકાર દ્વારા 26, નવેમ્બર, 2015 ના રોજ પ્રથમ સંવિધાન દિવસ મનાવવામાં આવ્યો હતો.

- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય ભારતીય બંધારણ અને તેના ઘડવૈયા ભારત રત્ન ડો.બી. આર. આંબેડકરના મહત્વ વિશે લોકોમાં જાગરૂકતા લાવવાના ઉદ્દેશ્યથી આ દિવસ મનાવવામાં આવે છે.
- બંધારણનું પ્રારૂપ તૈયાર કરનાર ડ્રાફ્ટ સમિતિના અધ્યક્ષ ડો. બી. આર. આંબેડકરને ભારતીય સંવિધાનના જનક તરીકે પણ ઓળખવામાં આવે છે.
- 26 જાન્યુઆરી, 1950 ના દિવસે કુલ 299 માંથી 284 સભ્યોએ બંધારણ પર હસ્તાક્ષર કર્યા.
- બંધારણ સભા દ્વારા કુલ 11 સત્રો યોજીને 2 વર્ષ, 11 મહિના અને 18 દિવસમાં બંધારણ તૈયાર કરવામાં આવ્યું હતું.
- 26 નવેમ્બર, 1949 ના દિવસે બંધારણ સભા દ્વારા ભારતના સંવિધાનનો સ્વીકાર કરવામાં આવ્યો તથા કેટલીક જોગવાઈઓ જેવી કે નાગરિકતા, કામચલાઉ સરકાર અને સંસદ ચૂંટણી, કટોકટીની જોગવાઈ તે જ દિવસે લાગુ કરવામાં આવી.
- બંધારણસભા પ્રથમ વખત ધારાકીય સંસ્થા તરીકે 17 નવેમ્બર, 1947 ના રોજ મળી હતી અને ત્યારે ગણેશ વાસુદેવ માવળંકર તેના સ્પીકર તરીકે ચૂંટાયા. આમ, બંધારણસભા સ્વતંત્ર ભારતની પ્રથમ સંસદ બની.
- 26 નવેમ્બર, 1949 ના રોજ બંધારણસભાની બેવડી ભૂમિકાનો અંત આવ્યો. ત્યારબાદ 1952 સુધી તે કામચલાઉ સંસદ તરીકે કાર્યરત રહી.
- ભારતનું બંધારણ વિશ્વનું સૌથી લાંબુ લેખિત બંધારણ છે. મૂળ બંધારણમાં 395 કલમો 22 ભાગો અને 8 અનુસૂચિઓ હતી.

## 28 નવેમ્બર : લાલ ગ્રહ દિવસ (Red Planet Day)

- દર વર્ષે 28 નવેમ્બરના રોજ 'લાલ ગ્રહ દિવસ' ઉજવવામાં આવે છે.
- મંગળ ગ્રહ પર આર્યન ઓકસાઈડ વધુ હોવાથી તેને 'લાલ ગ્રહ' તરીકે ઓળખવામાં આવે છે.
- અમેરિકાની અંતરીક્ષ સંસ્થા નેશનલ એરોનોટિકસ એન્ડ સ્પેસ એડમિનિટ્રેશન (NASA) દ્વારા વર્ષ 1964 માં 28 નવેમ્બરના રોજ મંગળ ગ્રહ પર સૌપ્રથમ અવકાશયાન 'મરીનર 4' નું પ્રક્ષેપણ કરવામાં આવ્યું હતું. તેની યાદમાં 28 નવેમ્બરને લાલ ગ્રહ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- આ સ્પેસક્રાફ્ટે લગભગ આઠ મહિના સુધી ત્યાં પરિવહન કર્યા બાદ 14 જૂલાઈ, 1956 નાં રોજ મંગળ ગ્રહનું ફ્લાય – બાય કર્યુ હતું.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય આપણા પડોશી ગ્રહ મંગળ વિશે વધુ શીખવાનો અને તેનો યોગ્ય ઉપયોગ કરવાનો છે તેમજ તે ગ્રહની રસપ્રદ માહિતી મેળવી જાગૃતિ ફેલાવવાનો છે.



# 12 શબ્દાવલી

## ડર્ટી બોમ્બ

- ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સી (IAEA), યુએનના પરમાણુ વોચડોગએ તાજેતરમાં યુક્રેન પર ડર્ટી બોમ્બ બનાવવાના રશિયાના આરોપોની તપાસ કરી હતી.
- ડર્ટી બોમ્બ એ પરંપરાગત વિસ્ફોટક ઉપકરણ છે જેમાં ઝેરી પદાર્થો હોય છે.
- પરમાણુ હથિયારથી વિપરિત, તે પરમાણુ વિસ્ફોટનું કારણ નથી. તેના બદલે તે વિસ્ફોટક પછી કિરણોત્સર્ગી, જૈવિક અથવા રાસાયણિક કચરો ફેલાવે છે.
- રશિયન સરકારે યુક્રેન પર ડર્ટી બોમ્બનો ઉપયોગ કરવાની યોજનાનો આરોપ મૂકયો હતો.

# 13 Current Affairs Booster

**1. તાજેતરમાં ભારત સરકાર દ્વારા તમિલનાડુ અને કાશી વચ્ચેના સાંસ્કૃતિક અને સભ્યતાના બંધનને મજબૂત અને ફરીથી જાગૃત કરવા માટે કયા કાર્યક્રમની શરૂઆત 1 મહિના માટે કરવામાં આવી છે?**
(A) કાશી તિરૂપતિ સંગમ (B) કાશી રામેશ્વરમ્ બંધન (C) કાશી – તમિલ સંગમ (D) કાશી તમિલનાડુ કોરિડોર

**2. તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કયા શહેરમાં શ્રીનાદપ્રભુ કેમ્પેગૌડાની પ્રતિમાનું અનાવરણ કર્યું?**
(A) વિજયવાડા (B) બેંગ્લોર (C) ચેન્નાઈ (D) અમરાવતી

**3. તાજેતરમાં Saras Food Festival – 2022 નું આયોજન સ્વયંસહાય જૂથો (SHGS) દ્વારા કયાં કરવામાં આવ્યું છે?**
(A) કોચીન (B) હૈદરાબાદ (C) નવી દિલ્હી (D) અમદાવાદ

**4. તાજેતરમાં આંતરરાષ્ટ્રીય સંસ્થા ‘FAO’ દ્વારા “State of Food and agriculture Report - 2022” બહાર પાડયું છે. આ ‘FAO’ સંસ્થાનું વડુમથક કયા આવેલું છે?**
(A) રોમ (B) મેડ્રીડ (C) જીનીવા (D) વિયેના

**5. તાજેતરમાં કયા રાજ્ય સરકાર દ્વારા તેના 66 મા સ્થાપના દિવસના અવસરે લોકોને જમીન સંબંધિત સેવાઓની ઝડપી ડિલિવરી સુનિશ્ચિત કરવા માટે ડિજિટલ રિસર્વેની શરૂઆત કરવામાં આવી છે?**
(A) તમિલનાડુ (B) બિહાર (C) કેરળ (D) ગોવા

**6. સમગ્ર વિશ્વમાં ‘વિશ્વ ડાયાબિટીસ દિવસ કયારે ઉજવવામાં આવે છે ?**
(A) 10 નવેમ્બર (B) 12 નવેમ્બર (C) 13 નવેમ્બર (D) 14 નવેમ્બર

**7. National Curriculum Frame Work કેટલા વર્ષની વય જૂથના બાળકો પાયાના શિક્ષણ માટે લોન્ચ કરવામાં આવ્યું છે?**
(A) 0 થી 5 (B) 2 થી 7 (C) 3 થી 8 (D) 5 થી 10

**8. Saras Food Festival – 2022 વિશે નીચેનામાંથી કયુ વિધાન સાચા / સાચું છે?**
(1) આ ફેસ્ટિવલનું આયોજન અમદાવાદ ખાતે કરવામાં આવ્યું.
(2) આ ફેસ્ટિવલમાં Saras Food ઉત્પાદનનોના વેચાણ માટે ‘ઈ–કોમર્સ’ પોર્ટલ યોજના લોન્ચ કરવામાં આવ્યું છે.
(3) આ ફેસ્ટિવલનો હેતું મહિલાઓ દ્વારા તૈયાર કરાયેલ ઘરેલુ હસ્તકલા, ચિત્રો અને રમકડા વગેરેને પ્રોત્સાહન આપવાનો છે.
(4) આ ફેસ્ટિવલ એ મહિલા સશિકતકરણનું અનોખુ ઉદાહરણ છે.
(A) 1, 2 અને 4 (B) ફક્ત 2 અને 3 (C) 1 અને 4 (D) 2, 3 અને 4

**9. State of the Global Climate in 2022 Report વિશે સાચા વિધાન જણાવો.**
(i) આ રીપોર્ટ – World Meteorological Organization (WMO) દ્વારા બહાર પાડવામાં આવે છે.
(ii) આ રીપોર્ટ મુજબ વર્ષ 2021 માં મહાસાગરની ગરમીમાં ઘટાડો જોવા મળ્યું છે.
(A) ફક્ત i (B) ફક્ત ii (C) i અને ii (D) એક પણ નહી.

**10. DIGITAL RESURVEY OF LAND વિશે નીચેનામાંથી કયું વિધાન સાચા / સાચું છે?**
(1) આ રિસર્વે જમીનના રેકોર્ડને ટકાઉ અને કૃષિ આંકડા માટેના ડેટાના સંગ્રહને વધુ સક્ષમ બનાવવામાં મદદ કરશે.
(2) આ રિસર્વે સરકારને જમીનના અદ્યતન રેકોર્ડ જાળવવામાં મદદ કરશે, જેથી પુનઃસર્વેની જરૂર પડશે નહી.
(3) આ સર્વેક્ષણ માટે લગભગ 70% જમીનનો સર્વે Real Time Kinematics(RTK) રોવરનો ઉપયોગ કરીને, 20% જમીનનો Robotic Total Station(RTS) ઉપયોગ કરીને અને 10% ડ્રોન ટેકનોલોજીનો જેવા આધુનિક સાધનો ઉપયોગ કરીને હાથ ધરવામાં આવશે.
(4) આ રિસર્વે મુજબ સરકારી વિભાગો દ્વારા ઉપયોગમાં લેવા માટે એક વ્યાપક Geographical Information System(GIS) ડેટાબેઝ સેટ કરી શકાય છે.
(A) ફક્ત 1 અન (B) 1, 2 અને 4 (C) 1 અને 3 (D) આપેલ તમામ

11. Tzield દવા વિશે નીચેનામાંથી કયું વિધાન સાચા ળ સાચું છે?
(1) આ દવા Type1 ડાયાબિટીસના કિલનિકલ નિદાન માટે મહિનાઓથી વર્ષો સુધીના નાણાકીય બોજને ઘટાડશે.
(2) આ દવા 10 વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકોને આપી શકાય છે, જેમને પ્રકાર 1 ડાયાબિટીસના પ્રારંભિક લક્ષણો હોય છે.
(3) આ દવાની સામાન્ય આડઅસરો અમુક શ્વેત રકતકણોના સ્તરમાં ઘટાડો, ચકામા અને માથાનો દુખાવો છે.
(A) 1 અને 3 (B) 2 ને 3 (C) ફક્ત 3 (D) આપેલ તમામ

**12. તાજેતરમાં કયા કેન્દ્રીય મંત્રાલય દ્વારા સ્વદેશ દર્શન 2.0 યોજના પ્રથમ તબક્કાની શરૂઆત જાન્યુઆરી 2023 માં નવી સ્થાનિક પ્રવાસન નીતિને પ્રમોટ કરવા માટે 15 રાજયોને નક્કી કરવામાં આવ્યું છે?**
(A) ગૃહમંત્રાલય (B) રક્ષા મંત્રાલય (C) શિક્ષણ મંત્રાલય (D) પર્યટન મંત્રાલય

**13. National Curriculum Framework વિશે નીચેનામાંથી કયુ વિધાન સાચા / સાચું છે?**
(1) આ ફ્રેમવર્ક યુવાનોને 21 મી સદીની જ્ઞાનાત્મક અને ભાષાકીય ક્ષમતાઓ વધારવા મદદ કરશે.
(2) આ ફ્રેમવર્ક નવી શિક્ષણ નીતિ 2020 ના અમલીકરણ માટે લેવામાં આવેલ એક મહત્વપૂર્ણ પગલું છે.
(3) આ ફ્રેમવર્કમાં બાળકોના શિક્ષણ માટે 'પંચકોશ' ના ખ્યાલને સૂચિબદ્ધ કરવામાં આવ્યો છે.
(4) આ ફ્રેમવર્ક અંર્તગત NCERT દ્વારા ધોરણ 3 મા પ્રવેશતા વિદ્યાર્થીઓ માટે વિદ્યા પ્રવેશ વિકાસાવવામાં આવ્યું છે.
(A) 1, 2 અને 3 (B) 2 અને 4 (C) 3 અને 4 (D) ફક્ત 1 અને 3

**14. તાજેતરમાં કયા સંસ્થા દ્વારા ભારતમાં સ્વાસ્થ્ય વીમા કવરેજને વિસ્તારવા માટે એક સલાહકાર સમિતિની રચના કરવામાં આવી છે?**
(A) LIC (B) IRDAI (C) Ayushman Bharat (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી.

**15. તાજેતરમાં કઈ સંસ્થાએ વિશ્વના સૌથી શકિતશાળી રોકેટ "ફાલ્કન હેવી" ને લોન્ચ કર્યુ?**
(A) NASA (B) SPACEX (C) ISRO (D) JAXA

**16. તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી વર્ચ્યુઅલ રીતે 3 દિવસીય ઇન્વેસ્ટ કર્ણાટક 2022 સમિટનું ઉદ્ઘાટન 2 નવેમ્બરના રોજ કયાં કરવામાં આવ્યું છે, જે એક વૈશ્વકિ રોકાણ સમિટ છે.**
(A) બેંગલુરૂં (B) ઉડુપી (C) કોલાર (D) મૈસુર

**17.** UK v India Young Professionals Scheme વિશે નીચેનામાંથી કયું વિધાન સાચા / સાચું છે ?
(1) આ યોજના પારસ્પરિક ધોરણે વર્ષ 2024ની શરૂઆતથી લાગુ કરવામાં આવશે.
(2) આ યોજના ભારતને યોજનાનો લાભ મેળવનાર પ્રથમ વિઝા–રાષ્ટ્રીય દેશ બનાવશે.
(3) આ યોજના ઈન્ડો–પેસિફિક ક્ષેત્ર સાથે યુનાઈટેડ કિંગડમના સંબંધોમાં પણ સુધારો કરશે.
(4) આ યોજના ભારતીયોને યુનાઈટેડ કિંગડમમાં બે વર્ષ સુધી કામ કરવા માટે જગ્યાઓ પ્રદાન કરશે, જેનાથી 18 થી 30 વર્ષની વયના 3,000 ડિગ્રી ધારક ભારતીયોને ફાયદો થશે.
(A) 1 અને 3 (B) 2, 3 અને 4 (C) ફક્ત 3 અને 4 (D) આપેલ તમામ

**18. તાજતેરમાં કયા રાજ્ય સરકાર દ્વારા ખેડુતોની લોન સુધી એક્સેસ વધારવા માટે કોમન ક્રેડિટ પોર્ટલ 'SAFAL' લોન્ચ કરવામાં આવ્યો છે?**
(A) ઓડિશા (B) ગુજરાત (C) મધ્યપ્રદેશ (D) આંધ્રપ્રદેશ

**19. તાજેતરમાં ભારત અને European Union (EU) વચ્ચે કેટલામી 'High level dialogue on migration and mobility' નું આયોજન કરવામાં આવ્યો છે?**
(A) 4 થી (B) 5 મી (C) 8 મી (D) 6 ઠ્ઠી

**20. તાજેતરમાં ઉત્તરભારતના કયા રાજ્યમાં પ્રથમ હાઈપરસ્કેલ ડેટા સેન્ટરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે?**
(A) ઉત્તરપ્રદેશ (B) પંજાબ (C) લદ્દાખ (D) હિમાચલ પ્રદેશ

**21. ઇન્વેસ્ટ કર્ણાટક 2022 સમિટ વિશે નીચેનામાંથી કયું વિધાન સાચા/ સાચું છે?**
(1) આ સમિટ ની થીમ Build for the World છે.
(2) આ સમિટમાં ખાણકામ, લોખંડ, સ્ટીલ અને સિમેન્ટ જેવા મુખ્ય ઉત્પાદન ક્ષેત્રોમાં 6 કંપનીઓ સાથે રૂ. 25,024 કરોડના સમજુતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.
(3) આ સમિટમાં 7 કંપનીઓએ 'Manufacturing - Green Hydrogen and Derivatives' સેક્ટરમાં રૂ.2.9 લાખ કરોડનું રોકાણ કર્યું છે. જેમાં ACME, ReNew, ABC, Avaada અને JSW કંપનીઓનો સમાવેશ થાય છે.
(A) 1 અને 2 (B) 1, 2 અને 3 (C) 1 અને 3 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ

**22. તાજેતરમાં ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓના મૂલ્યાંકન અને માન્યતાને મજબૂત બનાવવા માટે પેનલની રચના કરવામાં આવી છે. આ પેનલના અધ્યક્ષ નીચેનામાંથી કોણ હશે?**
(A) કે.રાધાકૃષ્ણન (B) ડૉ.જયશંકર તિવારી (C) ડૉ.સી.પી.સુબ્રમણ્યમ્ (D) ડૉ. વિશાલ દંગણ

**23. 'SAFAL' પોર્ટલ વિશે નીચેનામાંથી કયું વિધાન સાચા / સાચું છે.**
(1) આ પોર્ટલનું પુરૂનામ Simplified Application for Agricultural loan છે, જે ભારતનું પ્રથમ ઓનલાઈન કૃષિ ધિરાણ સુવિધા પોર્ટલ છે.
(2) આ પોર્ટલ ખેડુતો અને કૃષિ ઉદ્યોગ સાહસિકો માટે જાહેર અને ખાનગી ક્ષેત્રની બેંકો, પ્રાદેશિક ગ્રામિણ બેંકો, રાજય સહકારી બેંકો અને સ્મોલ ફાઈનાન્સ બેંક દ્વારા ઓફર કરવામાં આવતી લોન મેળવવા માટે 'one stop solution' તરીકે કાર્ય કરશે.
(3) આ પોર્ટલ લોન અરજી પ્રક્રિયાને સરળ બનાવી શકે છે જેનાથી ફક્ત બેંકોને ફાયદો થાય છે.
(4) આ પોર્ટલને કુશક ઓડિશા પોર્ટલ સાથે સંકિલત કરવામાં આવ્યું છે.
(A) 1, 2 અને 3 (B) 2 અને 3 (C) 1, 2 અને 4 (D) આપેલ તમામ

**24. તાજેતરમાં 'Lala Da Silva' કયા દેશના રાષ્ટ્રપતિ તરીકે ચૂટાયા?**
(A) બેલ્જિયમ (B) યુનાઈટેડ કિંગડમ (C) બ્રાઝિલ (D) ચીન

**25. તાજેતરમાં કયા રાજ્યે સિવિલ એર નેવિગેશન સર્વિસીસ ઓર્ગનાઈઝેશન એશિયા પેસિફિક કોન્ફરન્સનું આયોજન કર્યું છે?**
(A) ગોવા (B) પંજાબ (C) મણિપુર (D) નાગાલેન્ડ

**26. હાલ સમાચારમાં રહેનાર "માનગઢ ધામ કી ગૌરવ ગાથા" કાર્યક્રમ કયા રાજ્ય સાથે સંબંધ ધરાવે છે ?**
(A) રાજસ્થાન (B) મધ્યપ્રદેશ (C) ઉત્તરપ્રદેશ (D) બિહાર

**27. તાજેતરમાં કયા મંત્રાલયે સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ 2023 ટૂલકિટ લોન્ચ કરી?**
(A) શહેરી બાબતો અને પરિવાર કલ્યાણ મંત્રાલય (B) જળશકિત મંત્રાલય
(C) ગ્રામીણ વિકાસ મંત્રાલય (D) પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય

**28. હાલ ચર્ચામાં રહેનાર 'નો મની ફોર ટેરર' (No Money for Terror) સંમેલનનું આયોજન કયા કરવામાં આવશે?**
(A) નવી દિલ્હી (B) પેરિસ (C) જિનિવા (D) ન્યૂયોર્ક

**29. તાજેતરમાં કયા રાજય અથવા કેન્દ્રશાસિત પ્રદેશના ગર્વનર દ્વારા SAMRIDDHI 2022-23 યોજનાની શરૂઆત કરવામાં આવી છે?**
(A) નવી દિલ્હી (B) રાજસ્થાન (C) દિવ–દમણ અને દાદરાનગર અને હવેલી (D) ગુજરાત

**30. High Level Dialogue on Migration and Mobility (HLDOMM) વિશે નીચે માંથી કયુ વિધાન સાચા / સાચું છે?**
(1) આ સંવાદ બ્રેસલ્સ (બેલ્જિયમ) માં યોજાયું છે.
(2) આ સંવાદની 5 મી આવૃત્તિ વર્ષ 2021 માં નવી દિલ્હીખાતે યોજાયેલી હતી.
(3) આ ઉચ્ચ સ્તરીય સંવાદ માટેના ભારતીય પ્રતિનિધિઓમાં વિદેશ, ગૃહ બાબતો, કૌશલ્ય વિકાસ અને સાહસિકતા એ શ્રમ અને રોજગાર મંત્રાલયોના પ્રતિનિધિતો હતા
(4) આ ઉચ્ચ સ્તરીય સંવાદ સલામત, વ્યવસ્થિત અને નિયમિત સ્થળાંતરને પ્રોત્સાહન આપવા અને અનિયમિત સ્થળાંતર અટકાવવા સંબંધિત વિષયોની વિશાળ શ્રેણી પર કેન્દ્રીત છે.
(A) 1, 3 અને 4 (B) 1 અને 3 (C) 2 અને 3 (D) 3 અને

